CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૪

વર્ષ : ૧૬
અંક : ૨૧૧

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



## નાણા મંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં મીડલ ક્લાસને ઘણી રાહતો આપી

# વર્ષે ૧૨ લાખ સુધીની વાર્ષિક આવક પર કોઈ ઈનકમ ટેક્સ નહીં આપવો પડે

### MSME સેક્ટરના વિકાસ માટે ક્રેડિટ ગેરંટી કવરને માઈક્રો અને એન્ટરપ્રાઈઝીસ માટે ૫ કરોડથી વધારીને ૧૦ કરોડ કરવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નાણા મંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં ટેક્સપેયર્સ માટે મોટી જાહેરાત કરી છે. હવે વર્ષે ૧૨ લાખ સુધીની વાર્ષિક આવક પર કોઈ ઈનકમ ટેક્સ નહીં આપવો પડે. આ વ્યવસ્થા નવી ટેક્સ વ્યવસ્થા અંતર્ગત કરાઈ છે. આ પહેલા ૭ લાખ સુધીની કમાણી પર કોઈ ટેક્સ ન હતો. સ્ટાન્ડર્ડ ડિડક્શનને ૭૫,૦૦૦ હજાર રૂપિયા જ રખાયું છે. આ હિસાબે નવા ટેક્સ રિજિનનો વિકલ્પ પસંદ કરનારા માટે ૧૨.૭૫ લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં લાગે. તે ઉપરાંત ઈનકમ ટેક્સ રિટર્નને હવે ૪ વર્ષ સુધી ભરવાનો વિકલ્પ પણ અપાયો છે. તે ઉપરાંત, બજેટમાં મધ્યમ વર્ગને બીજી પણ કેટલીક રાહત અપાઈ છે.

નાણા મંત્રીએ બજેટ ૨૦૨૫ રજૂ કરતા પહેલા જ સંકેત આપી દીધો હતો કે, આ બજેટ સામાન્ય લોકો અને મીડલ ક્લાસને સમર્પિત હશે. આ સંકેતોને પોતાની જાહેરાતોથી સાચી સાબિત કરી બતાવી. નોકરીયાત અને મીડલ ક્લાસને ઈનકમ ટેક્સમાં મોટી છૂટ આપવામા આવી છે. બજેટમાં ટીડીએસ અને ટીસીએસ ઘટાડવાની પણ જાહેરાત કરવામા આવી છે. જેનાથી લોકોના હાથમાં વધુ રૂપિયા રહશે. સેલેરીમાંથી કપાતો ટીડીએસ ઓછો થઈ જશે. તે અંતર્ગત હવે ૧ લાખનું સ્ટાન્ડર્ડ ડિડક્શન કરાયું છે. તે ઉપરાંત બજેટમાં ભાડા પર મળતી છૂટ પણ ૨.૫ લાખ રૂપિયાથી વધારીને ૬ લાખ રૂપિયા કરવાનો પ્રસ્તાવ છે. વિદેશ મોકલવામાં આવતા રૂપિયાને પણ ૧૦ લાખ કરી દેવાયા છે. ટીટીએસ હવે માત્ર પાન કાર્ડ વિનાના લોકોનો જ કપાશે. અપડેટ રિટર્નની પણ સુવિધા આપવામાં આવી છે, જેનાથી ૯૦ લાખ કરદાતાઓને ફાયદો થશે. હવે ૪ વર્ષ સુધીમાં રિટર્ન ભરવાની છૂટ અપાઈ છે. આંકલન વર્ષમાં ફરીથી રિટર્ન એટલે કે અપડેટ રિટર્ન ભરી શકાશે. દાન પર મળતી છૂટની રકમ ૫થી વધારીને ૧૦ લાખ કરવામાં આવશે.

બજેટમાં એવી પણ જાહેરાત કરવામાં આવી છે કે, હવે બે પ્રોપર્ટી થવા પર ટેક્સપેયર્સ પર કોઈ ટેક્સ નહીં લગાવાય. અત્યાર સુધી તે એક પ્રોપર્ટી સુધી સીમિત હતો. ટીડીએસની મર્યાદાને ૧૦ લાખ કરી દેવાઈ છે.

ખેડૂતો માટે ધનધાન્ય યોજનાની જાહેરાત : રાજ્યો સાથે સહકારથી આ યોજના ચલાવાશે. ૧.૭ કરોડ ખેડૂતોને મદદ મળશે. સીતારમણે કહ્યુ કે, ગરીબ, યુવા, મહિલા, ખેડૂતોની ઉન્નતી પર ફોકસ રહેશે.

કિસાન ક્રેડિટ કાર્ડની લિમીટ વધારીને ૫ લાખ કરાઈ. કપાસનું ઉત્પાદન વધારવા માટે ૫ વર્ષનું મિશન, તેનાથી દેશનો કાપડ બિઝનેસ મજબૂત થશે. બિહારમાં મખાના બોર્ડ બનશે, તેનાથી નાના ખેડૂતો અને વેપારીઓને ફાયદો થશે. નાના ઉદ્યોગોને વિશેષ ક્રેડિટ કાર્ડ, પહેલા ૧૦ વર્ષમાં ૧૦ લાખ કાર્ડ ઈશ્યૂ કરાશે. દાળમાં આત્મનિર્ભરતા મેળવવા માટે છ વર્ષના મિશનની જાહેરાત કરી MSME સેક્ટરના વિકાસ માટે ક્રેડિટ ગેરંટી કવરને માઈક્રો અને એન્ટરપ્રાઈઝીસ માટે ૫ કરોડથી વધારીને ૧૦ કરોડ કરવામાં આવશે. જેમાં આગામી પાંચ વર્ષોમાં વધારાના ૧.૫ લાખ કરોડ રૂપિયાની ક્રેડિટ મળશે. ભારતના ફૂટવેર અને લેધર ક્ષેત્ર માટે મદદ ઉપરાંત લેધર વિનાના ફૂટવેર માટે યોજના છે. ઈન્ડિયા પોસ્ટને એક મોટા જાહેર લોજિસ્ટિક સંગઠનમાં ફેરવવામાં આવશે. ૫ આઈઆઈટીમાં એડિશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવાશે, સાથે જ આઈઆઈટી પટનાનો વિસ્તાર કરાશે. સરકાર વિશેષ આર્થિક ક્ષેત્રો અને માછલી પાલન ક્ષેત્રના ઉત્પાદનને જાળવા રાખવા માટે એક સક્ષમ માળખું બનાવશે. સ્ટાર્ટઅપ માટે ૧૦,૦૦૦ કરોડના રૂપિયાના યોગદાનથી ફંડની વ્યવસ્થા કરાશે. સરકાર પહેલી વખત પાંચ લાખ મહિલાઓ , એસસી અને એસટી ઉદ્યમીઓ માટે ૨ કરોડ રૂપિયા લોન આપશે. ડિજિટલ શિક્ષણ સંશાધનો સુધી પહોંચી સુનિસ્ચિત કરવા બધી સરકારી માધ્યમિક સ્કૂલો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી અપાશે.

૭ ટેરિફ હટાવવાનો નિર્ણય, હવે ૮ ટેરિફ જ રહેશે. ૩૬ જીવન રક્ષક દવાઓ પર કસ્ટમ ડ્યૂટી સંપૂર્ણ રીતે હટાવાઈ. ૬ લાઈફ સેવિંગ સવાઓ પર ૬ ટકા કસ્ટમ ડ્યૂજ રહેશે. હોસ્પિટલોમાં કેન્સર ડે કેર સેન્ટર બનાવાશે. કેન્સરની સારવારમાં વપરાતી દવાઓ સસ્તી થશે.

૨૦૪૭ સુધી ઓછામાં ઓછી ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઊર્જાનો વિકાસ દેશના ઊર્જા પરિવર્તન માટે જરૂરી છે. આ લક્ષ્યની પ્રાપ્તિ માટે ખાનગી ક્ષેત્રોની સાથે સક્રિય ભાગીદારી માટે પરમાણુ ઊર્જા અધિનિયમ અને પરમાણુ ક્ષતિ માટે નાગરિક દાયિત્વ અધિનિયમમાં સંશોધન કરાશે.

શહેરો માટે ડેવલપમેન્ટ સેન્ટર બનાવવા પ્રોજેક્ટ શરૂ કરશે સરકાર. શહેરોને વિકાસ કેન્દ્ર બનાવવાના પ્રસ્તાવોને અમલી બનાવવા માટે ૧ લાખ કરોડ રૂપિયાનું શહેરી પડકાર કોષ સ્થાપિત કરાશે. પીએમ સ્વનિધિ સ્કીમમાં લોનની સીમા વધારીને ૩૦ લાખ કરવાનો પ્રસ્તાવ. આંતરાષ્ટ્રીય વેપાર માટે ભારત ટ્રેડ નેટ ફ્ન્ડની સ્થાપના કરાશે. જે વેપાર દસ્તાવેજીકરણ અને ફંડ સમાધાન માટે એક એકીકૃત મંચ હશે. તેને આંતરાષ્ટ્રીય પ્રથાઓ અનુરૂપ બનાવાશે. ઈન્શ્યોરન્સ સેક્ટરમાં ફ્ઙ્ઢૈં રોકાણની મર્યાદા ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવાનો પ્રસ્તાવ.



## ૩૬ જીવનરક્ષક દવાઓને ડ્યૂટ ટેક્સ ફ્રી કરી દેવામાં આવી

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, ૩૬ જીવનરક્ષક દવાઓને ડ્યૂટ ટેક્સ ફ્રી કરી દેવામાં આવી છે. તમામ સરકારી હોસ્પિટલમાં કેન્સર ડે કેયર સેન્ટર બનાવામાં આવશે. કેન્સરની સારવાર માટે આપવામાં આવતી દવાઓ સસ્તી થશે. ૬ જીવન રક્ષક દવાઓ પર કસ્ટમ ડ્યૂટી ૫ ટકા કરી દેવામાં આવી છે.કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે સંસદમાં સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ પૂર્ણ બજેટ રજૂ કરી રહ્યા છે. આ દરમ્યાન તેમણે જાહેરાત કરી છે કે કેન્સરની ૩૬ દવાઓને સસ્તી કરી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે, સરકાર આગામી ત્રણ વર્ષોમાં તમામ જિલ્લા હોસ્પિટલોમાં ડેકેયર કેન્સર સેન્ટ સ્થાપિત કરવાની સુવિધા આપશે.

### સસ્તાં થશે ઇલેક્ટ્રિક વાહનો!

## બજેટમાં લિથિયમ બેટરી અને નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશનને લઈને મોટી જાહેરાત

આજે સંસદમાં પીએમ નરેન્દ્ર મોદી સરકારની ત્રીજી ઈનિંગનું પ્રથમ સંપૂર્ણ બજેટ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. આ વખતે બજેટમાં ખેડૂતો, મહિલાઓ, શિક્ષણ, મેડિકલ, MSME અને સ્ટાર્ટ-અપ ઉપરાંત મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે પણ ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. જેમાં ઈલેક્ટ્રિક વાહનોમાં ઉપયોગમાં લેવાતી લિથિયમ આયર્ન બેટરી મેન્યુફેક્ચરિંગમાં મળનારા છૂટ પણ સામેલ છે. તેનાથી ઈલેક્ટ્રિક વાહનો સસ્તાં થવાની આશા છે.

બજેટ ભાષણ દરમિયાન કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે 'કોબાલ્ટ પાઉડર અને કચરો, લિથિયમ આયર્ન બેટરીના સ્ક્રેપ, સીસું, જસત અને ૧૨ અન્ય મહત્ત્વપૂર્ણ ખનીજોને છૂટ આપવામાં આવશે. આ ઉપરાંત ઈલેક્ટ્રિક વાહનો માટે લિથિયમ-આયર્ન બેટરી નિર્માણ હેતુ ૩૫ વધારાની વસ્તુઓને કસ્ટમ ડ્યુટીમાંથી રાહત આપવામાં આવશે. આ વખતના બજેટમાં ખેડૂતો, મહિલાઓ, શિક્ષણ, મેડિકલ, MSME અને સ્ટાર્ટ-અપ ઉપરાંત મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે પણ જાહેરાત કરવામાં આવી છે. સરકારની મેક ઈન ઈન્ડિયા યોજનાને વધુ પ્રોત્સાહન આપવા માટે નાણાંમંત્રી સીતારમણે જાહેરાત કરી હતી કે નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશનને વધુ મજબૂત કરવામાં આવશે, જેનો લાભ ઑટો સેક્ટરને પણ મળશે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે ઘણી મોટી જાહેરાતો કરી. આ દરમિયાન પોતાના ભાષણમાં કહ્યું કે 'અમારી સરકાર એક નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશનનું સેટઅપ કરશે. જે મોટા, મધ્યમ અને નાના ઉદ્યોગોને કવર કરશે. આ મિશન કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્યો બંને માટે પોલિસી સપોર્ટ, એક્ઝિક્યુશન રોડમેપ સાથે ગર્વનન્સ અને મોનિટરિંગનું ફ્રેમવર્ક પૂરું પાડશે. તેમણે કહ્યું કે 'આ મિશન પર્યાવરણને સારું બનાવવા માટે ક્લાઈમેટ ફ્રેન્ડલી ડૅવલોપમેન્ટ સાથે-સાથે ક્લીન ટેક મેન્યુફેક્ચરિંગમાં પણ સુધારો કરવામાં આવશે. આ સ્કીમનો ટાર્ગેટ ડોમેસ્ટિક વેલ્યુ એડિશનમાં સુધારો કરવાનો છે. જેના અંતગર્ત સોલાર પીવી સેલ્સ, ઈલેક્ટ્રિક વ્હીકલ બેટરી, મોટર, કંટ્રોલર, ઈલેક્ટ્રોલાઈસર્સ, વિંડ ટર્બાઈન, હાઈ વોલ્ટેજ ટ્રાન્સમિશન અને ગ્રિડ સ્કેલ બેટરીના મેન્યુફેક્ચરિંગને મદદ પૂરું પાડવાનો છે.' આ વખતે બજેટમાં સ્ટાર્ટ-અપને પણ એક મોટી ભેટ મળી છે. નાણાંમંત્રીએ પોતાના ભાષણમાં કહ્યું કે 'સ્ટાર્ટઅપ આ માટે લોન એમાઉન્ટની સીમાને વધારીને હવે ૨૦ કરોડ રૂપિયા કરી દેવામાં આવી છે. જે અત્યાર સુધી ૧૦ કરોડ સુધી સીમિત હતી. આ સપોર્ટ સ્ટાર્ટ-અપ સેક્ટરના ૨૭ અલગ-અલગ એરિયામાં આપવામાં આવશે.'તેનો મોટો લાભગ દેશના ઑટો સેક્ટરમાં પણ જોવા મળશે. થોડા વર્ષોમાં દેશમાં ઘણા નવા સ્ટાર્ટ-અપે એન્ટ્રી કરી છે જે ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદન અને વેચાણ સાથે જોડાયેલા છે.

### જાણો શું શું આપ્યું રાજ્યને?

## બિહાર ઉપર સૌથી વધુ મહેરબાન મોદી સરકાર

બિહારને બજેટથી બચાવવામાં વ્યસ્ત મોદી સરકારે ૭ મોટી જાહેરાતો કરી છે. આ જાહેરાતો દ્વારા બિહારના વિવિધ વિસ્તારો પ્રભાવિત થયા છે. જ્યાં પટના એરપોર્ટ અને આઈઆઈટીના વિસ્તરણની વાત કરીને બિહારના મગધને આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

મિથિલાંચલનું સંચાલન માખાના બોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે. વેસ્ટને કોસી કેનાલ અને શાહબાદ દ્વારા બિહતા દ્વારા સીમાંચલના લોકોને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે. મોદી સરકારની આ જાહેરાતોને આ વર્ષના અંતમાં યોજાનારી ચૂંટણી સાથે જોડવામાં આવી રહી છે.

બિહારમાં ચૂંટણીના વર્ષમાં વિશેષ દરજ્જાની માંગ ચર્ચામાં છે. ચૂંટણીનું વર્ષ હોવાથી પક્ષો પણ આ મુદ્દો ઘણો ઉઠાવી રહ્યા છે. એક સમયે નીતિશ પોતે બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માંગ કરી રહ્યા હતા. કેન્દ્રએ બિહારને વિશેષ દરજ્જો નથી આપ્યો, પરંતુ ૭ મોટી જાહેરાતો કરીને નીતિશનો રસ્તો ચોક્કસથી સરળ કરવાનો પ્રયાસ કર્યો છે. નીતીશ કેન્દ્ર સરકારમાં મુખ્ય હિસ્સેદાર છે. આ સાથે જ બિહારમાં કેન્દ્રની સત્તારૂઢ ભાજપે નીતિશના ચહેરા પર બિહારની ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.

**મિથિલાંચલથી સીમાંચલ સુધી ૭ મોટી જાહેરાતો**

- બજેટ રજૂ કરતી વખતે નિર્મલા સીતારમણે કહ્યું છે કે મખાના બોર્ડની રચના કરવામાં આવશે. બોર્ડ મારફત માખાના વ્યવસાયને સુલભ બનાવવામાં આવશે. તેમજ આ માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવશે.
- IIT પટનાનું વિસ્તરણ થશે.વિસ્તરણના ભાગરૂપે નવી સુવિધાઓ ઉમેરવામાં આવશે. આ ઉપરાંત IITની સીટો પણ વધારવામાં આવશે. IIT પટનાની સ્થાપના વર્ષ ૨૦૦૮-૦૮માં કરવામાં આવી હતી.
- બિહારમાં નેશનલ ફૂડ ટેક્નોલોજી ઇન્સ્ટિટ્યૂટ ખોલવામાં આવશે. તે ક્યાં ખુલશે તેની અંતિમ જાહેરાત હજુ કરવામાં આવી નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે તેને જમુઈ અથવા હાજીપુરમાં ખોલવામાં આવી શકે છે. ફૂડ પ્રોસેસિંગ મંત્રાલય હાલમાં હાજીપુરના સાંસદ ચિરાગ પાસવાન પાસે છે.
- સરકારે પશ્ચિમ કોસી કેનાલના કામ માટે અલગ બજેટની પણ જાહેરાત કરી છે. તેના પૂર્ણ થવાથી બિહારના દરભંગા અને મધુબની વિસ્તારમાં સિંચાઈનું કામ સરળ બનશે. આની માંગ ઘણા સમયથી કરવામાં આવી રહી છે.
- બિહતા એરપોર્ટના વિસ્તરણની પણ વાત થઈ છે. આ એરપોર્ટ હજુ નિર્માણાધીન છે. અહી આધુનિક સુવિધાઓ પુરી પાડવાનું કહેવામાં આવ્યું છે.
- પટના એરપોર્ટના વિસ્તરણની વાત થઈ છે. પટના બિહારની રાજધાની છે અને ત્યાં આધુનિક સુવિધાઓ સાથેનું એરપોર્ટ બનાવવાની માંગ ઘણા સમયથી કરવામાં આવી રહી છે.
- બિહારમાં ૩ નવા ગ્રીન ફિલ્ડ એરપોર્ટ બનાવવાની વાત થઈ છે. ભાગલપુર, રાજગીર ઉપરાંત આ એરપોર્ટ સોનપુરમાં પ્રસ્તાવિત છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે નિર્મલાએ કેન્દ્રીય બજેટમાં આની જાહેરાત કરી છે.
- બિહારમાં આ વર્ષના અંતમાં ૨૪૩ વિધાનસભા બેઠકો પર ચૂંટણી યોજાવાની છે. બીજેપી અને નીતીશ કુમારની એનડીએ ઈન્ડિયા એલાયન્સ સાથે સીધી સ્પર્ધામાં છે, ૨૦૨૦માં, એનડીએ ખૂબ જ નજીકની હરીફાઈમાં જીતી હતી. આ વખતે પ્રશાંત કિશોરની પાર્ટી પણ બિહાર ચૂંટણીને ત્રિકોણીય બનાવવામાં વ્યસ્ત છે

## આ બજેટ મધ્યમ વર્ગના ખિસ્સા ભરનારું : વડાપ્રધાન

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે બજેટ ૨૦૨૫ રજૂ કર્યું હતું. આ દરમિયાન તેમણે વિવિધ ક્ષેત્રો માટે ઘણી જાહેરાતો કરી હતી. ઉપરાંત, આ બજેટમાં મધ્યમ વર્ગને મોટી રાહત આપવામાં આવી છે.૧૨ લાખ રૂપિયા સુધીનો ટેક્સ હટાવી દેવામાં આવ્યો છે. ત્યારે



બજેટ અંગે વડપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, બજેટ ૨૦૨૫ બચત, રોકાણ, વૃદ્ધિ અને વપરાશમાં વધારો કરશે. જનતાના આ બજેટ માટે હું નાણાંમંત્રી નિર્મલા સીતારમણ અને તેમની આખી ટીમને અભિનંદન આપું છું. સામાન્ય રીતે બજેટનું ધ્યાન સરકારી તિજોરી કેવી રીતે ભરવામાં આવશે તેના પર હોય છે. પરંતુ આ બજેટ તેનાથી બિલકુલ વિપરીત છે. બજેટ દેશના નાગરિકોના ખિસ્સા કેવી રીતે ભરશે અને તેમની બચત કેવી રીતે વધશે તેના પર ભાર મૂકાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, પરમાણુ ઊર્જામાં ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપ વું એ એક ઐતિહાસિક નિર્ણય છે. બજેટમાં રોજગારના તમામ ક્ષેત્રોને દરેક રીતે પ્રાથમિકતા આપવામાં આવી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો મળવાથી ભારતમાં મોટા જહાજોના નિર્માણને પ્રોત્સાહન મળશે. દરેક વ્યક્તિ જાણે છે કે જહાજ નિર્માણ એ ક્ષેત્ર છે જે મહત્તમ રોજગાર પૂરું પાડે છે. પ્રવાસન એ ક્ષેત્ર પણ છે જે મહત્તમ રોજગાર પ્રદાન કરે છે. આ ક્ષેત્ર, જે ચારે બાજુ રોજગારની તકો ઊભી કરશે, તે ઊર્જાના સ્ત્રોત તરીકે કામ કરશે. આજે દેશ આ મંત્ર સાથે આગળ વધી રહ્યો છે. ખેડૂતો અને ટેક્સને અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, બજેટમાં ખેડૂતો માટે કરવામાં આવેલી જાહેરાતો કૃષિ ક્ષેત્ર અને સમગ્ર ગ્રામીણ વ્યવસ્થામાં એક નવી ક્રાંતિનો આધાર બનશે. કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા વધારીને ૫ લાખ રૂપિયા કરવાથી તેમને વધુ મદદ મળશે. આ બજેટમાં ૧૨ લાખ રૂપિયા સુધીની આવકને કરમુક્તિ આપવામાં આવી છે.

# ધોરણ-૧૦માં ગણિત સ્ટાન્ડર્ડ, બેઝિકના અલગ પુસ્તકો તૈયાર કરવાની વિચારણા

## પ્રાપ્ત માહિતી અનુસાર, ધોરણ-૧૦માં અત્યાર સુધી ગણિત વિષયનું એક જ પેપર તમામ વિદ્યાર્થીઓ માટે લેવામાં આવતું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બેઝિક ગણિત અને સ્ટાન્ડર્ડ ગણિતનું અલગ પુસ્તક મળે તે પ્રકારની વિચારણા ચાલી રહી છે. તાજેતરમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે શિક્ષણમંત્રીની અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં ધોરણ-૧૦માં ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત ઘટાડા સહિતના પ્રશ્નો ચર્ચાયા હતા. જેના નિરાકરણ રૂપે સંઘો દ્વારા ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકનું પુસ્તક અલગ કરવામાં આવે તો વિદ્યાર્થી સંખ્યા વધારવામાં મદદ મળી શકે તેવું તારણ રજૂ કર્યું હતું. જેના પગલે શિક્ષણમંત્રી દ્વારા બે પુસ્તકો અલગ કરવા અંગે વિવિધ સૂચનો મેળવ્યા બાદ તે અંગે આગળ કાર્યવાહી કરવાનું નક્કી કરાયું હોવાનું જાણવા મળે છે. બેઠકમાં બે પુસ્તકો અલગ કરવાને લઈ હકારાત્મક વલણ હોવાનું પણ સામે આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, ધોરણ-૧૦માં અત્યાર સુધી ગણિત વિષયનું એક જ પેપર તમામ વિદ્યાર્થીઓ માટે લેવામાં આવતું હતું. પરંતુ ત્રણેક વર્ષ પહેલા ગણિત વિષયમાં બે ભાગ કરાયા હતા. જેમાં જે વિદ્યાર્થીઓ ગણિત વિષય સાથે આગળનો અભ્યાસ કરવા માગતા હોય તેમના માટે ગણિત સ્ટાન્ડર્ડનું પેપર અને જે વિદ્યાર્થીઓ ગણિત વિષય વગર આગળનો અભ્યાસ કરવા માગતા હોય તેમના માટે ગણિત બેઝિક વિષયની પરીક્ષા લેવાનો નિર્ણય કરાયો હતો. જોકે, આ સમગ્ર પ્રક્રિયામાં માત્ર પરીક્ષામાં પેપર જ અલગ લેવામાં આવતું હતું. પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન અભ્યાસક્રમ માટે એક જ પુસ્તક અમલમાં હતી. આ પુસ્તકમાંથી સરળ પેપર નીકળે તે ગણિત બેઝિક અને અઘરું પેપર નીકળે તે ગણિત સ્ટાન્ડર્ડ તરીકે ગણાતું હતું. જોકે, આ નિર્ણય લેવામાં આવ્યા બાદ દર વર્ષે ગણિત સ્ટાન્ડર્ડ વિષય લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો હતો. જેના પગલે ધોરણ-૧૧ અને ૧૨ સાયન્સમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો થતો હોવાનું જાણવા મળે છે. શિક્ષણ બોર્ડની આગામી ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થનારી પરીક્ષા માટે પણ ગણિત વિષયમાં કુલ ૮૪૫૩૯૨ વિદ્યાર્થી નોંધાયા છે. જેમાંથી ગણિત બેઝિક પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૭૮૪૦૭૮ છે અને ગણિત સ્ટાન્ડર્ડ પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૧૩૧૪ જેટલી છે. આમ, ગણિત સ્ટાન્ડર્ડ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૭.૨૫ ટકા જેટલી જ છે. દર વર્ષે આ સંખ્યામાં ઘટાડો થતો હોવાની વિગતો પણ સામે આવી છે. દરમિયાન, વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે તાજેતરમાં શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને એક બેઠકનું આયોજન કરાયું હતું. જેમાં ધોરણ-૧૦માં ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં થઈ રહેલા ઘટાડા અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેથી બેઠકમાં હાજર શિક્ષણ બોર્ડના સભ્ય દ્વારા વિવિધ સંગઠનો તરફથી મળેલા સૂચનો રજૂ કર્યા હતા. જેમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકનું પુસ્તક અલગ કરી વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે તો ફાયદો થાય તેમ હોવાનું જણાવ્યું હતું. જેથી શિક્ષણમંત્રી દ્વારા આ મુદ્દે વધુ રિસર્ચ કરી આગળ નિર્ણય લેવામાં આવશે તેવી બાંહેધરી આપી હતી. આમ, ગણિત વિષયમાં બે પુસ્તકો તૈયાર કરવાને લઈને સઘન ચર્ચા કરવામાં આવ્યા બાદ આ મુદ્દે શિક્ષણ વિભાગ આગળ વધી રહ્યું હોવાનું સામે આવ્યું છે.

## ગુજરાતમાં એક વર્ષમાં લીકર પરમિટના અરજદારો ૫૦% ઘટ્યાં

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાતમાં લિકર પરમિટના અરજદારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૩માં ૬ મોટા શહેરમાંથી ૭૪૪૦ જ્યારે ૨૦૨૪માં માત્ર ૩૪૯૯ને નવી પરમિટ આપવામાં આવી છે. જેમાં દારૂ પીવા માટે ૬ પ્રકારની પરમિટ મળે છે. હેલ્થ પરમિટમાં સ્વાસ્થ્યને આધારે 'દવા' તરીકે જરૂરી હોય તેવી વ્યક્તિને પરમિટ અપાય છે. હંગામીમાં કામચલાઉ-ટુરિસ્ટમાં એક મહિના, રાજ્ય બહારની વ્યક્તિને ૭ દિવસ જ્યારે ગ્રુપ પરમિટમાં વિદેશી નાગરિકને કોન્ફરન્સ માટે પરમિટ આપવામાં આવતી હોય છે. મેડિકલમાં જરૂર હોય તેવી વ્યક્તિને તત્કાલ પરમિટ આપવા પણ જોગવાઈ છે. ગુજરાતમાંથી અનેક લોકો તણાવ, અનિદ્રા જેવી બીમારીનું કારણ બતાવીને હેલ્થ પરમિટ લેતા હોય છે. ગુજરાતમાં હાલ અંદાજે ૪૩ હજારથી વધુ લોકો પાસે દારૂની પરમિટ છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૪માં જે શહેરમાંથી દારૂની પરમિટ માટે સૌથી વધુ નવીપરમિટ અપાઈ છે તેમાં સુરત ૭૦૩ સાથે મોખરે છે. સુરતમાં ૨૦૨૩માં ૧૧૪૩ને દારૂની પરમિટ આપવામાં આવી હતી.

## નકલી વેબસાઇટના કારણે ગુમાવ્યા રૂ.૭૦ હજાર

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મંદિરના દર્શન કરવા રાજ્યના વિવિધ જિલ્લાઓ અને અન્ય રાજ્યોમાંથી ભક્તો આવે છે. દૂર દૂરથી આવતા મુલાકાતીઓ રાત્રી રોકાણ માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવતી સુવિધાઓનો ઉપયોગ કરે છે પરંતુ ઘણી વખત ઓનલાઈન બુકિંગ કરતી વખતે કેટલાક લોકો સમાન નામવાળી વેબસાઈટમાં ફસાઈને છેતરપિંડી નો શિકાર બને છે. અમદાવાદના બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ૫૮ વર્ષીય નિવૃત્ત પરેશ પટેલ દ્વારા નોંધાવવામાં આવેલી એફઆઈઆર મુજબ, પરેશ પટેલ ૨૪મી નવેમ્બરે તેમના પરિવાર સાથે સોમનાથ મંદિરે જવાના હતા. જે માટે સોમનાથમાં રૂમ બુકિંગ માટે સોમનાથ ટ્રસ્ટ રૂમ બુકિંગ માટે ગૂગલ પરથી સર્ચ કરવામાં આવ્યું હતું. સર્ચ કર્યા પછી https://somnathtempl[a]rustgujarat.in// પાનું ખોલ્યું. જેમાં આપેલા સંપર્ક નંબર ૯૬૬૧૩૬૮૭૬૭ પર ફોન કરતાં વ્યક્તિએ હિન્દીમાં વાત કરી હતી.

સોમનાથ ટ્રસ્ટના રૂમ બુકિંગ માટે ગૂગલ પર સર્ચ કરતાં વેબસાઈટ અને નંબર દ્વારા સંપર્કમાં આવેલા વ્યક્તિએ ૨૪મી નવેમ્બરે ત્રણ રૂમ બુક કરાવવા માટે રૂ. ૫,૦૦૦ એડવાન્સ ચૂકવવાનું કહ્યું હતું. એસી અને નોન-એસી રૂમ બુકિંગ માટે વોટ્સએપ નંબર દ્વારા વિગતો મોકલવામાં આવી હતી, જેમાં નાસ્તો, લંચ, ડિનર, ફ્રી વાઈ-ફાઈ, ફ્રી પેકિંગ અને જીએસટી ચાર્જનો સમાવેશ થાય છે. બુકિંગ માટે આઈડી કાર્ડ પણ મોકલવામાં આવ્યું હતું. એક અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલવામાં આવેલી બેંક વિગતોમાં ફરિયાદીને રૂા. ૫૦૦૦નું એડવાન્સ મોકલવામાં આવ્યું હતું. બાદમાં સિક્યોરિટી ડિપોઝિટ તરીકે રૂ. ૮૧૦૦ માગવામાં આવ્યા હતા, જે હોટેલમાંથી ચેક આઉટ કરતી વખતે પરત કરવાનું કહેવામાં આવ્યું હતું. આ રકમ મોકલવા માટે, અન્ય બેંકની વિગતો મોકલવામાં આવી હતી, જેમાં સિક્યોરિટી તરીકે ૮,૧૦૦ રૂપિયાનો સ્ક્રીનશોટ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો અને તે પણ શેર કરવામાં આવ્યો હતો. આ પછી છેતરપિંડી કરનારે અલગ-અલગ બહાને ૫ ટ્રાન્ઝેક્શન કરીને કુલ ૬૯,૬૭૮ રૂપિયા જમા કરાવ્યા હતા. આ પછી વધુ પૈસાની માંગણી કરવામાં આવતાં ફરિયાદીને બુકિંગ અંગે શંકા ગઈ હતી અને ફરી એકવાર તેના મોબાઈલમાંથી સોમનાથ ટ્રસ્ટની વેબસાઈટ સર્ચ કરતાં સોમનાથ ટ્રસ્ટની વાસ્તવિક વેબસાઈટ મળી આવી હતી. જેમાં રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર કોલ કરીને બુકિંગની વિગતો શેર કરતાં જાણવા મળ્યું કે કોઈ બુકિંગ થયું નથી. જે પછી વ્યક્તિને તેની સાથે થયેલી નાણાકીય છેતરપિંડી વિશે જાણ થઈ. જે નંબર પર રૂમનું બુકિંગ કરાવ્યું હતું તે નંબર પર ફોન કરીને બુકિંગ કરાવનાર વ્યક્તિ સાથે વાત કર્યા બાદ તેણે મોકલેલી રકમ રિફંડની માંગણી કરીને ના પાડવાનું શરૂ કર્યું હતું.

## સંગઠિત ગુના આચરતી ટોળકી વિરૂધ્ધ ગુજસીટોક એક્ટ હેઠળ ગુનો દાખલ

### આ ૪૮ વર્ષીય વ્યક્તિ વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૬૩ અને ૩૬૪ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો

। અમદાવાદ, તા.૧ ।

સ્ટેટ મોનીટરિંગ સેલ ને પોલીસ સ્ટેશનનો દરજ્જો મળતા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાટના હસ્તે આજે સ્ટેટ મોનીટરિંગ સેલ પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યું હતું. ગાંધીનગર પોલીસ ભવન ખાતે સ્ટેટ મોનીટરિંગ સેલની કચેરીમાં આ પોલીસ સ્ટેશન કાર્યરત થયું છે. આ પોલીસ સ્ટેશનમાં અનેક ગુનાઓમાં સંડોવાયેલી આશિષ અગ્રવાલ ગેંગ વિરૂધ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંટા અને ગાંધીનગર જિલ્લાઓમાં સંગઠિત ગુના આચરતી ટોળકીના આશિષ ઉર્ફે આસુ આર.અગ્રવાલ અને વિનોદ ઉર્ફે વિજય મુરલીધવ સિંધી ઉદવાણી સહિતમા ૧૦ શખ્સોની ટોળકી સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ ચટોળકી સામે દાખલ થયેલા ગુનાઓમાં પ્રોહિબિશન અને આઈપીસી વગેરે ગનાઓ નોંધાયેલા છે.

જે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડની કલમ હેઠળ ત્રણ વર્ષથી વધુ સજાપાત્ર ગંભીર ગુનાઓ છે. આ ટોળકી વિરૂધ્ધ છેલ્લા દસ વર્ષમાં ૧૬ ગુનાઓમાં કોર્ટે ન્યાયિક નોંધ લઈને તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. આ ટોળકીના તમામ સભ્યોના ગુનાહિત જોતા સમામ સભ્યો વિરૂધ્ધ ૫૦૦થી વધુ ગુનાઓ દાખલ થયેલા છે. જેને પગલે તેમની સામે ગુજસીટોક હેઠળ સ્ટેટ મોનિટરીંગ સેલમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ગેંગના શખ્સોએ એકબીજા સાથે મળી કાવતરૂ ઘડીને ગુજરાતમાં પ્રતિબંધિત વિદેશી દારૂના ગેરકાયદેસર રીતે આયાત કરાવી, ગુજરાત રાજ્યનવી હદમાં વિદેશી દારૂનું પરિવહન કરી, વહેંચણી અને વેચાણ કરાવ્યું હોવાનું બહાર આવ્યું હતું.

## રાજકોટમાં મહાનગર પાલિકાએ શહેરીજનો પર ફાયર ટેક્સ લગાવ્યો

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

રાજકોટમાં મહાનગર પાલિકાએ શહેરીજનો પર ફાયર ટેક્સ લગાવ્યો છે. સ્ટ્રીટલાઈટ, પાણી, મકાન, રસ્તા વગેરે પર લાદવામાં આવેલા કર બાદ ફાયર ટેક્સ પણ પ્રજાએ ભરવો પડશે. ચૂંટણીના વર્ષમાં પણ વેરા વધારાની દરખાસ્ત કરાતા પ્રજાનું ખિસ્સાનું ભારણ વધશે. મળતી માહિતી મુજબ, રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડ બાદ મ્યુનિસિપલ તંત્ર સફાળું જાગ્યું છે. રહેણાંકો માટે રૂપિયા ૧૫ અને કોમર્શિયલ ઉપયોગ પર રૂપિયા ૨૫ ફાયર ટેક્સ લગાવાયો છે. રાજકોટ મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર રજૂ કર્યુ છે. સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મ્યુનિસિપલ કમિશનર દ્વારા રૂપિયા ૩૧૧૨.૨૯ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. કમિશ્નર દ્વારા નવા વેરામાં રૂપિયા ૧૫૦ કરોડનો વધારો સૂચવવામાં આવ્યો છે, જેમાં નવો ફાયર ટેકસ, ડોર ટુ ડોર ટેકસમાં પણ વધારો કરવાનું સૂચન કર્યુ છે.

### ગઠિયાઓએ રૂ.૨૬.૧૫ લાખ પડાવ્યા

## જુનાગઢના યુવાનને ડિજીટલ અરેસ્ટ કરી છેતરપિંડી કરાઈ

। (એજન્સી) જૂનાગઢ, તા.૧ ।

જુનાગઢમાં રહેતા એક યુવાનને સાયબર ગઠિયાઓએ મુંબઈ ક્રાઈમબ્રાન્ચના અધિકારીની ઓળખ આપી તાઈવાન મોકલેલા પાર્સલમાં ડ્રગ્સ મળ્યું છે. જેમાં તમારા આધારકાર્ડનો ઉપયોગ થયો છે. તેવી વાત કરી જેલનો ડર બતાવી યુવાનને ડિજીટલ અરેસ્ટ કર્યો હતો. બાદમાં જેલમાં જવું ન પડે તે માટે અલગ-અલગ ખાતાઓમાંથી કુલ ૨૬.૧૫ લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરી હતી. આ અંગે ફરિયાદ થતા આજે જુનાગઢ સાયબર પોલીસે અજાણ્યા ગઠિયાઓ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. શહેરના શશીકુંજ રોડ પર આવેલી ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં રહેતા અને બેંગ્લોરની કંપનીમાં સિનીયર કન્સલ્ટન્ટટ તરીકે નોકરી કરતા મનન શશીકાંત મહેતા વર્ક ફ્રોમ હોમ કરતા હતા. ત્યારે મુંબઈની ડીએચએલ કુરીયર કંપનીના કસ્ટમર ઓફિસર અમિતકુમાર બોલું છું. તેમ અંગ્રેજીમાં વાત કરી હતી. તમારા નામની એક પાર્સલ તાઈવાનના એડ્રેસ પર મોકલવામાં આવ્યું છે. જે મુંબઈ કસ્ટમ દ્વારા ડિટેઈન કરવામાં આવ્યું છે. જેમાં તમારા આધારકાર્ડનો ઉપયોગ થયો છે. આ પાર્સલમાં ૪ કિલો કપડા, એક લેપટોપ, પાંચ પાસપોર્ટ અને ૨૦૦ ગ્રામ એમડી ડ્રગ્સ અને ૩૫ હજાર મળ્યા છે.

### પાલિકા દ્વારા નવા રોડ રસ્તાઓ બનાવવામાં આવી રહ્યા છે

## જામનગર શહેરમાં સાતમો રોડ શરૂ કરવા વહીવટી તંત્રની કવાયત

। (એજન્સી) જામનગર, તા.૧ ।

જામનગર મહાનગર પાલિકા દ્વારા નવા રોડ રસ્તાઓ બનાવવામાં આવી રહ્યા છે અને જામનગરના સાત રસ્તા પૈકીનો સાતમો રસ્તો, કે જે ઘણા સમયથી બંધ હતો, તેને પુનઃ શરૂ કરવા માટેની તંત્ર દ્વારા કવાયત કરવામાં આવી રહી છે. જામનગરના લાખોટા તળાવની પાળ આરટીઓ કચેરી વાળા માર્ગેથી છેક સાત રસ્તા સર્કલ સુધીનો ૧૮ મીટરનો પહોળો રસ્તો બનાવવા માટેની તંત્ર દ્વારા કવાયત શરૂ કરી દેવામાં આવી છે અને તેનું સર્વે હાથ ધરવામાં આવ્યું છે. જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદી તેમજ જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ જાતે હાજર રહ્યા હતા, અને તેઓની આગેવાનીમાં એસ્ટેટ શાખાની ટીમ, પોલીસ વિભાગની ટુકડી સહિત અલગ અલગ ટીમ દ્વારા તળાવની પાળ થી સાત રસ્તા સુધીના માર્ગ પર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. હાલ ઉપરોક્ત રસ્તો કાઢવા માટે જૂના સીટી એ. ડિવિઝન વાળું બિલ્ડીંગ, ઉપરાંત ગ્રામીણ બેંક, ક્ષાર નિવારણની કચેરી, એલસીબીની કચેરી, એસઓજી શાખાની કચેરી, આરટીઓ કચેરીનો અમુક હિસ્સો વગેરે માર્ગની વચ્ચે આવતા હોવાથી તેને ખુલ્લો કરવા માટે અથવા તો જગ્યા ખુલી કરવા માટેનું હાલ સર્વે હાથ ધરવામાં આવી રહ્યું છે. ઉપરાંત આ માર્ગે એક ધાર્મિક સ્થળ પણ આવેલું હોવાથી તેને પણ ખસેડવાની કામગીરી હાથ ધરાય તેમ મનાઈ રહ્યું છે. જે સમગ્ર મામલે હાલ સર્વે કરવામાં આવી રહ્યું છે, અને નજીકના ભવિષ્યમાં માર્ગ તૈયાર કરીને પ્રજાજનો માટે ખુલ્લો મુકાશે. જૂની આરટીઓ કચેરી પાસે હાથથી ચાલતી અથવા તો બેટરી અને ઈલેક્ટ્રીક થી ચાલતી અન્ય બાળકોની રાઇડ ફરીથી શરૂ થઈ ગઈ હોવાથી જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા તાત્કાલિક અસરથી તમામ રાઈડ બંધ કરીને ત્યાંથી ઉપડાવી લીધી છે.

### ધરમ કરતા ધાડ પડી

## રસ્તા પર નિર્જન પડેલાની મદદ કરવા જતાં દંપતી પર જીવલેણ હુમલો, પતિનું મોત

। (એજન્સી) પંચમહાલ, તા.૧ ।

ધરમ કરતા પડી ધાડ આ ઉક્તિને યથાર્થ ઠેરવતો કિસ્સો પંચમહાલના હાલોલ તાલુકામાં બન્યો છે, જ્યાં મદદ કરવા જતા મોત મળી ગયું. એક નિર્જન રસ્તા પર બેભાનની જેમ પડી રહેલા યુવાનને ઉઠાડી તેની મદદ કરવા પ્રયત્ન કરતા એક દંપતી પર આ યુવાને હુમલો કરતા પતિને ગંભીર ઈજાઓ પહોંચતા કમકમાટી ભર્યું મોત નીપજ્યું! હાલોલના કંજરી ગામે રહેતા લાલભાઇ નાનજીભાઈ નાયક ઉંમર વર્ષ ૩૫ પોતાની પત્ની મંજુલા સાથે ગત ૨૯ જાન્યુઆરીના રોજ બળતણના લાકડા કાપવા ખેતરમાં જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તામાં એક યુવાન અર્ધબેભાન અવસ્થામાં પડી રહ્યો હતો. લાકડા કાપવા જતા લાલભાઈ અને તેમના પત્નીને યુવાનની મદદ કરવાની ઈચ્છા થતા લાલાભાઈ એ યુવકને ઉઠાડી નામ અને સરનામું પૂછ્યું. અર્ધબેભાન અને માનસિક અસ્થિર લાગતા યુવકનું કોઈ નજીકમાં ઓળખીતું ન હોય વિડિઓ બનાવી મદદ કરવાનો વિચાર કર્યો. લાલભાઈ એ અર્ધ મૂર્છિત યુવકનો વિડિઓ બનાવવા ઘણી પૂછપરછ કરી પરંતુ યુવક કઈ બોલવાની જગ્યાએ ઉલ્ટાનો ગુસ્સે ભરાયો. જેથી લાલભાઈ એ પોતાની પત્ની મંજુલાબેન સાથે ત્યાંથી નીકળી જવું મુનાસીબ લાગ્યું.

### ગ્રાહકો શોધવા જવું પડતું નથી, મારા ઉત્પાદનોની ગુણવત્તાથી ખેંચાઈને ગ્રાહકો સામે ચાલીને ખરીદવા આવે છેઃ નિમેષભાઈ

# શેરડી અને હળદરની મૂલ્યવર્ધિત પ્રાકૃતિક ખેતીથી સમૃદ્ધ ખેતીની નવી વ્યાખ્યા આપતા બારડોલી તાલુકાના નિઝર ગામના પ્રગતિશીલ ખેડૂત નિમેષભાઈ પટેલ

। (માહિતી) અમદાવાદ ।

પ્રાકૃતિક ખેતીથી રાજ્યના ખેડૂતોને સ્વાસ્થ્ય, સમૃદ્ધિ તરફ નવી દિશા મળી છે. ગૌમાતાની સેવા અને લોકોને સ્વસ્થ જીવન પ્રદાન કરવામાં પ્રાકૃતિક ખેતી નિમિત્ત બની છે. સંપૂર્ણ ગાય આધારિત ખેતી કરતા બારડોલી તાલુકાના નિઝર ગામના પ્રગતિશીલ ખેડૂત નિમેષભાઈ પટેલ શેરડી અને હળદરની મૂલ્યવર્ધિત પ્રાકૃતિક ખેતીથી સમૃદ્ધ ખેતીની નવી વ્યાખ્યા લખી રહ્યા છે. ઔષધીય ગુણોથી ભરપૂર લીલી હળદર, શેરડીની પ્રાકૃતિક ખેતી ઉપરાંત ઉચ્ચ ગુણવત્તાયુક્ત શુદ્ધ, સ્વાદિષ્ટ ગોળના વેચાણથી વર્ષે લાખોનું ઉત્પાદન મેળવી રહ્યા છે. ઉપરાંત પોતાની કુલ ૧૫ વીઘા જમીનમાં પ્રાકૃતિક પદ્ધતિથી મેથી, બ્રોકલી, મૂળા, મગ, કોબી, ડુંગળી, કોથમીર જેવા જુદા-જુદા સહજીવી પાકો પણ લઈ રહ્યા છે. એટલું જ નહીં, અડધા વીઘા જમીન પર જંગલ મોડેલ આધારિત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ૪૦ વર્ષીય યુવા ખેડૂત નિમેષભાઈ ઈશ્વરભાઈ પટેલ પ્રાકૃતિક ખેતી અભિયાનના માસ્ટર ટ્રેનર પણ છે. તેઓ ખેતી સાથે વેલ્યુ એડિશનનું મહત્વ સમજી સરગવાના પાનનો પાઉડર તેમજ લીલી હળદરના વેચાણ સાથે તેનો પાવડર બનાવી મૂલ્યવર્ધન કરી રહ્યા છે. તેઓ સપ્તાહમાં બે વાર સોમ અને ગુરૂવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ વાગ્યા દરમિયાન બારડોલી સ્વરાજ આશ્રમ પાસે પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર થકી પ્રાકૃતિક ઉત્પાદનોનું વેચાણ કરી રહ્યા છે. જેને બારડોલી






નગરજનોનો પ્રોત્સાહક પ્રતિસાદ મળી રહ્યો છે. તેમના તમામ ઉત્પાદનો ચપોચપ વેચાઈ જાય છે. સુરત જિલ્લાના અને સુરત બહારથી જાગૃત્ત ખેડૂતો તેમના મોડેલ ફાર્મની મુલાકાત લેવા આવે છે, જ્યાં સેંકડો ખેડૂતોને પ્રાકૃત્તિક ખેતીની વિષે તલસ્પર્શી સમજ આપી ચૂક્યા છે. સંપૂર્ણ ગાય આધારિત ખેતી કરતા નિમેષભાઈ જણાવે છે કે, પ્રાકૃતિક ખેતીનો ચમત્કાર કહો કે ગુણધર્મ.. પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત હળદર આખું વર્ષ બગડતી નથી. ફ્રિજમાં મૂક્યા વિના ખૂલ્લામાં મૂકી રાખીએ તો પણ સતત એક વર્ષ તાજી રહે છે. મેં એક મહિના પહેલા હળદર રસોડામાં મૂકેલી છે, જે હજુ એવીને એવી તરોતાજા અને સ્વાદિષ્ટ છે. ફૂગ કે કોઈ રોગ જીવાત લાગ્યા નથી. જો રાસાયણિક દવા, યુરિયા ખાતરથી હળદર પકવી હોત તો તે થોડા કલાકોમાં જ બગડી જાત. વળી, લોકોની એવી માન્યતા છે કે કાળી જમીનમાં હળદર ન પાકે, પરંતુ પ્રાકૃતિક ખેતીમાં કોઈ પણ પ્રકારની જમીન હોય, ઉત્પાદન હંમેશા સરખું અને વધુ મળે છે. ખેડૂત નિમેષભાઈ પટેલ જણાવે છે કે, પ્રાકૃતિક ખેતી ખર્ચ વિનાની ખેતી છે. હું વર્ષ ૨૦૧૧થી રાસાયણિક ખેતી કરતો હતો. પરંતુ ૨૦૧૯માં આણંદ જિલ્લાના બોરિયાવી ગામના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત દેવેશભાઈના ખેતરની મુલાકાત લીધી ત્યારે મારા વિચારો બદલાયા અને દેવેશભાઈની પ્રેરણાથી રાસાયણિક ખેતીને હંમેશ માટે તિલાંજલિ આપી દીધી અને પ્રથમ વર્ષે દોઢ વીઘામાં શેરડીની પ્રાકૃતિક ખેતીના શ્રીગણેશ કર્યા. જેમાં નહિવત ખર્ચે ૧૯ ટનનો ઉતારો મળ્યો હતો. ૧૧ ટન લામ પણ ઉતરી હતી. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને રાજ્ય સરકારના પ્રોત્સાહક અભિયાનમાં જોડાઈને હવે તમામ ૧૫ વીઘા જમીનમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરૂં છું. દર ૧૫ દિવસે જાતે બનાવેલા જીવામૃત્તને પિયત સાથે આપે છે. તેમણે કહ્યું કે, સામાન્ય રીતે બજારમાં મળતી હળદર રાસાયણિક ખાતરથી ઉત્પાદિત હોય છે. ગુણકારી નેચરલ હળદરના અનેક લાભો છે. જેથી હળદરની પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ શરૂ કર્યો. આ વર્ષે ચાર ગુંઠા (૪૪૦૦ ચોરસ ફૂટ) જમીનમાં ૨૦ મણ હળદરનું ઉત્પાદન મેળવ્યું છે. હળદરની આ સિઝનમાં ચાર ગુંઠા એટલે કે વીઘાના ચોથા ભાગની જમીન પર હળદર ઉગાડી રૂ.૩૨,૦૦૦ ની કમાણી કરી છે. પરિવારજનોની મદદથી પાવડર મેકિંગ, પ્રોસેસિંગ અને પેકિંગ ઘરેથી જ કરીએ છીએ. માત્ર સરગવાના પાનના પાવડરનું વેચાણ કરી ગયા વર્ષે રૂ.૪૫,૦૦૦ની આવક મળી હતી. નિમેષભાઈ બી.કોમ.નો અભ્યાસ કર્યો છે. તેઓ શેરડીમાં પણ મૂલ્યવર્ધન થકી ઓછી જમીનમાં વધુ આવક મેળવી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, મેં આ વર્ષે દોઢ વીઘામાં શેરડી વાવી હતી. જેમાં ૧૬ ટનની શેરડીમાંથી ૨૦૦૦ કિલો ગોળ બનાવ્યો હતો. બજારમાં સામાન્ય ગોળના પ્રતિ કિલો રૂ.૬૦ થી ૭૦ ભાવ મળે છે, પરંતુ મારા પ્રાકૃતિક ગોળની કિંમત પ્રતિ કિલો રૂ.૧૨૦ મળી છે. ૯૦૦ કિલો ગોળનું વેચાણ કરી દીધું છે. આ ગોળ પણ લાંબો સમય તાજો અને સ્વાદિષ્ટ રહે છે. મારો ગોળ એક વાર ચાખનાર વ્યક્તિ બીજીવાર સામેથી આવે છે અને હોંશેહોંશે ગોળ ખરીદીને જાય છે. તેઓ જણાવે છે કે, હળદર ઉગતા ૮ મહિના જેટલો સમય લાગે છે. એક રોપામાંથી આશરે બે કિલો જેટલી લીલી હળદરનું ઉત્પાદન મળે છે. સામાન્ય હળદરના કિલોના રૂ.૧૫૦ થી ૨૦૦ ભાવ હોય છે તેની સામે મારી નેચરલ હળદરના પ્રતિ કિલો રૂ.૪૨૫ ભાવ મળે છે. મારા વોટ્સએપ ગ્રુપમાં બારડોલી અને આસપાસના ગામોનાપ્રાકૃતિકકૃષિઉત્પાદનોનાચાહકએવારેગ્યુલર ગ્રાહકો જોડાયેલા છે. જેઓ હળદર પાકે એ પહેલા જ એડવાન્સ બુકિંગ કરાવી દે છે. વધુમાં નિમેષભાઈએ જણાવ્યું કે, રાસાયણિક ખેતી ખેતરની જમીન અને આપણાસ્વાસ્થ્યમાટેખૂબનુકસાનકારકછે.હાઈબ્રીડ બિયારણ, રાસાયણિક ખાતર અને મોંઘીદાટ દવાઓ વિના ઉત્પાદન મળતું જ નથી. પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન પણ વધુ મળે અને ભાવો પણ સારા મળે છે, વળી, અનોખો કુદરતી સ્વાદ અને દિવસો સુધી પાક બગડતા નથી. જીવામૃત્ત, ઘનજીવામૃત્ત, નિમાસ્ત્ર અગ્નિસ્ત્રના છંટકાવથી રોગ-જીવાત પણ આવતી નથી. નિમેષભાઈ કહે છે કે, પ્રાકૃતિક કૃષિમાં મલ્ચીંગ (આચ્છાદન) કરવાથી ખૂબ સારા પરિણામો મળે છે. મારે હવે ઊંડી ખેડ કરવી પડતી નથી. રસાયણનો ઉપયોગ બંધ કરતા જમીન ભરભરી બની છે અને અળસિયા ઉત્પન્ન થવા લાગ્યા છે. ચોમાસામાં અનરાધાર વરસાદ પડે તો પણ જમીન પાણી સંગ્રહ કરી લે છે. જમીનની નિતારશક્તિ વધવાથી ભેજ સંગ્રહશક્તિ પણ સુધરી પરિણામે પિયતની સંખ્યા પણ ઘટી છે. પાકની ગુણવત્તા, સ્વાદ અને સુગંધમાં પણ મોટું પરિવર્તન આવ્યું છે. પ્રાકૃતિક ખેતીથી મને વર્ષે પરંપરાગત ખેતી કરતા વધુ આવક મળી રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## બે કબજાવાળી મિલકતોના વાર્ષિક મૂલ્ય પર કોઈ ટેક્સ ભરવાનો રહેશે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ-૨૦૨૫માં બે મકાનની માલિકી ધરાવતા લોકોને ગૂડ ન્યૂઝ આપી છે. તેમણે કહ્યું કે, કરદાતાઓ કોઈપણ શરત વિના બે કબજાવાળી મિલકતોના વાર્ષિક મૂલ્ય પર કોઈ ટેક્સ ભરવાનો રહેશે નહીં. હાલમાં આવા કરદાતાઓ અમુક શરતોને આધીન કબજાવાળી મિલકતો પર ઝીરો વાર્ષિક ટેક્સનો દાવો કરી શકે છે. કરદાતાઓને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને આવી બે કબજાવાળી મિલકતોનો લાભ કોઈપણ શરતો વિના લંબાવવાનો પ્રસ્તાવ છે. કેન્દ્ર સરકારે આવકવેરા કાયદાની કલમ ૨૩ની પેટા કલમ બેમાં સંશોધન કરવાનો પ્રસ્તાવ રાખ્યો છે, જેમાં રહેણાંક સંપત્તિના વાર્ષિક મૂલ્ય પર લાગતા ટેક્સ સંબંધીત છે. બજેટમાં કહેવાયું છે કે, કાયદાની પેટા કલમ (૨)માં જોગવાઈ છે કે, જો મકાન માલિકી પોતાના ઘરનો ઉપયોગ રહેઠાણ માટે કરે અથવા રોજગાર, ધંધા કે વ્યવસાયના કારણે અન્ય સ્થળે મિલકત હોય, તેવા સંજોગોમાં આવા મકાનની મિલકતની વાર્ષિક કિંમત પર ઝીરો ટેક્સ હોવાનું માનવામાં આવે છે.

## ચામડા ઉદ્યોગ યોજના હેઠળ ૨૨ લાખ નવી નોકરીઓ પેદા કરવાનો લક્ષ્યાંક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્રીય બજેટ ૨૦૨૫ દેશના નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે સામાન્ય બજેટ રજૂ કર્યું છે. આ બજેટમાં ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. બજેટ રજૂ કરતા પહેલા તેઓ સવારે ૮:૪૫ વાગ્યે તેમના નિવાસસ્થાનેથી નાણા મંત્રાલય પહોંચ્યા. અડધો કલાક સેવામાં રહ્યા પછી, તે રાષ્ટ્રપતિ ભવન ગયા. ત્યાં બજેટની નકલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને સોંપવામાં આવી. અહીં રાષ્ટ્રપતિએ તેમને દહીં અને ખાંડ ખવડાવી. આ પછી તે સંસદ ભવન પહોંચી. અહીં કેબિનેટની બેઠક યોજાઈ હતી. આમાં બજેટ મંજૂર કરવામાં આવ્યું. નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે ચામડા ઉદ્યોગ યોજના હેઠળ ૨૨ લાખ નવી નોકરીઓ પેદા કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે ૧૦ લાખ કરોડનું રોકાણ કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નાણામંત્રી નિર્મલા સીતારમણ લોકસભામાં દેશનું સામાન્ય બજેટ રજૂ કરી રહ્યા છે. મોદી ૩.૦નું આ પહેલું સામાન્ય બજેટ છે. નાણામંત્રીએ તેમના બજેટ ભાષણ દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે મોટી જાહેરાત કરી છે. જેમાં તેમના દ્વારા રૂ.૧૦ લાખ કરોડનું રોકાણ કરવામાં આવશે તેવું જાહેર કરવામાં આવ્યું છે. જેના કારણે આ ક્ષેત્રમાં આગામી દિવસોમાં મોટાપાયે રોજગારી વધાવની સંભાવનાઓ જોવા મળશે. આ ઉપરાંત નાણામંત્રીએ તેમના બજેટ ભાષણ દરમિયાન નવા આવકવેરા બિલની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આ બિલ આવતા અઠવાડિયે રજૂ કરવામાં આવશે. આ બિલ લાગુ થયા બાદ આવકવેરો ભરવાનું પણ સરળ બનશે. KYCની પ્રક્રિયાને પણ સરળ બનાવવામાં આવશે. આપને જણાવી દઈએ કે સરકાર નવા ટેક્સ પ્રણાલીને શક્ય તેટલો પ્રમોટ કરવા માંગે છે, હાલમાં આવકના માળખામાં સંભવિત ફેરફારોની અટકળો ચાલી રહી હતી. બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રી આવકવેરાના સ્લેબમાં કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરી શકે છે. તેમની આ જાહેરાતો મધ્યમ વર્ગ અને કામ કરતા લોકો માટે સારા સમાચાર સાબિત થઈ શકે છે. નવા સ્લેબ હેઠળ ટેક્સના દરોમાં પણ કેટલાક સુધારા કરવામાં આવે તેવી અપેક્ષા છે. જો આમ થશે તો કરદાતાઓ પર ટેક્સનો બોજ ઓછો થશે અને લોકો પાસે વધુ પૈસા બચશે.



પટણાના એક શોરૂમમાં લોકો ટેલિવિઝન સ્ક્રીન પર નાણામંત્રી નિર્મલા સીતારમણને ૨૦૨૫-૨૬નું કેન્દ્રીય બજેટ રજૂ કરતા જુએ છે.

## બજેટમાં બિહારને મોટો ખજાનો અપાયો : જયરામ રમેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।



કોંગ્રેસે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે રજૂ કરેલા બજેટ-૨૦૨૫ મુદ્દે નિશાન સાધ્યું છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, 'મેક ઈન ઈન્ડિયા' હવે 'ફેક ઈન ઈન્ડિયા' બની ગયું છે અને તેનું નવું નામ રાષ્ટ્રીય વિનિર્માણ મિશન છે. પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે બજેટ ભાષણને ટાંકીને દાવો કર્યો કે, 'ખેડૂતોની માંગ અને કૃષિ સંબંધી સંસદની સ્થાયી સમિતિની ભલામણ પર નાણામંત્રી ચૂપ રહ્યા છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, 'મેક ઈન ઈન્ડિયા, જે ફેક ઈન ઈન્ડિયા બની ગયું હતું, હવે તેનું નવું નામ રાષ્ટ્રીય વિનિર્માણ મિશન છે. નાણામંત્રીએ બજેટની શરૂઆત કૃષિથી કરી હતી, પરંતુ ખેડૂતોની માંગો અને કૃષિ અંગે સંસદીય સમિતિની ભલામણ પર તેઓ સંપૂર્ણ ચૂપ રહ્યા છે.' તેમણે સંસદીય સમિતિની ભલામણોનો ઉલ્લેખ કર્યો, જેમાં કાયદાકીય ગેરંટી તરીકે લઘુત્તમ ટેકાના ભાવ (MSP)ના અમલીકરણ, કૃષિ લોન માફી, PM ખેડૂત ચૂકવણીના ફુગાવા સૂચકાંક અને પીએમ પાક વીમા યોજનામાં સુધારાની ભલામણ કરવામાં આવી હતી. નાણામંત્રીએ શનિવારે 'પ્રધાનમંત્રી ધન ધ્યાન કૃષિ યોજના'ની જાહેરાત કરી છે. યોજના હેઠળ ઓછી ઉપજ, આધુનિક પાકની દ્રઢતા અને સરેરાશથી ઓછા ધિરાણના માપદંડો ધરાવતા ૧૦૦ જિલ્લાઓને આવરી લેવામાં આવશે. સતત આઠમું બજેટ રજૂ કરતા નાણામંત્રીએ કહ્યું કે, આ યોજનાનો લાભ ૧.૭ કરોડ ખેડૂતોને મળશે. તેમણે મોદી સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, 'એવું લાગી રહ્યું છે કે, બિહારને ભેટ મળી છે, જ્યારે આંધ્રપ્રદેશની સંપૂર્ણ અવગણના કરવામાં આવી છે. બજેટમાં બિહાર પર વધુ ધ્યાન અપાયું છે. આ રાજ્ય માટે અનેક જાહેરાત કરવામાં આવી છે, જેમાં મખાના બોર્ડની સ્થાપના, પશ્ચિમી કોસી નગર માટે નાણાંકીય સહાય અને IIT પટનાની ક્ષમતા વધારવાની જાહેરાત સામેલ છે. બજેટમાં કરાયેલી જાહેરાત મુજબ કેન્દ્ર સરકાર બિહારમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફૂડ ટેક્નોલોજી, આંત્રપ્રિન્યોરશિપ એન્ડ મેનેજમેન્ટની સ્થાપના કરશે અને રાજ્યની ભાવિ જરૂરિયાતોને પહોંચી વળવા ત્યાં ગ્રીનફિલ્ડ એરપોર્ટની સુવિધા પણ પૂરી પાડશે.

## શિવસેના શિંદે જૂથના નેતાની હત્યા કરી દેવામાં આવી

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના શિવસેના (શિંદે જૂથ)ના નેતા અશોક ધોડી ગુમ થવાના ૧૨ દિવસ બાદ તેમનો મૃતદેહ મળ્યો છે. ગુજરાતના ભિલાડ નજીક સરિગામમાં એક બંધ પડેલી પથ્થરની ખાણામાં તેમની કાર સહિત લાશ મળતા ખળભળાટ મચી ગયો છે. ડહાણી તાલુકા વિધાનસભા સંઘટક અશોક ધોડીનું અપહરણ કરી હત્યા કરવાનો મામલો ૩૧ જાન્યુઆરીએ સામે આવ્યો હતો. તેઓ ૧૨ દિવસથી ગુમ હતા અને અંતતઃ તેમનો મૃતદેહ ગુજરાતના સરિગામમાં તેમની કારના પાછળના ભાગમાં દોરડાથી બાંધેલી હાલતમાં મળી હતી.

## સેન્સેક્સ ૮૯૩ પોઈન્ટની વોલેટિલિટીના અંતે ફ્લેટ રહ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નાણામંત્રીએ રજૂ કરેલું કેન્દ્રીય બજેટ ૨૦૨૫ મધ્યમવર્ગ, ખેડૂત અને મહિલા સશક્તિકરણલક્ષી રહ્યું છે. બજેટમાં ઈંકમટેક્સ સ્લેબમાં મોટા ફેરફારોની જાહેરાતના પગલે સેન્સેક્સ અને નિફ્ટી ભારે ઉથલપાથલના અંતે ફ્લેટ બંધ રહ્યા હતા. એફએમસીજી, રિયાલ્ટી, ઓટોમાં આકર્ષક ખરીદી જોવા મળી હતી. એફએમસીજી ઈન્ડેક્સ ૨.૯૧ ટકા, ઓટો ૧.૭૫ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૪૭ ટકા, રિયાલ્ટી ૩.૬૯ ટકા ઉછળ્યો છે. જ્યારે પાવર, મેટલ, કેપિટલ ગુડ્સ, એનર્જી, પીએસયુ શેરોમાં કડાકો નોંધાયો હતો. સેન્સેક્સ ઈન્ટ્રા ડે ૮૯૨.૫૮ પોઈન્ટની વોલેટિલિટીના અંતે માત્ર ૫.૩૯ પોઈન્ટ ઉછળી ૭૭૫૦૫.૯૬ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૫૦ ૨૬.૨૫ પોઈન્ટ ઉછળી ૨૩૪૮૨.૧૫ પર બંધ રહ્યો હતો. માર્કેટમાં એકંદરે ઘટાડાના માહોલ વચ્ચે રોકાણકારોની મૂડી ૨૬ હજાર કરોડ ઘટી હતી. IT શેરોમાં આજે ઉછાળો જોવા મળ્યો હતો. ઓઈલ એન્ડ ગેસ, પાવર, એનર્જી શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી. બીએસઈ ખાતે ૨૨૯ શેરમાં લોઅર સર્કિટ વાગી હતી. જ્યારે ૭૨ શેર વર્ષના તળિયે પહોંચ્યા હતા. બીએસઈ પર કુલ ટ્રેડેડ ૪૦૩૭ શેર પૈકી ૨૦૮૪માં સુધારો અને ૧૮૨૬ શેર તૂટ્યા હતા. કેન્દ્ર સરકારના વિકસિત ભારત ૨૦૪૭ મિશનને ધ્યાનમાં રાખી કરાયેલી જાહેરાતોના પગલે રિયાલ્ટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આઈટી શેરોમાં તેજી નોંધાઈ હતી. મધ્યમવર્ગ માટે ૧૨ લાખની આવક પર કોઈ ટેક્સ નહીંની જાહેરાતે પ્રજાને રાહત આપી છે. જો કે, કેપિટલ ગેઈનમાં રિબેટ ન મળવાની જોગવાઈ અંગે હાલ અનિશ્ચિતતાઓ હોવાથી રોકાણકારોએ આજે થોભો અને રાહ જુઓની સ્થિતિ અપનાવી હતી. ગિફ્ટ સિટીના એમડી અને ગ્રુપ સીઈઓ તપન રેએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય બજેટ ૨૦૨૫ ગિફ્ટ સિટી આઈએફએસસીને ગ્લોબલ ફાઈનાન્શિયલ હબ બનાવવા માટેની સરકારની કટીબદ્ધતાને મજબૂતાઈથી દર્શાવે છે. સૂચિત કરવેરા પ્રોત્સાહનો અને નિયમનકારી સરળતાઓ વૈશ્વિક રોકાણકારો, ફંડ મેનેજર્સ અને વ્યવસાયોને આકર્ષશે, જેનાથી ભારતની ફાઈનાન્શિયલ ઈકોસિસ્ટમ મજબૂત બનશે. આ પગલાંથી ગિફ્ટ સિટી વૈશ્વિક નાણાંકીય ક્ષેત્રે સ્પર્ધાત્મક અને વ્યવસાયો માટેના અનુકૂળ સ્થળ બનવા માટે સજ્જ છે.

### નીતિન ગડકરીની મોટી જાહેરાત

## આવતા પાંચ વર્ષમાં દિલ્હીને મળવા લાગશે સંપૂર્ણ શુદ્ધ હવા

### શાહદરામાં જાહેર સભાને સંબોધિત કરતા ગડકરીએ કહ્યું કેવાયુ પ્રદૂષણ અને કચરાની સમસ્યાને ગંભીરતાથી લેવાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।



કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ શુક્રવારે શાલીમાર બાગ અને શાહદરામાં ભાજપના ઉમેદવારોના સમર્થનમાં જાહેર સભાને સંબોધિત કરતા કહ્યું કે દિલ્હીમાં વાયુ પ્રદૂષણ અને કચરાની સમસ્યાને ગંભીરતાથી લેવામાં આવશે. કચરાના પહાડની ઊંચાઈ ઘટાડવા માટે UER-2 (અર્બન એક્સ્ટેંશન રોડ-૨)માં કચરો નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના કારણે અહીં કચરાનો ભાર ઓછો થયો છે. ગડકરીએ કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં ૩૩ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ પૂરા થયા છે, અને હવે ૧ લાખ કરોડ રૂપિયાના ખર્ચે દિલ્હી-એનસીઆરના રસ્તાઓને સુધારવાનું કામ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે દિલ્હીના પેરિફેરલ રોડનું કામ પૂર્ણ થઈ ગયું છે, જેનાથી ટ્રાફિક સમસ્યામાં મોટી રાહત મળશે. ગડકરીએ કહ્યું કે UER-2 આગામી ત્રણ મહિનામાં કાર્યરત થઈ જશે, જે હરિયાણા અને બહારની દિલ્હીથી ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી પહોંચવાનું સરળ બનાવશે. આ પ્રોજેક્ટ પૂરો થયા બાદ પાણીપતથી દિલ્હી એરપોર્ટ માત્ર ૩૦ મિનિટમાં પહોંચી શકાશે. આ ઉપરાંત નાંગલોઈથી નજફગઢ સુધીના રસ્તા પર ટ્રાફિક જામથી રાહત મળશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે પહેલા દિલ્હીથી મેરઠ પહોંચવામાં ૪ કલાકનો સમય લાગતો હતો, પરંતુ હવે એક્સપ્રેસ વેના કારણે આ યાત્રા ૪૫ મિનિટમાં પૂરી થઈ રહી છે. પર્યાવરણ સંરક્ષણ પર ભાર મૂકતા ગડકરીએ કહ્યું કે સરકાર દિલ્હીને કચરા મુક્ત બનાવવાની દિશામાં કામ કરી રહી છે. કચરામાંથી ગ્રીન હાઈડ્રોજન તૈયાર કરવાની યોજના પર પણ કામ ચાલી રહ્યું છે.

## ગાઢ ધુમ્મસના કારણે કાર કેનાલમાં ખાબકી, ૧૦ ગુમ

। (એજન્સી) ફતેહાબાદ, તા.૧ ।

હરિયાણાના ફતેહાબાદમાંથી ગાઢ ધુમ્મસના કારણે ક્રૂઝર ગાડી નહેરમાં ખાબકી છે. આ ઘટનામાં ૧૦ લોકો ગુમ છે. મોડી રાત સુધી રેસ્ક્યૂ દરમ્યાન એક ૧૦ વર્ષિય બાળકને બચાવી લેવામાં આવ્યું છે. તો વળી ૫૫ વર્ષિય એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે, દુર્ઘટનાનો શિકાર થયેલા લોકો પંજાબમાં એક કાર્યક્રમાં સામેલ થઈને પરત ફરી રહ્યા હતા. આ દરમ્યાન આ દુર્ઘટના થઈ ગઈ. હાલમાં ગુમ થયેલા લોકોને શોધવાનું કામ ચાલી રહ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જોઈએ તો, ગામ મહમડાના અમુક લોકો પંજાબમાં એક કાર્યક્રમમાં સામેલ થઈને પરત ફરી રહ્યા હતા. આવતી વખતે ક્રૂઝર ગાડીમાં ૧૦ લોકો સવાર હતા. જ્યારે તેમની ગાડી રતિયા ગામથી થઈને સરદારેવાલા તરફ જઈ રહી હતી, ત્યારે ભાખડા નહેર પુલ પર ગાઢ ધુમ્મસના કારણે ગાડી બેકાબૂ થઈ અને નહેરમાં જઈને પડી. ગાડી નહેરમાં પડતા પહેલા ડ્રાઈવરે છલાંગ મારી દીધી હતી. જેના કારણે તેનો જીવ બચી ગયો. ઘટનાસ્થળેથી ડ્રાઈવર ફરાર થઈ ગયો છે. ગાડીમાં સવાર ૧૨ અન્ય લોકો નહેરમાં પડ્યા છે, જેમાંથી ૧૦ વર્ષનું એક બાળક પણ હતું. ઘટનાની જાણકારી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને લોકોની મદદ માટે રેસ્ક્યૂ શરુ કરી દીધું છે. આ ઘટના ૧૦ વર્ષના બાળકનુ રેસ્ક્યૂ કર્યું છે, તો વળી ૫૫ વર્ષિય શખ્સનો મૃતદેહ મળ્યો છે. પોલીસનું કહેવું છે કે, ગાડીનો ડ્રાઈવર જરનૈલ સિંહ ગાડીમાંથી કુદી ગયો હતો.

### નાના એરપોર્ટની કાયા બદલાશે

## હવાઈ મુસાફરો માટે મોટી જાહેરાત, ૧૨૦ શહેરોમાં શરુ થશે ઉડાન યોજના

### ૪ કરોડ વધારાના મુસાફરોની ક્ષમતા વિકસિત થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।



નાણાંમંત્રી નિર્મલા સીતારમણ સતત આઠમું બજેટ રજૂ કરી રહ્યા છે. આ દરમિયાન તેઓએ ઉડાન યોજના પર એક મોટી જાહેરાત કરી છે. નાણાંમંત્રીએ જણાવ્યું કે, ઉડાન યોજનાથી ૧૨૦ નવા શહેરને જોડવામાં આવશે. આ યોજના હેઠળ દસ વર્ષમાં ૧૨૦ નવાં ઍરપોર્ટ બનશે. જેનાથી ૪ કરોડ વધારાના મુસાફરોની ક્ષમતા વિકસિત થશે. નાણાંમંત્રીએ જણાવ્યું કે, ઉડાનની સફળતાથી પ્રેરિત થઈને એક સંશોધિત યોજના શરુ કરવામાં આવશે. આ યોજના પહાડી, મહત્ત્વાકાંક્ષી અને ઉત્તર-પૂર્વીય પ્રાદેશિક જિલ્લાઓમાં હેલિપેડ અને નાના ઍરપોર્ટની કાયા પણબદલીનાખશે. સરકારનાઆનિર્ણયનો ફાયદો ૧૨૦ કરોડ લોકોને થશે. આ સાથે જ બિહારમાં એક ગ્રીનફીલ્ડ ઍરપોર્ટનું પણ નિર્માણ કરવામાં આવશે. ૨૧ ઑક્ટોબર, ૨૦૧૬ના દિવસે RCS (Regional Connectivity Scheme)-ઉડાન અથવા ઉડે દેશ કા આમ નાગરિકની શરુઆત કરવામાં આવી હતી. આ યોજનાનો હેતુ, ભારતમાં જે સ્થળોએ હવાઈ સેવાઓ નથી તેમને હવાઈ સંપર્ક સાથે જોડવાનો હતો. ઉડાનનો કોન્સેપ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન સાથે જોડાયેલો છે. વડાપ્રધાન મોદીએ જાહેરમાં કહ્યું હતું કે, તે ચંપલ પહેરેલા લોકોને વિમાનમાં ચઢતા જોવા ઈચ્છે છે. આ યોજનાના વિસ્તારથી તમામ આકારોના નવા વિમાનોની માંગ વધી છે. આ યોજના હેઠળ રૂટ્સ પર વિમાનોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે. તેમાં એરબસ ૩૨૦/૩૨૧, બોઈંગ ૭૩૭, એટીઆર ૪૨ અને ૭૨, ડીએચસી ક્યુ ૪૦૦, ટ્વિન ઓટર, એમ્બ્રેયર ૧૪૫ અને ૧૭૫, ટેકનમ પી ૨૦૦૬ટી, સેસના ૨૦૮બી ગ્રાન્ડ કારવાં ઈએક્સ, ડોર્નિયર ૨૨૮, એરબસ એચ ૧૩૦ અને બેલ ૪૦૭ જેવા વિમાન સામેલ છે.

### પત્ની અને મિત્ર દંપતી સાથે ગયા હતા પ્રયાગરાજ

## મહાકુંભમાં રાજકોટના આધેડનું શ્વાસ ચડ્યા બાદ મોત નિપજ્યું

### ટુંકી સારવાર બાદ તેમનું મોત નીપજતાં તેમના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ લાવવામાં આવ્યો હતો

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧ ।

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં સ્નાન કરવા માટે દેશ-વિદેશ સહીત ગુજરાતમાંથી શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. ત્યારે મહાકુંભમાં વધુ એક ગુજરાતીનું મોત નીપજ્યું છે. જેમાં રાજકોટના ૫૩ વર્ષીય આધેડને શ્વાસ ચડતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટુંકી સારવાર બાદ તેમનું મોત નીપજતાં શુક્રવારે તેમના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ લાવવામાં આવ્યા હતો.

શુક્રવારે તેમની અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં PGVCLના કર્મચારીઓ અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટના પ્રતીક ટેનામેન્ટ રહેતા કિરીટસિંહ રાઠોડ પોતાની પત્ની અને મિત્ર દંપતી સાથે ગત ૨૪ જાન્યુઆરીએ અમદાવાદથી ફ્લાઈટ મારફતે મહાકુંભમાં સ્નાન કરવા ગયા હતા. ટુંકી સારવાર બાદ તેમનું મોત નીપજતાં તેમના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ લાવવામાં આવ્યો હતો, મહાકુંભમાં તેમણે સાધુ સંતોને જમાડવા માટે રસોઈ બનાવવા સહિતના સેવા કાર્યો કર્યા હતા. આ દરમિયાન ૩૦ જાન્યુઆરીએ વહેલી સવારે તેમને ચક્કર આવતાં ઢળી પડ્યા હતા. જેથી તેમને મહાકુંભમાં ઉભા કરાયેલા હોસ્પિટલમાં તપાસ અર્થે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમને વધુ શ્વાસ ચડતાં રાયબરેલી ખાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં ટુંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. ત્યારબાદ શુક્રવારે તેમના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ લાવવામાં આવ્યા હતો. શુક્રવારે તેમની અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં PGVCLના કર્મચારીઓ અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ઉલ્લેખનીય છે અચાનક જ આકસ્મિતક રીતે ઘરના મોભીને ગુમાવતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. એક પુત્ર છે જે વડોદરા ખાતે નોકરી કરે છે.

### આ બજેટમાં વિદ્યાર્થીઓને ઘણી ભેટ મળી

## પીએમ રિસર્ચ ફેલોશિપ સ્કીમ હેઠળ વિદ્યાર્થીઓને દર મહિને મળી શકે ૭૦ થી ૮૦ હજાર રૂપિયા

### પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ યોજના ભારતમાં ડોક્ટરલ સંશોધન માટે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ફેલોશિપ આપવાની યોજના છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

આજે નિર્મલા સીતારમણ ૨૦૨૫નું બજેટ રજૂ કર્યું છે. બજેટ પાસેથી દરેકને ખાસ અપેક્ષાઓ હોય છે. એવામાં સ્ત્રી હોય કે શિક્ષણ ક્ષેત્ર. આ બજેટમાં વિદ્યાર્થીઓને ઘણી ભેટ મળી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે પ્રધાનમંત્રી સંશોધન ફેલોશિપ સ્કીમ હેઠળ ૧૦,૦૦૦ ફેલોશિપની જાહેરાત કરી છે. આ સ્કીમ હેઠળ, વિશેષ વિદ્યાર્થીઓ IITs, IISERs અને IISc માં Ph.Dમાં આ સ્કીમ હેઠળ સીધો પ્રવેશ અને આકર્ષક શિષ્યવૃત્તિ મળશે. દરેક વ્યક્તિ પાંચ વર્ષ માટે પ્રતિ વર્ષ ૨ લાખની સંશોધન ગ્રાન્ટ મેળવશે. એવામાં જાણીએ કે શું છે PM રિસર્ચ ફેલોશિપ સ્કીમ. પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ યોજના ભારતમાં ડોક્ટરલ સંશોધન માટે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ફેલોશિપ આપવાની યોજના છે, જેના સંદર્ભમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૫માં કેટલીક નવી જાહેરાતો કરી છે. ૨૦૧૮-૧૯ના બજેટમાં પ્રથમ વખત આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. જાન્યુઆરીમાં જીનોમ ઈન્ડિયા પ્રોજેક્ટ પર બોલતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે 'PM રિસર્ચ ફેલોશિપ સ્કીમ પીએચડી અભ્યાસ દરમિયાન રિસર્ચ કરવા માટે લાગુ કરવામાં આવી છે.' આ યોજના અંગે નવી માહિતી આપતા નાણામંત્રી નિર્મલા સીતારમણે જાહેરાત કરી છે કે આગામી ૫ વર્ષમાં ૧૦,૦૦૦ નવી ફેલોશિપ આપવામાં આવશે. PMRF સ્કીમ પસંદગીના વિદ્યાર્થીઓને IIT, IISc અને IISER માં પીએચડી પ્રોગ્રામ્સમાં સીધો પ્રવેશ પૂરો પાડે છે. જે દર મહિને ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ સુધીની છે.

પ્રથમ વર્ષ - દર મહિને ૭૦,૦૦૦
બીજા વર્ષ - દર મહિને ૭૦,૦૦૦
ત્રીજું વર્ષ - દર મહિને ૭૫,૦૦૦
ચોથું વર્ષ - દર મહિને ૮૦,૦૦૦
પાંચમું વર્ષ - દર મહિને ૮૦,૦૦૦,

દરેક વિદ્યાર્થીને પ્રતિ વર્ષ ૨ લાખ (પાંચ વર્ષ માટે ૧૦ લાખ સુધી)ની રિસર્ચ ગ્રાન્ટ પણ મળે છે. તાજેતરમાં, આ યોજના દેશની તમામ માન્ય સંસ્થાઓ / યુનિવર્સિટીઓના પાત્ર વિદ્યાર્થીઓ માટે ખોલવામાં આવી છે.

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) અને સેન્ટ્રલી ફંડેડ ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ્સ (CFTIs) સાથે સંલગ્ન સંસ્થાઓમાં M.Tech કરી રહેલા તમામ વિદ્યાર્થીઓને ૧૨,૪૦૦ની માસિક ફેલોશિપ આપવામાં આવે છે.

## તંત્રી લેખ...

# ‘બેટી બચાઓ-બેટી પઢાઓ’ નારો દરે ગામ, શહેર અને રાજ્ય સુધી પહોંચ્યો

બેટીઓ માત્ર પરિવારનો હિસ્સો નથી, બલ્કે સમાજ અને રાષ્ટ્રના વિકાસનો આધાર છે. તેમ છતાં લાંબા સમયથી બેટીઓ સાથે ભેદભાવ અને અસમાનતાની સમસ્યાઓ આપણા સમાજમાં વ્યાપ્ત રહી. તેને સમાપ્ત કરવા અને બેટીઓના અધિકારોને સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી ૨૨ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા હરિયાણાના પાણીપતથી ‘બેટી બચાઓ-બેટી બઢાઓ’ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આજે આ પહેલને એક દાયકો પૂરો થઈ ગયો છે. ભારતમાં ઘટતા લિંગાનુપાત, કન્યા ભ્રૂણ હત્યા અને બાલિકાઓના શિક્ષણ પર ધ્યાન નહિ આપવા જેવી સમસ્યાઓએ સરકારને આ પ્રકારના અભિયાન શરૂ કરવાની પ્રેરણા આપી. તેના મુખ્ય ઉદ્દેશ્ય બાળ લિંગાનુપાતમાં સુધાર કરવો, બાળકીઓના શિક્ષણને ઉત્તેજન આપવું, મહિલાઓ પ્રત્યે સમાજમાં સકારાત્મક માનસિકતાને પ્રોત્સાહિત કરવી, ભ્રૂણ હત્યા પર રોક લગાવવી છે. એક સશક્ત સમાજનું નિર્માણ કરવા માટે બાળકીઓને આર્થિક, શૈક્ષણિક અને સામાજિક રૂપે મજબૂત બનાવવી પણ તેનું લક્ષ્ય છે. આજે કેટલાય જિલ્લામાં બાળ લિંગાનુપાતમાં સુધાર જોવા મળ્યો છે. હરિયાણા, જે પહેલાં બેટીઓ માટે સૌથી ખરાબ સ્થિતિવાળું રાજ્ય હતું, ત્યાં હવે સુધાર થઈ રહ્યો છે. છોકરીઓના સ્કૂલ એડમિશનમાં વૃદ્ધિ થઈ છે. ખાસ કરીને ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં જ્યાં છોકરીઓને સ્કૂલ મોકલવાની પ્રવૃત્તિ ઓછી હતી. આ અભિયાન અંતર્ગત સમાજમાં બેટીઓના મહત્ત્વને લઈને જાગરુકતા વધી છે. ‘બેટી બચાઓ-બેટી પઢાઓ’ નારો દરે ગામ, શહેર અને રાજ્ય સુધી પહોંચ્યો છે. ભ્રૂણ લિંગ તપાસ અને કન્યા ભ્રૂણ હત્યાને રોકવા માટે આકરા કાયદા બનાવવામાં આવ્યા છે. ‘બેટી બચાઓ-બેટી પઢાઓ’ અભિયાને મહિલાઓને સશક્ત બનાવીને સમાજમાં તેમની ભાગીદારીને ઉત્તેજન આપવામાં આવ્યું છે. ચાહે એ ખેલ હોય, વિજ્ઞાન, પ્રશાસન, કે રાજનીતિ હોય, દરેક ક્ષેત્રમાં બેટીઓ આગળ આવી રહી છે. તેમની હાજરી નિરંતર વધી છે. ‘બેટી બચાઓ-બેટી પઢાઓ’ અભિયાને કેટલાય સકારાત્મક બદલાવ કર્યા છે, પરંતુ તેને સંપૂર્ણ સફળ બનાવવા માટે વધુ પ્રયાસની જરૂર છે. જેમ જમીની સ્તર પર બદલાવની ગતિ ધીમી છે, કારણ કે કેટલાય ક્ષેત્રોમાં આજે પણ જૂની રૂઢિઓ અને પિતૃસત્તાત્મક માનસિકતા હાવી છે. હજુ પણ શિક્ષણમાં અસમાનતા જોવા મળી રહી છે. જોકે બેટીઓનું સ્કૂલ એડમિશન વધ્યું છે, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ શિક્ષણ માટે પર્યાપ્ત સંસાધન ઉપલબ્ધ નથી. સમાજમાં માનસિકતાના પરિવર્તનની બહુ આવશ્યકતા છે. તેથી સામાજિક જાગરુકતા કાર્યક્રમોના માધ્યમથી છોકરીઓને બોજ માનવાની માનસિકતાને સંપૂર્ણપણે ખતમ કરવી પડશે.

## કોલેજોમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમો પર ભાર ઘણીવાર વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને કૌશલ્યોને પ્રમાણિત કરવાની ઇચ્છા

ભારતને ૩૪ વર્ષ પછી નવી શિક્ષણનીતિ મળી છે. નવી શિક્ષણનીતિ એ પ્રવર્તમાન શિક્ષણની જે કોઈ સમસ્યાઓ છે અને ૨૧મી સદીના જે જે પડકારો છે તેમના હકારાત્મક ઉકેલ સૂચવતો ખૂબ જ મહત્વાકાંક્ષી દસ્તાવેજ છે. જો તેને મૂળભૂત ઉદ્દેશની સિદ્ધિ અર્થે શબ્દ અને ભાવ સાથે અમલીકૃત કરવામાં આવે તો આવનાર વર્ષોમાં ભારતમાં એક અભૂત પૂર્વ શૈક્ષણિક ક્રાંતિ આવે, તેમજ ૨૦૪૭ માં ભારત વિશ્વ ગુરુ બની શકે એમ છે. નવી શિક્ષણ નીતિ -૨૦૨૦ મુજબ નવા અભ્યાસક્રમમાં સ્થાનિક ઉદ્યોગો પર આધારિત કૌશલ્ય વિકાસ પર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું છે. અંડરગ્રેજ્યુએટ ડિગ્રી કોર્સ પૂર્ણ થાય ત્યાં સુધીમાં, વિદ્યાર્થી પાસે તે જે કામ કરવા જઈ રહ્યો છે તેના માટે જરૂરી કૌશલ્યોનો સમૂહ હશે. આ નીતિ મુજબ, જો તેની કોલેજમાં ચોક્કસ સુવિધાનો અભાવ હોય તો વિદ્યાર્થી અન્ય કોલેજોમાં વર્ગોમાં હાજરી આપી શકે છે. દર વર્ષે પૂર્ણ થયા પછી ગ્રેડ અને તે મુજબની ડીગ્રી આપવામાં આવશે અને સમગ્ર ત્રણ કે ચાર વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કરનારાઓને ઓનર્સ સાથે ડિગ્રી આપવામાં આવશે. કોલેજોમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમો પર ભાર ઘણીવાર વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને કૌશલ્યોને પ્રમાણિત કરવાની ઈચ્છા, ઉદ્યોગની આવશ્યકતાઓ સાથે સંરેખિત કરવા અને રોજગારીક્ષમતા વધારવા સહિત અનેક પરિબળોને કારણે થાય છે. અત્યાર સુધીની જુદી જુદી શિક્ષણનીતિ દ્વારા વ્યવસાયલક્ષી શિક્ષણ અને સમાજ ઉપયોગી શ્રમકાર્ય જેવા વિષયો કૌશલ્યવર્ધન માટે તેમજ જીવનલક્ષી કેળવણી માટે દાખલ કરેલા જ છે. પરંતુ વાસ્તવમાં શાળા કક્ષાએ આપણે આ પ્રકારનું કૌશલ્ય વિકસાવવામાં કે વ્યવસાયલક્ષી શિક્ષણ આપવામાં સદંતર નિષ્ફળ નીવડયા છીએ,પરંતુ આજના સમયની જરૃરિયાત હોવાથી ફરીથી વ્યવસાયલક્ષી શિક્ષણ દાખલ કરવામાં આવ્યું છે તે કેટલું સફળ રહી શકે તે એક પ્રશ્નાર્થ જ છે. નવી શિક્ષણનીતિના અમલ માટે યુનિવર્સિટીઓ દ્વારા અભ્યાસક્રમ નું માળખું તૈયાર કરવામાં આવે છે ત્યારે પૂર્ણ રીતે જેટલા સેમેસ્ટર નો કોર્સ હોય તેટલા સેમેસ્ટર માટે માળખું તૈયાર કરવામાં આવતું નથી. જેમ જેમ સેમેસ્ટર આગળ વધે તેમ એ જ સેમિસ્ટરના અભ્યાસક્રમોનું માળખું આપવામાં આવે છે. જે યુનિવર્સિટીઓની અણઆવડત છતી કરે છે. જ્યારે કૌશલ્ય વર્ધન અભ્યાસક્રમ કરવાનું હોય ત્યારે જરૃરી ઔદ્યોગિક ક્ષેત્રોની જરૃરિયાત મુજબ માળખું કરવું પડે છે ત્યારે યુનિવર્સિટી ની તૈયારીઓ ઉપરથી એમ લાગે છે કે આ બાબતો પર જરૃરી ધ્યાન આપવામાં આવતું હશે? જો ઉદ્યોગો તરફથી જરૃરી માર્ગદર્શન ન મળી રહે તો તેમની જરૃરિયાત મુજબનો અભ્યાસક્રમ ન બને જેથી વિદ્યાર્થીઓમાં રોજગારીનું પ્રમાણ પણ જોઈએ એટલું નહીં જ થાય તે વાત નક્કી છે. નવી શિક્ષણ નીતિ પ્રમાણે વિદ્યાર્થી જે તે અભ્યાસક્રમ માં વધારે વિષયો લઈ તેના નિયત સમય કરતા વહેલો અભ્યાસક્રમ પૂરો કરી શકે છે તેવી જોગવાઈ છે. પરંતુ યુનિવર્સિટીઓ દ્વારા અભ્યાસક્રમ નું માળખું પહેલેથી તૈયાર ન થતા આ પણ શક્ય બને તેમ લાગતું નથી. મેં જ્યારે ૧૯૯૦ માં બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વિદ્યાનગર ખાતે એન્જિનિયરિંગમાં એડમિશન લીધું હતું ત્યારે તે વર્ષે કોલેજ દ્વારા નવી ક્રેડિટ સિસ્ટમ દાખલ કરવામાં આવી હતી. આ સિસ્ટમમાં કોલેજના પ્રથમ દિવસે જ ચાર વર્ષના અભ્યાસક્રમોના વિષયો તેના વિગતવાર ટોપિક તેમજ ક્રેડિટ સાથે આપી દેવામાં આવ્યા હતા. તે વર્ષની એન્ટ્રી ના વિદ્યાર્થીઓ માંથી ૧૨ વિદ્યાર્થીઓએ ચાર વર્ષનો ડિગ્રી એન્જિનિયરિંગનો કોર્સ સાડા ત્રણ વર્ષમાં પૂર્ણ કરેલ હતો. તો આવું આગવું આયોજન આજની યુનિવર્સિટીઓ કેમ કરી શકતી નથી?

**પ્રકૃતિ કે નિસર્ગ સાથે સંકળાયેલો માણસ તેનાથી અલિપ્ત કેમ રહી શકે? માનવ આંતર બાહ્ય પ્રકૃતિ સાથે તાલમેલ સાધીને રહે છે**

# ચાલો આ વસંત પંચમી એ પ્રકૃતિનું સૌંદર્ય બરકરાર રાખવાનો સંકલ્પ લઈએ



**સદ્ગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પ્રકૃતિનું સૌથી રમણીય રૂપ જોવુ હોય તો વસંત પંચમીથી, કુદરતને ધ્યાનથી નિહાળવાનું શરૂ કરો, સોળે કળાએ ખીલી ઊઠેલી પ્રકૃતિ, સૌંદર્યની લહાણ કરતી હોય એમ સૌને આકર્ષે છે, આપણે જેમ ઉત્સવ ઊજવીએ છીએ, તેમ પ્રકૃતિ પણ પોતાનો ઉત્સવ ઊજવે છે, અને તે ઉત્સવના વધામણાં આપતો મહા સુદ પાંચમનો દિવસ એટલે વસંત પંચમી.**

મહા નવરાત્રી ની શરૂઆત થઈ ચૂકી છે અને આજે મહા સુદ પાંચમ એટલે વસંત પંચમીનો દિવસ છે. વસંતોત્સવનો તહેવાર શરું થશે. વસંત ને ઋતુરાજ પણ કહેવામાં આવે છે. વસંત ઋતુ એ સૃષ્ટિનું યૌવન છે, સૃષ્ટિ શણગાર સજે છે. પ્રકૃતિમાં સૂક્ષ્મ ઊર્જા સંચાર થાય છે. આ દિવસે કામદેવ અને રતિનું સુગંધિત પુષ્પ ને આંબાનાં મ્હોરથી પૂજન કરવાથી પ્રેમીઓને શાશ્વત પ્રેમની પ્રાપ્તિ થાય છે, એવી પણ એક ધારણા આ વસંત પંચમી સાથે સંકળાયેલી છે. જુદા જુદા મહત્વ ધરાવતી વસંત પંચમી વિશે થોડું જાણીએ. પ્રકૃતિનું સૌથી રમણીય રૂપ જોવુ હોય તો વસંત પંચમીથી, કુદરતને ધ્યાનથી નિહાળવાનું શરૂ કરો. સોળે કળાએ ખીલી ઊઠેલી પ્રકૃતિ, સૌંદર્યની લહાણ કરતી હોય એમ સૌને આકર્ષે છે. આપણે જેમ ઉત્સવ ઊજવીએ છીએ, તેમ પ્રકૃતિ પણ પોતાનો ઉત્સવ ઊજવે છે, અને તે ઉત્સવના વધામણાં આપતો મહા સુદ પાંચમનો દિવસ એટલે વસંત પંચમી. પ્રકૃતિ કે નિસર્ગ સાથે સંકળાયેલો માણસ તેનાથી અલિપ્ત કેમ રહી શકે? માનવ આંતર બાહ્ય પ્રકૃતિ સાથે તાલમેલ સાધીને રહે છે, પણ બાહ્ય પ્રકૃતિની અસરથી અંદરની પ્રકૃતિ પ્રભાવિત થાય છે, તેથી માનવ સમાજ પણ વસંત પંચમીનો ઉત્સવ, ઉલ્લાસ અને ઉમંગથી ઊજવે છે. એટલે જ કદાચ આપણે ત્યાં આ ઋતુમાં લગ્ન પણ યોજવામાં આવે છે, જેથી કરીને તેઓનું મિલન આલ્હાદક બને.



વસંત એ તો સૃષ્ટિનું યૌવન છે, અને યૌવન એ જીવનની વસંત છે. વસંતમાં એટલે જ નિસર્ગનો છલકાતો વૈભવ માણવા મળે છે.વસંતની કેટકેટલી વ્યાખ્યા કરીશું,વસંત એટલે જીવન ખિલવવાનો ઉત્સવ. વસંતઋતુ એટલે તરુવરોનો શણગાર. વસંત એટલે નવપલ્લવિત થયેલું, ખીલેલું, આમ્રકુંજોની મહોરની માદક સુવાસથી મહેંકી ઊઠેલું,તેમજ ઉલ્લાસ અને પ્રસન્નતાથી છલકાતું પ્રકૃતિનું વાતાવરણ. અને તેમાંયે કોયલનું મધુર કુંજન, પણ મનને આનંદવિભોર બનાવે છે. વસંત ઋતુ એટલે બધી રીતે સમાનતા. આ દિવસો દરમિયાન કડકડાતી ઠંડી લાગતી નથી કે પરસેવો પાડનારો તાપ પણ હોતો નથી, દરેકને ગમે તેવી ઋતુ, જીવનમાં વસંત ખીલવવી હોય તો જીવનમાં આવનારાં સુખદુ:ખ, જયપરાજય, યશઅપયશ વગેરેમાં સમાનતા રાખતા આવડવી જોઈએ. વનસ્પતિ સૃષ્ટિની જેમ માનવ જીવનમાં પણ પાનખર આવે જ છે,ત્યારે ઈશશ્રદ્ધા રાખી પોતાના પુરુષાર્થમાં મક્કમતાથી આગળ વધીશું તો પ્રભુ આપણું જીવન ખીલવશે જ, એવા આશાદીપને સતત પ્રજવલિત રાખવાનું સૂચન વસંત કરે છે. તે આપણું જીવન હરિયાળું બનાવશે જ, તેની શ્રદ્ધા રાખવાની છે.વસંત ઋતુ એક વેદકાલીન પર્વ પણ છે. આ દિવસે બ્રાહ્મણો પોતાના બાળકોનો ઉપનયન સંસ્કાર કરી ઋષિ આશ્રમમાં પ્રવેશ આપતા. સતી જ્યારે દક્ષ યજ્ઞમાં પોતાની જાતને સમહિત કરે છે, અને શંકર ભગવાન તેના વિયોગમાં સમાધિમાં લીન થઈ જાય છે, ત્યારબાદ હિમાચલ પુત્રી તરીકે સતીનો જન્મ થાય છે, અને પાર્વતી સાથે તેના લગ્ન કરાવવા માટે શંકરની સમાધી તોડવા માટે પણ કામદેવને વસંત ઋતુનો સહારો લેવો પડે છે, અને એ ચોપાઈ મા પણ વસંતનું વર્ણન કરવામાં આવે છે. આપણે બધા જ જાણીએ છીએ, કે શંકરની સમાધી તૂટતા જ તે કામદેવને ભસ્મ કરી નાખે છે, અને તેની પત્ની જ્યારે શંકર ભગવાન પાસે વિલાપ કરે છે, ત્યારે શંકર ભગવાન તેને વરદાન આપે છે, કે તારો પતિ દરેકમાં કામ બની જીવશે, એટલે આ ઋતુનો સહારો લીધો હોવાની આ સમય દરમિયાન કામનું પ્રભુત્વ વધુ જોવા મળે છે. બીજી એક પ્રણાલીકા એ છે કે સૃષ્ટિમાં જે દિવસે બ્રહ્માજીએ શબ્દ ઉર્જાનો સંચાર કર્યો હતો, અને એ કરવા માટે મા સરસ્વતીની ઉત્પત્તિ જે દિવસે થઈ હતી એ દિવસ વસંતપંચમી હતી.એટલે કે અવાજ ને સૂર લયમાં કે સ્વરમાં શબ્દ વાચા મળી હતી.આપણે અગાઉના ચિંતનમાં ક્યારેક વાત કરી હતી કે પ્રકૃતિમાં પણ ધીમું સંગીત વહેતું હોય છે, અને તે જેને સંભળાય છે,તેને ખબર હશે કે અને તેની પોતાની એક આગવી ભાષા પણ છે.આ દિવસે સરસ્વતીનાં બાર નામનો મંત્ર જાપ કરવાથી કલાની પ્રાપ્તિ થાય છે, એવી પણ એક પ્રણાલી છે. ભારતી, સરસ્વતી, શારદા, હંસવાહિની, જગતી, વાગીશ્વરી, કુમુદી, બ્રહ્મચારિણી, બુદ્ધિદાત્રી, વરદાયિની, ચંદ્રકાંતિ ભુવનેશ્વરી. શબ્દ ઉર્જા આપણને આ દિવસે પ્રાપ્ત થઈ હોવાથી, શિક્ષણક્ષેત્રે આ દિવસે સરસ્વતી પૂજન કરવામાં આવે છે. બદલાતા સમય સાથે આપણે ટેકનોલોજીની નજીક, અને કુદરતથી દૂર થતા જઈ રહ્યા છે. તેવા સમયે કુદરતના રૂપને નિહાળીશુ તો ખ્યાલ આવશે, કે આપણે કોની અવગણના કરી રહ્યા છીએ, અને શુ ગુમાવી રહ્યા છીએ. એમાં પણ આજના વિજ્ઞાનની તરક્કીથી આપણે પ્રકૃતિ ને કેટલું નુકશાન પહોંચાડી રહ્યા છીએ, તેનો આપણને અંદાજ પણ નથી. વિદેશમાં જે રીતે પ્રકૃતિનું સૌંદર્ય સચવાય છે એ રીતે આપણે ત્યાં થતું નથી, જ્યાં હોય ત્યાં કચરો, વેસ્ટેજ પ્લાસ્ટિકની બેગ અને શીશા તથા અન્ય વેસ્ટ! તેમજ હવે તો નદીઓ માં ઔધ્યોગિક કચરો ઠલવાય છે! આ બધું બંધ થવું જોઈએ! સરકાર નિયમો બનાવે પણ જ્યાં સુધી સેલ્ફ ડિસીપ્લીન ન આવે ત્યાં સુધી બધું નકામું! બાકી કુદરતી સૌંદર્ય તો આપણ ત્યાં પણ અઢળક છે. જીવ ની રીતે તો આજના દિવસે આપણે ઈશ્વર સમાન નિસર્ગ કહો કે, પ્રકૃતિ કહો, કે પછી સૃષ્ટિ કહો તેનું સંવર્ધન કરવાના પ્રયાસ કરીશું એવો સંકલ્પ લઈને આજનો તહેવાર ઉજવવો જોઈએ, નહીં તો આવતી પેઢી માટે કદાચ વસંતનું આ સૌંદર્ય જ નહીં રહે,! જે હજી આજે પ્રમાણમાં આપણે માણી શકીએ છીએ. વિચાર કરીએ તો શંકરની સમાધિ તોડાવી શકે એવી વસંતની કલ્પના પણ આલ્હાદક છે,જે તુલસીદાસજી એ રામાયણમાં કરી છે, અને આજે એવી આલ્હાદકતા વસંતમાં નથી.એટલુ નુકશાન તો આપણે કરી જ ચૂક્યા છીએ,અને હવે જો આમ જ રહેશે તો ફક્ત કલ્પના માત્ર રહી જશે કે વૃક્ષ-વનસ્પતિમાં નવું ચેતન ઊભરાય છે, ડાળી ડાળીએ નવું જીવન રેડાય છે, લીલા પર્ણો ફૂટે છે, આમ્રવૃક્ષોનો ઉત્સાહ સમાતો નથી, વૃક્ષોમાં પણ જીવ છે, વિવિધ પુષ્પોની સુગંધથી વાતાવરણ છલકાય છે, વસંતઋતુના કામણ પણ અજબ હોય છે, રૂપ, રસ, રંગ, સુગંધ, પંચમસ્વર વગેરેની વસંત પંચમીના દિવસે રંગત જામે છે, લગ્નના ઉત્સવ-સામૈયાનું આયોજન કરવામાં આવે છે. ઋતુરાજ વસંતનો વિજય થાય છે. ભલભલા મુનિવર્યોને કે મુનિવરોને વસંતે પીગળાવી નાંખ્યાં છે. ઈમાનદારી થી સ્વીકારવું પડે કે હકીકતમાં વર્ણન કરીએ છીએ એવો અનુભવ થતો નથી,હા પ્રમાણમાં ઋતુ પ્રભાવ જરુર બદલાય છે,તો બસ ગુગલ સર્ચ કરીને આવો નિબંધ જ આવતી પેઢી લખશે, જેણે આજના ચિંતનમાં પણ ઘણીવાર થોડી મદદ કરી છે. આજનાં દિવસે પીળા રંગનું પણ ખૂબ મહત્વ છે, મા સરસ્વતીને પીળા વસ્ત્ર પહેરાવી, પીળા ચંદનનો તિલક કરી પીળા પુષ્પથી પૂજન કરવામાં આવે છે, ઉપરાંત પીળા ભાત રાંધી તેનો ભોગ ધરાવવામાં આવે છે, અથવા ન હોય તો પીળી બુંદીના લાડુ,કે અન્ય પીળા રંગની મીઠાઈ ધરાવવામાં આવે છે.આપણે સૌ આ તહેવાર અનુરૂપ અંતરમાં શુદ્ધ સાત્વિક પ્રેમ ભરેલા હદયથી સદાકાળ એકબીજા સાથે જોડાયેલા રહીએ તે આ તહેવાર નું ખરું મહાત્મ્ય છે, અને એ આજના સમયની માંગ છે.

**પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી, જીવને પરમાત્માનાં દર્શનની આતુરતા જાગે છે, પ્રભુ કૃપાથી સંત મળે છે**

# જીવ બહિર્મુખને બદલે અંતર્મુખ બને તો તે અંતર્યામીને ઓળખી શકે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કળિયુગના મનુષ્યો પોતાને ચતુર સમજે છે, પણ સંસારના વિષયો પાછળ પડે તે ચતુર શાનો? શાસ્ત્ર કહે છે સો કામને છોડીને ભોજન કરવું, હજાર કામ છોડીને સ્નાન કરવું, લાખ કામ છોડીને દાન કરવું અને કરોડ કામ છોડીને પ્રભુનું સ્મરણ કરવું, શૌનકજી કહે છે કે, અમને વિસ્તાર પૂર્વક શ્રીકૃષ્ણકથા સંભળાવો, શ્રી કૃષ્ણ કથામાં તૃપ્તિ નથી, તેમ દર્શનમાં પણ અમને તૃપ્તિ નથી.**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરીએ તો આપણે ઘરનાં કાર્યો કર્યા પછી માળા ફેરવવી એમ નહીં, પરંતુ પ્રભુના નામનો જપ કર્યા પછી, માળા ફેરવ્યા પછી બધાં કાર્ય કરો. કરોડ કામ છોડીને પહેલું ભાગવત સ્મરણ કરવું. કળિયુગમાં મનુષ્યો જે કરવાનું છે તે કરતાં નથી અને જે નથી કરવાનું તેને પહેલું કરે છે એટલે કળિયુગમાં મનુષ્યને અચતુર અને મંદબુદ્ધિશક્તિવાળો કહ્યો છે. કળિયુગના મનુષ્યો પોતાને ચતુર સમજે છે, પણ સંસારના વિષયો પાછળ પડે તે ચતુર શાનો? શાસ્ત્ર કહે છે સો કામને છોડીને ભોજન કરવું,હજાર કામ છોડીને સ્નાન કરવું, લાખ કામ છોડીને દાન કરવું અને કરોડ કામ છોડીને પ્રભુનું સ્મરણ કરવું. શૌનકજી કહે છે કે,અમને વિસ્તાર પૂર્વક શ્રીકૃષ્ણકથા સંભળાવો. શ્રીકૃષ્ણકથામાં તૃપ્તિ નથી, તેમ દર્શનમાં પણ અમને તૃપ્તિ નથી. ભગવાનની મંગલમય અવતાર-કથાઓનું અને ભગવાન ની લીલા કથાનું વર્ણન કરો. કળિયુગમાં અધર્મ વધે છે, ત્યારે ધર્મ કોને શરણે જાય છે?તે અમને કહો. સમુદ્ર પાર કરવા વાળા ને જેમ કર્ણધાર નાવિક મળી જાય તેમ આપ અમને મળ્યા છો. પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી. જીવને પરમાત્માનાં દર્શનની આતુરતા જાગે છે. પ્રભુ કૃપાથી સંત મળે છે. સ્વાદ ભોજનમાં નહીં પણ ભૂખમાં છે. મનુષ્યને પરમાત્માને મળવાની ભૂખ ન જાગે ત્યાં સુધી તેને સંત મળે તો પણ તેને તેમાં સદભાવ થતો નથી. વક્તાનો અધિકાર સિદ્ધ થવો જોઈએ. તે પ્રમાણે શ્રોતાનો અધિકાર પણ સિદ્ધ થવો જોઈએ. શ્રવણનાં ત્રણ પ્રધાન અંગો છેઃ શ્રદ્ધા શ્રોતાએ એકાગ્રતાથી,શ્રદ્ધા થી કથા સાંભળવી. જિજ્ઞાસા. શ્રોતામાં જિજ્ઞાસા હોવી જોઈએ. જિજ્ઞાસા ન હોય તો મન ઉપર કથાની અસર થશે નહીં. જાણવાની જિજ્ઞાસા ન હોય તો તેને કથા શ્રવણથી વિશેષ લાભ થતો નથી. નિમત્સરતા. શ્રોતાને જગતમાં કોઈ જીવ પ્રત્યે મત્સરભાવ ન હોવો જોઈએ. કથામાં દીન થઈને જવું જોઈએ. શિષ્યનો પણ અધિકાર જોવાય છે, શ્રોતાનો પણ અધિકાર જોવાનો છે. એક મહાત્મા રામાયણની કથા કરતા હતા. કથા પૂરી થઈ. એક જણે મહાત્માને પૂછ્યું,આપે કથા કહી પણ મને સમજાયું નહીં કે રાવણ રાક્ષસ હતો કે રામ રાક્ષસ હતા. મહાત્માએ કહ્યું, રાવણ રાક્ષસ નહીં કે રામ પણ રાક્ષસ નહીં. રાક્ષસ તો હું જ કે તને કશું સમજાવી શક્યો નહીં. અહીં શૌનક મુનિ સૂતજીને કહે છે કે, ભાગવત કથામાં અમને શ્રદ્ધા છે. તમારા પ્રત્યે આદર છે. અનેક જન્મોના પુણ્યનો ઉદય થાય, ત્યારે તમારા જેવા અધિકારી વક્તાના મુખેથી કથા સાંભળવાની તક મળે છે. અધિકારી વક્તાને અધિકારી શ્રોતા રુક્ષ્મણીએ શ્રીકૃષ્ણ પરના પોતાના પત્રમાં લખ્યું છે, તમારી કથા સાંભળીને તમને પરણવાની ઈચ્છા થઈ.‘સાંભળી’ને શબ્દ સમજવાનો છે. ભગવાનના ગુણો સાંભળવાથી ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે. શ્રોતામાં વિનય જોઈએ તેમ વક્તામાં પણ વિનય જોઈએ. સૂતજી વિનયનો આદર્શ દાખવે છે.સૂતજીએ શ્રોતાઓને ધન્યવાદ આપ્યો છે. સૂતજી કહે છે,તમે સૌ સુયોગ્ય શ્રોતા છો. તમે શાંતિથી શ્રવણ કરો છો. એટલે મારું મન ભગવાનમાં સ્થિર થાય છે. તમે જ્ઞાની છો, પ્રભુપ્રેમમાં પાગલ છો. પરંતુ મારું કલ્યાણ કરવા તમે પ્રશ્ન કરો છો. કથા કરી હું તો મારી વાણીને પવિત્ર કરવા બેઠો છું. બાકી પ્રભુ નો મહિમા ગાનાર હું કોણ? આરંભમાં સૂતજી શુકદેવજીને વંદન કરે છે, તે પછી ભગવાન નારાયણને નમસ્કાર કરે છે. ભારતના પ્રધાન દેવ નારાયણ છે. શ્રીકૃષ્ણ ગોલોકમાં પધાર્યા છે. સર્વ અવતારોની સમાપ્તિ થાય છે આ નારાયણની સમાપ્તિ થઈ નથી અને થવાની નથી. ભારતની પ્રજાનું કલ્યાણ કરવા તે આજે તપશ્ચર્યા કરે છે. શ્રી શંકરાચાર્યજી તો પરમ યોગી. તેઓ નરનારાયણનાં દર્શન કરે છે ત્યારે કહે છે કે, હું આપ નાં દર્શન કરી શક્યો,પણ કળિયુગમાં ભોગી માણસો પણ આપનાં દર્શન કરી શકે તેવી કૃપા કરો. ભગવાને તે વખતે આદેશ કર્યો કે, બદરિનારાયણમાં નારદ કુંડ છે ત્યાં સ્નાન કરો.ત્યાંથી મારી મૂર્તિ મળશે તેની સ્થાપના કરો. બદરિ નારાયણ ભગવાનની સ્થાપના શંકરાચાર્ય જીએ કરી છે. મનથી માનસદર્શનનું બહુ પુણ્ય લખ્યું છે. માટે મનથી નારાયણને પ્રણામ કરો. બદરિનારાયણમાં લક્ષ્મીજીની મૂર્તિ મંદિરની બહાર છે.અંદર નારાયણ તપસ્યા કરે છે. તપશ્ચર્યામાં સ્ત્રીનો,દ્રવ્યનો, બાળકનો સંગ બાધક છે. તેથી નારાયણે લક્ષ્મીજીને કહ્યું છે કે તમે બહાર બેસીને ધ્યાન કરો, હું અંદર બેસીને ધ્યાન કરીશ. બદરિનારાયણમાં નારાયણની મૂર્તિને ચંદનની પૂજા કરવામાં આવે છે, એ જોઈ એક ભક્તે બદરિનારાયણના પૂજારીને પૂછ્યુ કે, આવી સખત ઠંડીમાં ઠાકોરજી ને તમે ચંદનની પૂજા કેમ કરો છો? પૂજારીએ કહ્યું અમારા ઠાકોરજી તપશ્ચર્યા ખૂબ કરે છે, તેથી ઠાકોર જીને ગરમી બહુ થાય છે. એટલે ચંદનની પૂછ કરવામાં આવે છે. સૂતજી સરસ્વતીને, વ્યાસજીને વંદન કરે છે અને પછી કથાનો આરંભ કરે છે. જેનાથી ભક્તિનો ઉદય થાય એ મનુષ્યનો સૌથી મોટો ધર્મ આ ભક્તિ પણ એવી જોઈએ, જેનાથી આત્મા પ્રસન્ન થાય. જેમાં ફળની કામના ન હોય અને જે નિર્વિઘ્ન ચાલ્યા કરે. આવી ભક્તિને અહેતુકા ભક્તિ કહે છે. જીવને ભગવાન કહે છે કે, તું મારો જ અંશ છે. તું મારામાં આવી જા.જીવાત્મા અંશ છે, પરમાત્મા અંશી છે. અહીંથી અંશ વિખૂટો પડ્યો છે તેથી તે દુઃખી છે. તે અંશ અંશીમાં એટલે ઈશ્વરમાં મળી જાય તો જીવ સુખી થાય. નરએ નારાયણનો અંશ છે. અંશ એટલે કે નર. અંશી એટલે કે નારાયણને ન મળે ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી. કોઈ પણ રીતે સાથે એક થવાની જરૂર છે. જ્ઞાનીઓ જ્ઞાનથી અભેદ સિદ્ધિ કરે છે. વૈષ્ણવ મહાત્માઓ પ્રેમથી અદ્વૈત સિદ્ધ કરે છે. પ્રેમની પરિપૂર્ણતા અદ્વૈતમાં છે. ભક્ત અને ભગવાન છેવટે એક છે. ગોપી અને શ્રીકૃષ્ણ એક છે. જીવને ઈશ્વરનો વિયોગ થયો છે એ સત્ય છે. આ વિયોગ કરવાથી અને કેમ થયો તેની પંચાત કરવાની જરૂર નથી,તેથી લાભ નથી. ધોતિયાને ડાઘો પડયો હોય તો તે ક્યારે પડયો અને કેમ પડ્યો તે વિચારવાથી ધોતિયું સ્વચ્છ થશે નહીં. તેણે તો ડાઘ જ દૂર કરવો જોઈએ. તે પ્રમાણે જીવ ઈશ્વરને મળવા માટે જ પ્રયત્ન કરે તે ઈષ્ટ છે. જીવ ભાગ્યશાળી ત્યારે બને જ્યારે તે નિર્ભય બને. જેને માથે કાળનો ભય છે તે નિર્ભય ક્યાંથી? ભાગ્યશાળી તે કે જેને મૃત્યુનો ભય નથી. મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ. જેનું જીવન શુદ્ધ છે તેનો હિસાબ ચોખ્ખો છે, બાકી જીવને હિસાબ આપતાં બીક લાગે છે. અનંતકાળે બીક લાગેછે, કરેલા પાપોની યાદથી મૃત્યુની બીક છે ત્યાં સુધી શાંતિ નથી. પણ કાળના કાળ ભગવાન જીવને અપનાવે, તો ભગવાનનો નોકર કાળ તેનું કાંઈ કરી શકતો નથી.જેને શેઠનો આશરો એને નોકર શું કરી શકે? જીવ અને ઈશ્વર બંને એક સાથે બેઠા છે, છતાં ઈશ્વરને ઓળખી શકાતો નથી.જીવ બહિર્મુખને બદલે અંતર્મુખ બને તો તે અંતર્યામીને ઓળખી શકે છે. ગંગાકિનારે રહેતા એક સંત- મહાત્મા પાસે પારસમણિ હતો. પારસમણિ મેળવવા એક મનુષ્ય સંતની સેવા કરવા લાગ્યો. સંતે કહ્યું કે, હું ગંગાસ્નાન કરી આવું પછી તને પારસમણિ આપીશ સંત ગયા પેલાનું મન તલપાપડ થવા લાગ્યું.સંતની ગેરહાજરીમાં એ આખી ઝૂંપડી ફેંદી વળ્યો, પરંતુ પારસમણિ હાથ ન લાગ્યો. સંત પધાર્યા.સંતે કહ્યું, આટલી ધીરજ ન રાખી શક્યો? પારસમણિ તો મેં પેલી લોખંડની દાબડીમાં મૂક્યો છે તેમ છતાં આ લોખંડની દાબડી સોનાની કેમ ન થઈ?ત્યારે સંતે કહ્યું, ભાઈ, જોને, પારસમણિ આ ચીંથરામાં બાંધેલો છે. તેથી પારસમણિ અને લોખંડ નો સ્પર્શ થઈ શકતો નથી. એટલે દાબડી સોનાની ક્યાંથી થાય ?તેવી રીતે જીવ અને ઈશ્વર હૃદયમાં જ છે,પણ વાસનાના આવરણને લઈને તેનું મિલન થતું નથી.એટલે કે ઈશ્વરનો સ્પર્શ પામી શકતો નથી. જીવાત્માએ દાબડી છે. પરમાત્માએ પારસ મણિ છે. વચમાંનું અહંતા મમતા રૂપી ચીંથરું દૂર કરવાનું. વાચક ચાહક મિત્રો, રાજયમાં હવામાનમાં ઊલટ પલટ થશે તેવી આગાહીના કારણે ખેડૂતોના જીવ તાળવે ચોંટયા છે કે મોં સુધી આવેલ કોળીયો છીનવાઈ તો નહી જાય ને ,? જીરૂ વરિયાળી ઘઉં એરંડા સહીત રવિ પાક આ વર્ષે સારા છે. કુદરત થોડી કૃપા કરે તો બધું સારું રહે..મહાકુંભ ૧૪૪મો ચાલે ત્યારે આપણે પણ પ્રાર્થના કરીએ કે બધું સારું થાય અસ્તુ.

### દરેક વ્યક્તિ ફિલ્મ વિશે જાણવા માંગે છે પરંતુ તે જાણી શકતું નથી

# SRK ટૂંક સમયમાં સિદ્ધાર્થ આનંદ સાથે કિંગ માટે શૂટિંગ શરૂ કરશે

જ્યારથી શાહરૂખ ખાને ૨૦૨૩ માં પઠાણ સાથે તેનું જોરદાર પુનરાગમન કર્યું ત્યારથી, જવાન અને ડંકી સાથેની સફળતા બાદ, ચાહકો તેના આગામીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અભિનેતાની ૨૦૨૪ માં કોઈ રજૂઆત થઈ ન હતી અને આ વર્ષે પણ કેસ સમાન છે. જો કે, કિંગ ખાન બહુવિધ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યો છે અને તેમાંથી એક માર્ચની શરૂઆતમાં ફ્લોર પર જવા માટે તૈયાર છે. સુપરસ્ટાર કિંગ માટે તેના પઠાણ દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદ સાથે ફરી જોડાય છે અને ક્રૂ ફ્લોર પર જવાની તૈયારી કરી રહ્યો છે. આ એક મહત્વપૂર્ણ ફિલ્મ છે અને દરેક જણ, મીડિયાથી લઈને ચાહકો સુધી, આ ફિલ્મ વિશેની કોઈપણ અને તમામ માહિતી પર હાથ મેળવવા માટે જોઈ રહ્યા છે. જો કે, નિર્માતાઓએ તેની ખાતરી કરવા માટે એક યોજના બનાવી છે કે શાહરૂખ ખાન અભિનીત તેમની ફિલ્મની આસપાસની દરેક વસ્તુ શક્ય તેટલી નજીકથી સુરક્ષિત રહે. અમે સાંભળ્યું છે કે નિર્માતાઓને શૂટ માટે બોર્ડમાં ઉચ્ચ ક્યૂરેટેડ ટીમ મળી રહી છે. ક્રૂ, ટેકનિશિયન, એક્સ્ટ્રા - દરેક જે કિંગનો ભાગ બનવા જઈ રહ્યો છે તે એવી વ્યક્તિ છે જેની સાથે ટીમ અગાઉ કામ કરી ચૂકી છે. ''સિદ્ધાર્થ કોઈ લીક થાય તેવું ઈચ્છતો નથી અને તેથી શૂટ માટે ઓનબોર્ડ કરાયેલા તમામ ક્રૂ સભ્યો વિશ્વાસુ વ્યક્તિઓ છે જેમની સાથે તેણે અગાઉ કામ કર્યું છે,'' ઉદ્યોગના એક આંતરિક વ્યક્તિએ જણાવ્યું. તે યાદ કરી શકાય છે કે અત્યાર સુધી, શાહરૂખ ખાન ફિલ્મ માટે તેના દેખાવની પણ સુરક્ષા કરતો હતો, જાહેરમાં છત્ર હેઠળ છુપાઈને પાપારાઝી દ્વારા ક્લિક થવાથી બચવા માટે. ''નિર્માતાઓ જાણે છે કે કિંગની આસપાસ કઈ પ્રકારની ઉત્સુકતા છે. અને તેઓ ફિલ્મની અધિકૃત સંપત્તિઓ રિલીઝ ન થાય ત્યાં સુધી તેને તે રીતે રાખવા માંગે છે,'' સ્રોતે શેર કર્યું.



# નવા પ્રોમો વિશે બીએલ સાથે વાત કરી અને પીઢ અભિનેત્રી રેખાની પ્રશંસા કરી

ઘુમ હે કિસીકે પ્યાર મેં સૌથી વધુ પ્રિય શોમાંનો એક છે અને હાલમાં, આપણે તેની આસપાસ ઘણી બધી વાર્તાઓ સાંભળીએ છીએ. આ શોમાં ભાવિકા શર્મા અને હિતેશ ભારદ્વાજ મુખ્ય ભૂમિકામાં છે. તેઓ આ શોમાં સાવી અને રજતનું પાત્ર ભજવે છે. જો કે, નીચા રેટિંગને કારણે, નિર્માતાઓએ લીપ લેવાનું અને નવી વાર્તા લાવવાનું નક્કી કર્યું. ભાવિકા અને હિતેશ જનરેશન લીપ લે પછી શો છોડી દેશે. શોનો નવો પ્રોમો પણ રિલીઝ થયો છે અને હવે, અમારી પાસે શોના લીડ તરીકે વૈભવી હંકારે, પરમ સિંહ અને સનમ જોહર હશે. પીઢ અભિનેત્રી રેખા પ્રોમોનો એક ભાગ હતી અને તેણીએ શોના ત્રણ લીડનો પરિચય કરાવ્યો હતો. વાર્તા તેજસ્વિની વિશે છે જે એક છોકરા (સનમ દ્વારા ભજવાયેલ) સાથે પ્રેમમાં પડે છે. જો કે, તે તેણીને તેની કારકિર્દી માટે છોડી દે છે અને બાદમાં તેણીએ બીજા પુરુષ સાથે લગ્ન કરી લીધા (પરમ દ્વારા ભજવવામાં આવેલ). પરંતુ, તે આ લગ્નમાં ખુશ નથી. પાછળથી, તેણીને ખબર પડે છે કે તેણી જેને પ્રેમ કરતી હતી તે પાછો આવ્યો છે અને તે તેના વર્તમાન પતિનો ભાઈ છે. જ્યારે નવા પ્રોમોને દર્શકો તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો છે, ત્યારે ભાવિકા શર્મા ઉર્ફ સાવીને તે ગમ્યો છે. તેણીએ ખુમ હે કિસીકે પ્યાર મેંના નવા પ્રોમો વિશે બોલિવૂડલાઈફ સાથે વાત કરી હતી . તેણીએ કહ્યું, ''વૈભવી હંકારે, સનમ જોહર અને પરમ સિંહ અભિનીત શો ઘુમ હે કિસીકે પ્યાર મેંનો નવો પ્રોમો રસપ્રદ છે, અને રેખા જીને શોમાં ફરી એક વાર જોવી એ માત્ર જાદુઈ અને મંત્રમુગ્ધ છે! તેણી પાસે આટલો અવિશ્વસનીય વારસો છે, અને તેણીની હાજરી વાર્તામાં ખૂબ જ ઊંડાણ ઉમેરે છે.



### કાંડાનું હાડકું તૂટી ગયું

# અર્ચના પુરણ સિંહ સાથે ભયાનક અકસ્માત થયો

**આ અકસ્માત અર્ચના પુરણ સિંહ સાથે ત્યારે થયો જ્યારે તે રાજકુમાર રાવની ફિલ્મનું શૂટિંગ કરી રહી હતી**



૬૨ વર્ષની અર્ચના પુરણ સિંહની તબિયત ખરાબ છે. અભિનેત્રીના કાંડાનું હાડકું તૂટી ગયું છે. જે બાદ હાથની સર્જરી કરવામાં આવી અને હાથમાં તાર નાખીને તેને પ્લાસ્ટર કરવામાં આવ્યું. અર્ચનાની આ હાલત જોઈને તેનો નાનો દીકરો રડવા લાગ્યો. અર્ચનાનો આ અકસ્માત ફિલ્મના શૂટિંગ દરમિયાન થયો હતો. અભિનેત્રીએ શૂટિંગ સેટનો એક વીડિયો પણ શેર કર્યો છે જે તે અકસ્માતનો લાઈવ વિડિયો છે. જેમાં તેની જોરથી ચીસો પાડવાનો અવાજ આવી રહ્યો છે. જે બાદ તેને હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યો છે.આ અકસ્માત અર્ચના પિરણ સિંહ સાથે ત્યારે થયો જ્યારે તે રાજકુમાર રાવની ફિલ્મનું શૂટિંગ કરી રહી હતી. પછી અચાનક શૂટિંગ દરમિયાન તેના સેટ પરથી એક ચીસ સંભળાઈ. તેની હાલત એવી થઈ ગઈ હતી કે તેને તાત્કાલિક લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જોકે, હવે અભિનેત્રીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે અને તે ઘરે પરત ફરી છે.સેટ પર થયેલા અકસ્માતમાં અર્ચનાના કાંડાનું હાડકું તૂટી ગયું છે. જે બાદ ડોક્ટરોએ સર્જરી કરી અને એક તાર નાખ્યો અને પછી પ્લાસ્ટર લગાવ્યું. અર્ચનાએ આ વીડિયો તેના ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે. કેપ્શનમાં લખ્યું હતું - 'જે થાય છે, તે સારા માટે થાય છે.' હું હવે તેના પર વિશ્વાસ કરવાનો પ્રયાસ કરી રહ્યો છું. હું હવે ઠીક છું. હું સકારાત્મક રહેવાનો પ્રયાસ કરી રહ્યો છું. (હું ફક્ત એક હાથે કંઈ કરી શકતી નથી. હવે મને ખ્યાલ આવે છે કે તે કેટલું મુશ્કેલ છે).અર્ચનાએ આ વિડિયો શેર કરતાની સાથે જ ચાહકો ચોંકી ગયા. સેલિબ્રિટીઝથી લઈને તેમના ચાહકો સુધી, દરેક વ્યક્તિ સોશિયલ મીડિયા પર તેમના સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી રહ્યા છે. આ અંગે ટીવી અભિનેત્રી તસ્લીમે લખ્યું - 'હું તમારા ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું.' જ્યારે સુનીલ ગ્રોવરે લખ્યું, 'હું તમારા ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું, મેડમ.'

# બિગ બોસ ૧૮ના રજતે કરણની જીત પર ઘણી વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરી

બિગ બોસ ૧૮ સમાપ્ત થઈ ગયું છે પરંતુ સ્પર્ધકો હજી પણ ટ્રેન્ડ કરી રહ્યાં છે. કરણ વીર મેહરા પછી રજત દલાલ એ એલ્વિશ યાદવની 'ફોડકાસ્ટ'માં જોવા મળ્યો હતો. પાવર-લિફ્ટર બિગ બોસ ૧૮ નો બીજો રનર-અપ બન્યો. તે ખૂબ જ નિરાશ હતો કે ચાહકોનો મજબૂત સમર્થન હોવા છતાં તે શો જીતી શક્યો નહીં. એલ્વિશ યાદવ રજત દલાલને સમર્થન આપી રહ્યા હતા અને તેમણે તેમના ચાહકોને તેમને મત આપવા વિનંતી કરી હતી. તમામ પ્રયાસો છતાં તે સેકન્ડ રનર અપ બન્યો. 'ફોડકાસ્ટ' દરમિયાન રજત દલાલને આ વિશે પૂછવામાં આવ્યું હતું. પોડકાસ્ટમાંથી એલ્વિશ યાદવ અને રજત દલાલની વાતચીતના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. બિગ બોસ ઓટીટી ૨ વિજેતાએ રજત દલાલને પૂછ્યું - જ્યારે મુનાવર ફારુકી, એમસી સ્ટેન જેવા દિગ્ગજ કલાકારો વિવિયન ડીસેના અને એલ્વિશ યાદવ આર્મી રજત દલાલને ટેકો આપી રહ્યા હતા ત્યારે કરણ વીર મેહરા કેવી રીતે જીતવામાં સફળ થયા? આ માટે, પાવર-લિફ્ટરે બીભત્સ ખોદકામ કર્યું અને કહ્યું કે તે 'સોફ્ટવેર' છે જે કરણ વીર મેહરાને ટેકો આપી રહ્યો હતો. 'ફોડકાસ્ટ' દરમિયાન રજત દલાલને વિવિયન ડીસેના અને ઈશા સિંહ વિશે પણ પૂછવામાં આવ્યું હતું. તેની સાથે ચાહત પાંડે વિશે પણ વાત કરવામાં આવી હતી. વિવિયન ડીસેના બિગ બોસ ૧૮નો પ્રથમ રનર અપ બન્યો. ટોચના પાંચમાં કરણ વીર મેહરા, વિવિયન ડીસેના, રજત દલાલ, અવિનાશ મિશ્રા અને ચૂમ દરંગ હતા. કરણ વીર મહેરાની જીત પછી, તેના મિત્રો ચૂમ દરંગ અને શિલ્પા શિરોડકર તેના માટે ખુશ હતા. જોકે, અન્ય તમામ સ્પર્ધકો ચોંકી ગયા હતા. બિગ બોસ ૧૮ ના ઘરમાંથી બહાર નીકળ્યા પછી, કરણ વીર મહેરાએ તેની મિત્ર આશિતા ધવન માટે સ્ટેન્ડ લીધો કારણ કે તેણીને રજત દલાલના ચાહકો તરફથી અપમાનજનક સંદેશાઓ મળ્યા હતા. બિગ બોસ ૧૮ ના વિજેતાએ રજત દલાલના ચાહકોના 'ઝેરી વર્તન'ની નિંદા કરતી આશિતા ધવને લખેલી પોસ્ટને ફરીથી પોસ્ટ કરી, જેમણે તેને કથિત રીતે ટ્રોલ કર્યો હતો. આ તેની સાથે સારું ન થયું. રજતે ટૂંક સમયમાં એક વીડિયો બનાવ્યો જેમાં તે કરણ વીર મહેરાને પરોક્ષ રીતે ધમકી આપી રહ્યો હતો.



### પૃથ્વીરાજ કપૂરના પુત્ર તરીકે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો

# સૌથી સફળ સ્ટાર કિડ જેણે બ્લોકબસ્ટર્સ આપ્યા

બોલિવૂડ એ સૌથી મોટી સફળતા હાંસલ કરવાનો પ્રવેશદ્વાર છે! એવી ઘણી હસ્તીઓ છે જેમણે સંપૂર્ણ સમર્પણ અને સખત મહેનત દ્વારા ઉદ્યોગમાં ઓળખ અને નાણાકીય નફો મેળવ્યો છે. પછી સ્ટાર કિડ્સ છે. જો કે તેમને ફિલ્મોમાં સહેલાઈથી પ્રવેશ મળ્યો છે, પરંતુ તે પ્રતિભા છે જે ગણાય છે! આજે અમે તમને એક એવા દિગ્ગજ સ્ટાર વિશે જણાવીશું જેણે પોતાની પ્રતિભાથી ચાહકોને આકર્ષવામાં સફળ રહ્યા. તેઓ સૌથી પ્રતિષ્ઠિત પરિવારોમાંથી એક હતા અને તેમના પિતા હતા જેમણે શોબિઝ ઉદ્યોગમાં નોંધપાત્ર ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. હૃતિક રોશન, રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને અન્ય ઘણા સ્ટાર કિડ્સે સાબિત કર્યું છે કે તેઓ તમામ ખ્યાતિ અને નામના હકદાર છે. પરંતુ આ સ્ટાર કિડને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીની અત્યાર સુધીની શ્રેષ્ઠ પ્રતિભાઓમાંની એક માનવામાં આવે છે. તે એવા હતા કે જેમને તેમના ચાહકો દ્વારા પ્રેમ, પૂજ્ય અને પૂજવામાં આવતો હતો કારણ કે તેમની પાસે દરેકનું ધ્યાન આકર્ષિત કરવાની આભા હતી. સુપરસ્ટાર દિગ્ગજ સ્ટાર રાજ કપૂર છે . તેને બોલિવૂડના અત્યાર સુધીના સૌથી સફળ સ્ટાર કિડ્સમાં ગણવામાં આવે છે. તેમણે પૃથ્વીરાજ કપૂરના પુત્ર તરીકે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો, જો કે, તેમણે ભારતીય સિનેમાના ધ ગ્રેટેસ્ટ શો મેન, ભારતીય સિનેમાના ચાર્લી ચૅપ્લિન અને વધુ જેવા ખિતાબ કમાવાની સફળતા માટે પોતાનો માર્ગ બનાવ્યો. રાજ કપૂરની અભિનય યાત્રા ૧૯૩૫માં ફિલ્મ ઈન્કલાબથી શરૂ થઈ હતી. તેઓ બાળ કલાકાર તરીકે દેખાયા હતા. ૧૯૪૭માં તેને નીલ કમલના રૂપ માં પહેલી મોટી હિટ ફિલ્મ મળી. તે પછી તે આગ, આવારા, અનહોની, ચાર દિલ ચાર રહે અને ઘણી બધી મોટી ફિલ્મોમાં દેખાયો. તેની અત્યાર સુધીની સૌથી મોટી હિટ ફિલ્મ મેરા નામ જોકર રહી. તેણે ૨૩ વર્ષની ઉંમરે મુખ્ય હીરો તરીકે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો.



# એક ભાઈ પ્રોડ્યુસર, બીજો ભાઈ સુપરસ્ટાર

**સંજય કપૂરે ૧૯૯૫માં આવેલી ફિલ્મ પ્રેમથી ડેબ્યૂ કર્યું હતું, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે પછડાઈ**

સંજય કપૂરની કારકિર્દી ઉતાર-ચઢાવથી ભરેલી રહી છે. ભાઈ પ્રોડ્યુસર બોની કપૂર અને બીજો ભાઈ અનિલ કપૂર સુપર સ્ટાર છે. ફિલ્મી બેકગ્રાઉન્ડ હોવાથી તેણે પણ એક્ટિંગમાં કારકિર્દી બનાવવાનું પણ નક્કી કર્યું. પરંતુ તેણે એક ફ્લૉપ ફિલ્મથી પોતાની શરૂઆત કરી. ત્યારથી તે આજ સુધી સંઘર્ષની માયાજાળમાં ફસાયેલો છે.સંજય કપૂરે ૧૯૯૫માં આવેલી ફિલ્મ 'પ્રેમ'થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં તેની સાથે તબ્બુએ લીડ રોલ અદા કર્યો હતો. પરંતુ તે સમયે આ ફિલ્મ ખરાબ રીતે ફ્લૉપ ગઈ, પરંતુ તેની બીજી ફિલ્મની સફળતાએ તેને ખૂબ જ ઓળખ આપી. આમ છતાં, સંજય ત્રીસ વર્ષ પછી પણ સંઘર્ષ કરી રહ્યો છે. સંજય કપૂરે ૧૯૯૫માં આવેલી ફિલ્મ પ્રેમથી ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે પછડાઈ. પણ સંજયને ક્યાંકને ક્યાંક તો ઓળખ ચોક્કસ મળી. આ પછી તેણે તેની બીજી ફિલ્મથી જબરદસ્ત લોકપ્રિયતા મેળવી. જોકે, આમ હોવા છતાં તે ક્યારેય સુપરસ્ટાર બની શક્યો નહીં.સંજય કપૂરની ફ્લોપ ફિલ્મ પ્રેમને બનાવવામાં ૮ વર્ષ લાગ્યા. ફિલ્મના શૂટિંગ દરમિયાન સંજય કપૂર અને તબ્બુ વચ્ચે નિકટતા વધી ગઈ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સંજયે અભિનેત્રી સાથે છેતરપિંડી કરી અને બંને અલગ થઈ ગયા.સંજય કપૂરના પરિવારમાં ઘણા એવા લોકો રહે છે, જેમણે ઈન્ડસ્ટ્રી પર કબજો જમાવ્યો છે. સંજય કપૂરનો આખો પરિવાર બોલિવૂડમાં એક્ટિવ છે. સંજય કપૂરના ભાઈ અનિલ કપૂર દિગ્ગજ એક્ટર અને બોની કપૂર એક સફળ પ્રોડ્યુસર છે. સંજય કપૂરે કરિયામાં કેટલીક હિટ ફિલ્મો આપી છે. તેની આ ફિલ્મો તેને ક્યારેય કારકિર્દીની ટોચ પર લઈ જઈ શકી નથી. કહેવામાં આવે છે કે, હિટ ફિલ્મ આપ્યા પછી એક્ટર પાસે ફિલ્મોની હારમાળા લાગી જાય છે. પરંતુ સાલ ૨૦૦૯માં આપેલા એક ઈન્ટરવ્યૂમાં સંજય કપૂરે કહ્યું હતું કે, 'એવું કહેવાય છે કે, સફળતા બધું બદલી નાખે છે.'





### સલમાન ખાનને લાર્જર ધેન લાઇફ અવતારમાં રજૂ કરવાનો છે

# સલમાનની ઈદની રિલીઝનું ટ્રેલર સારો અનુભવ હશે

**ટ્રેલર જાદુ કરે છે અને જો તે તાર પર પ્રહાર કરે છે, તો સિકંદરને કોઈ રોકી શકશે નહીં**

સલમાન ખાનની સિકંદર ૨૦૨૫ની મોસ્ટ અવેઈટેડ ફિલ્મ છે અને આજે અમે તમારા માટે ભાઈની ઈદ રિલીઝના ટ્રેલર વિશે એક જોરદાર અપડેટ લઈને આવ્યા છીએ. નિર્માતાઓ એક ટ્રેલર કાપવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે જે બોક્સ ઓફિસ પર ફિલ્મ માટે જોરદાર ઓપનિંગની ખાતરી આપે છે. નવા વર્ષ ૨૦૨૫ નો પહેલો મહિનો પૂરો થઈ ગયો છે અને જ્યારે આપણે સ્ક્રીન પર રિલીઝ થયેલી કેટલીક મોટી મૂવીઝ જોઈ છે, ત્યાં બોક્સ ઓફિસને તોડી નાખે એવું કંઈ નહોતું. ૨૦૨૪ માં ભૂલ ભુલૈયા ૩ પછી બોલિવૂડ બોક્સ ઓફિસને ખરેખર નિંદ્રામાંથી બહાર લાવવા માટે સલમાન ખાનની ઈદ પર રિલીઝ થયેલી સિકંદર પર વેપારની નજર છે. સિકંદર પાસે તે માટે બધું જ છે - સલમાન ગયા વર્ષે સ્લોટ ચૂકી ગયા પછી ઈદ પર પાછો આવી રહ્યો છે (છેલ્લા) ૨૦૨૩માં ઈદ રિલીઝ કિસી કા ભાઈ કિસી કી હાં). તે પ્રથમ વખત રાષ્ટ્રીય ક્રશ રશ્મિકા મંદન્ના સાથે જોડી બનાવી રહ્યો છે આ ફિલ્મનું દિગ્દર્શન એ.આર. મુરુગાદોસ દ્વારા કરવામાં આવ્યું છે, જેઓ જાણે છે કે લાર્જર ધેન લાઈફ એક્શન એન્ટરટેઈનર્સ કેવી રીતે રજૂ કરવામાં આવે છે અને સાજિદ નડિયાદવાલા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવે છે , જેઓ સલમાન ખાનને તેના દર્શકો સમક્ષ કેવી રીતે રજૂ કરવો તે સારી રીતે જાણે છે. જો કે, વેપાર હજુ પણ લાગે છે કે ફિલ્મના ટ્રેલર પર ઘણું નિર્ભર છે. ઈન્ડસ્ટ્રીના એક ઈન્સાઈડર અમને કહે છે કે, ''દરેક જણ સલમાન ખાનના સિકંદર માટે રુટ કરી રહ્યા છે. તે વર્ષની સૌથી મોટી બોલિવૂડ ફિલ્મ છે. શાહરૂખના પઠાણની દરેક લોકો રાહ જોઈ રહ્યા હતા. સલમાનને પણ કોઈ મોટી સફળતા મળી નથી.




# કરણ જોહર ઇબ્રાહિમ અલી ખાનને 'સરઝમીન' ફિલ્મથી ડેબ્યૂ કરાવશે

**કરણે ઇબ્રાહિમના ડેબ્યૂની પુષ્ટિ કરતી એક પોસ્ટ લખી, જ્યાં તેણે ખાન પરિવાર માટે તેના હૃદયમાં રહેલા પ્રેમને વ્યક્ત કર્યો**

પટૌડી પરિવારના નાના નવાબ ઈબ્રાહિમ અલી ખાન ટૂંક સમયમાં ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કરવાના છે તેવી ચર્ચા ખૂબ ચાલી રહી છે. એવા સમાચાર હતા કે તે 'સરઝમીન' ફિલ્મથી ડેબ્યૂ કરશે. હવે ફિલ્મ નિર્માતા કરણ જોહરે આ સમાચારની પુષ્ટિ કરી છે. જોકે તેમણે ફિલ્મના નામની પુષ્ટિ કરી નથી, પરંતુ તેમણે ચોક્કસ કહ્યું કે ઈબ્રાહિમનું લોન્ચિંગ ફક્ત તેમના બેનર હેઠળ જ થશે.કરણે ઈબ્રાહિમના ડેબ્યૂની પુષ્ટિ કરતી એક પોસ્ટ લખી, જ્યાં તેણે ખાન પરિવાર માટે તેના હૃદયમાં રહેલા પ્રેમને વ્યક્ત કર્યો. તેમણે એ પણ કહ્યું કે તેઓ આ પરિવારનો કેટલો આદર કરે છે. કરણે જણાવ્યું કે સૈફના પરિવાર સાથે તેનો સંબંધ ૪૦ વર્ષ જૂનો છે, જ્યારે તે માત્ર ૧૨ વર્ષનો હતો, ત્યારે તે પહેલી વાર અભિનેત્રી અમૃતા સિંહને મળ્યો હતો. અમૃતા સૈફની પહેલી પત્ની અને ઈબ્રાહિમની માતા છે.ઈબ્રાહિમના ઘણા ડેશિંગ ફોટા શેર કરતા કરણે લખ્યું, ''હું ૧૨ વર્ષનો હતો ત્યારે અમૃતા અથવા ડિંગી (જેમ કે તેને પ્રેમ કરનારાઓ કહે છે) ને મળ્યો હતો. તેમણે મારા પિતા સાથે ધર્મા મૂવીઝ માટે ફિલ્મ દુનિયામાં કામ કર્યું હતું. કેમેરા સામે તેમની કૃપા, ઉર્જા અને ભાષા પરનો તેમનો કબજો મને હજુ પણ યાદ છે. પણ મને સૌથી વધુ યાદ છે તે અમારી પહેલી મુલાકાત પછી તેની અને તેના હેરસ્ટાઈલિસ્ટ સાથે સૌથી અદ્ભુત ચાઈનીઝ ડિનર હતું. તે પછી જેમ્સ બોન્ડ ફિલ્મ. જ્યારે અમે મળ્યા, ત્યારે તેમણે મને પોતાના જેવો જ વ્યવહાર કર્યો. અને આ તેમના વ્યક્તિત્વની શક્તિ હતી, જે હજુ પણ તેમના અને તેમના બાળકો દ્વારા જીવંત છે.આગળ, કરણે સૈફ વિશે વાત કરી અને લખ્યું- સૈફ સાથે, આ ત્યારે બન્યું જ્યારે અમે પહેલી વાર આનંદ મહેન્દ્રુની ઓફિસમાં મળ્યા હતા. યુવાન, કૂલ, મોહક અને સહજ, બરાબર એવું જ લાગ્યું જેવું મને પહેલી વાર ઈબ્રાહિમને મળ્યું અને એક મજબૂત મિત્રતા જે અમારી પેઢીથી અમારા બાળકો સુધી ચાલુ રહેશે, સદભાગ્યે!હું આ પરિવારને ૪૦ વર્ષથી ઓળખું છું.



# રમત - ગમત સંકુલ દેવગઢ બારીયા ખાતે તાલીમ લઈ આર્ચરીમાં દાહોદને ગૌરવ અપાવતી ખરાડી ભાવિકા

## આજે મારો પરિવાર પણ મારી પ્રગતિથી ગૌરવ અનુભવે છે એ મારા માટે ખુશીની વાત છે : ખરાડી ભાવિકા





। (માહિતી) દાહોદ, તા.૧ ।

સમગ્ર રાજ્યભરમાં આજે ખેલ મહાકુંભ ૩. ૦ ની તડામાર તૈયારીઓ થઈ રહી છે ત્યારે ૨. ૦ ના ખેલ મહાકુંભમાં આર્ચરી રમતમાં પ્રથમ આવનાર અરવલ્લી જિલ્લાના ભિલોડાની રહેવાસી અને દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા ખાતે આવેલ રમત - ગમત સંકુલ ખાતે વર્ષ ૨૦૧૭ દરમ્યાન પોતાની આર્ચરીની તાલીમ લેવાની શરૂઆત કરી હતી. ભાવિકા પોતાનો અનુભવ રજૂ કરતા કહે છે કે, તેણીને આ રમત - ગમત સંકુલ ખાતે સારી એવી તાલીમ મળી રહી છે. કોચ પણ અમને પૂરો સહકાર અને તાલીમ આપી રહ્યા છે. ઉપરાંત અમારી સફળતા માટે જિલ્લા રમત ગમત અધિકારી રાઠવા અમરસીંગ અને જિલ્લા રમત વિકાસ અધિકારી ઉષાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ તમામ કોચ સખત મહેનત કરી રહ્યા છે.

તેણી વધુમાં જણાવે છે કે, અહીંથી તાલીમ મેળવ્યા બાદ મે મારી સફળતાનું પગથિયું ચડવાનું શરૂ કર્યું છે. મને વર્ષ ૨૦૨૩ માં નડિયાદ ખાતે યોજાયેલ અંડર ૧૭ ની સ્કૂલ લેવલની રમતમાં પ્રથમ આવતાં ગોલ્ડ મેડલ મળ્યો હતો, એ સાથે ખેલ મહાકુંભ ૨. ૦ માં પણ મને પ્રથમ આવતાં ગોલ્ડ મેડલ મળ્યો છે. આજે મારો પરિવાર પણ મારી પ્રગતિથી ગૌરવ અનુભવે છે એ મારા માટે ખુશીની વાત છે. હું તમામ ખિલાડીઓને તેમજ ખાસ કરીને છોકરીઓએ એટલું જ કહીશ કે, પરિણામ ગમે તે આવે પરંતુ પોતાની જાતને પ્રુફ કરવા એક મોકો જરૂર આપવો જોઈએ અને પુરા વિશ્વાસથી મેદાનમાં ઉતરો. આજના સમયમાં છોકરીઓ પણ કોઈપણ રમત કે ક્ષેત્રમાં પાછી પડશે નહીં. જેથી તમે પણ બધાં ૩. ૦ ખેલ મહાકુંભમાં પુરી તાકાતથી રમો. અને આપણા પરિવાર અને વતનનું નામ રોશન કરો, એવી મારી શુભકામનાઓ આપવા સાથે ભાગ લઈ પોતાના તરફથી શ્રેષ્ઠ પ્રદર્શન કરવા અપીલ કરું છું.

# નગરાળા જી. પી. ધાનકા સંચાલિત MSW કોલેજ ખાતે એન્ટી લેપ્રસી ડે ઉજવવામાં આવ્યો





। (માહિતી) દાહોદ, તા.૧ ।

દાહોદ જિલ્લાના નગરાણા પ્રાથમિક આરોગ કેન્દ્ર હસ્તકના જી. પી. ધાનકા એમ.એસ. ડબલ્યુ. કોલેજ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ઉદય ટીલાવતના માર્ગદર્શન હેઠળ તેમજ જિલ્લા રક્તપિત અધિકારીશ્રી ડૉ. આર. ડી. પહાડિયાના અધ્યક્ષ સ્થાને એન્ટી લેપ્રસી ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

એમ.એસ.ડબલ્યુ. કોલેજના વિદ્યાર્થીઓને જિલ્લા રક્તપિત અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, રક્તત્તપિત્ત રોગના ચિન્હો-લક્ષણો જાણવા જરૂરી છે. રક્તપિત્ત જંતુજન્યક રોગ છે અને સંપૂર્ણપણે મટી શકે છે. ચામડીના રંગ અને કુમાશમાં ફેરફાર, સ્પર્શ જ્ઞાનનો અભાવ, ચામડી પર ચાઠું એ રક્તપિત્ત હોઈ શકે છે. વહેલું નિદાન, નિયમિત અને પૂરતી બહુઔષધિય સારવારથી વિકૃતિ અટકાવી શકાય છે. રક્તપિત્તગ્રસ્તોને સન્માનપૂર્વક જીવવા પ્રોત્સાહિત કરો. સમાજને ઉપયોગી બનવા તેમનો સ્વીવકાર કરો અને તેમને મદદ કરો. રક્તપિત્તનું નિદાન અને સારવાર દરેક સરકારી દવાખાના/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દરરોજ વિના મૂલ્યે કરવામાં આવે છે. આ વખતે ૨૦૨૫ ની એન્ટી લેપ્રસી ડે ની થીમ "ચાલો સૌ સાથે મળીને જાગૃતિ લાવીએ, ગેર સમજ દૂર કરીએ અને રક્તપિત - ગ્રસ્ત વ્યક્તિ વણ શોધાયેલ ન રહે તે સુનિશ્ચિત કરીએ" ની થીમ સમાજમાંથી રક્તપિત નાબુદ કરવાના અભિયાનમાં હકારાત્મક અભિગમ સાથે કુટુંબ અને દેશને રક્તપિત્ત મુકત કરવાની દિશામાં અગ્રેસર કરવા સમગ્ર દાહોદ જિલ્લામાં સઘન ઝુંબેશ યોજાશે. એ સાથે એચ. આઈ. વી. એઈડ્સ, ટીબી, હિપેટાઈટિસ વિશે પણ કોલેજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામા આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમ્યાન ડો.અલ્પના જૈન જિલ્લા રક્તપિત્ત મેડીકલ ઓફીસરશ્રી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નગરાળા મેડિકલ ઓફિસરશ્રી અને સ્ટાફ, આઈ.સી.ટી.સી. કાઉન્સેલર, એમ. પી. ધાનકાના આચાર્યશ્રી માવાભાઈ પટેલ અને MSW કોલેજના આચાર્યશ્રી રાજુભાઈ ભુરીયા દ્વારા આભાર વિધી કરી રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# કમોસમી વરસાદની આગાહીને ધ્યાને લઈ ખેડુત મિત્રોએ ધ્યાનમાં રાખવાના પગલાં

। (માહિતી) દાહોદ, તા.૧ ।

હવામાન ખાતાના પૂર્વાનુમાન અનુસાર તા.૦૩/૦૨/૨૦૨૫ થી ૦૪/૦૨/૨૦૨૫ ના રોજ જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આવા સમયે વાદળછાયા વાતાવરણને કારણે મોટા ભાગે ખેડુતો પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે. તેમ છતાં નીચે મુબજના તકેદારીનાં પગલા લેવા ખેડુતોને સંદેશ આપવામાં આવે છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકશાની થી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી. અથવા પ્લાસ્ટિક /તાડપત્રી થી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. ખાતર અને બિયારણના વિકેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિણ રાખવા એ.પી.એમ.સી. માં વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે. એ.પી.એમ.સી. માં અનાજ અને ખેત પેદાશો સુરક્ષિત રાખવા એ.પી.એમ.સી. માં વેચાણ અર્થે. આવતી પેદાશો આ દિવસે દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવા

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી તાલુકા અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક(તા.મુ) જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ) કે.વી. કે. અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર-૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, દાહોદ દ્વારા જણાવાયું છે.

# બાયોડાયવર્સિટી સંવર્ધન ક્ષેત્રે ગુજરાતની વધુ એક સિદ્ધિ કચ્છના ગુનેરી ગામના ૩૨ હેકટરથી વધુ વિસ્તારને ગુજરાતની પ્રથમ 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ' જાહેર કરાઈ



। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

પ્રવાસન અને પ્રકૃતિ ક્ષેત્ર દેશ અને વિદેશમાં આગવું સ્થાન ધરાવતા 'કચ્છ'ને વધુ એક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વન- પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તેમજ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના સતત પ્રયાસોથી કચ્છના લખપત તાલુકાના ગુનેરી ગામના ૩૨. ૭૮ હેકટર વિસ્તારને ગુજરાત બાયોડાયવર્સિટ બોર્ડ દ્વારા 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ' જાહેર કરાવામાં આવ્યો છે,જે કચ્છની વિવિધ વિશેષ ઓળખમાં વધુ એક નવું નજરાણું ઉમેરાયું છે. વધુમાં વન અને પર્યાવરણ વિભાગ અંતર્ગત ગુજરાત બાર્યોડાયવર્સિટી બોર્ડની જૈવિક વિવિધતાના સંરક્ષણ અને સંવર્ધનના મહત્વના પગલારુપે ક્ચ્છ જિલ્લાના લખપત તાલુકાના ગુનેરી ખાતે સ્થિત 'ઇંનલેન્ડ મેંગ્રૂવ ગુનેરી'' સાઈટને ગુજરાતની પ્રથમ "બાર્યોડાયવર્સિટી હેરિટેજ સાઈટ " તરીકે જાહેર કરવામાં આવી છે. મેન્ગ્રૂવ મુખ્યત્વે દરિયા કીનારે એવી જગ્યાએ જોવા મળે છે જ્યાં ૨૪ કલાકમાં એકવાર પાણી આવીને જતું રહેતું હોય, જ્યાં સતત દલદલ એટલે કે કીચડ રહેતું હોય ત્યાં જ જોવા મળે છે. પરંતુ અરબી સમુદ્રથી ૪૫ કિ.મી.ના અંતરે અને કોરી ક્રીકથી ૪ કિ.મીના અંતરે ગુનેરી ખાતે આવેલ મેંન્ગ્રૂવમાં પાણી ક્યારેય આવતું નથી કે કીચડ કે દલદલ નહી પણ સપાટ જમીન પર ૩૨.૭૮ હેક્ટર વિસ્તારમાં મેંન્ગ્રૂવ જંગલની જેમ પથરાયેલા જોવા મળે છે,જે આપોઆપ એક વિશિષ્ટતા છે.જેથી આવી એક સપાટ જમીન પર જંગલની જેમ પથરાયેલ મેન્ગ્રૂવની વિશિષ્ટ અને યુનિક જગ્યા વિશે લોકોને જાણવા મળે એ ખૂબ જરુરી છે.જેથી તેનું સંરક્ષણ અને સંવર્ધન થાય તે હેતુથી ગુજરાત બાર્યોડાયવર્સિટી બોર્ડની ભલામણને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા ક્ચ્છ જિલ્લાના લખપત તાલુકાની " ઇંનલેન્ડ મેંગ્રૂવ ગુનેરી'' સાઈટ-ને ગુજરાતની પ્રથમ " બાર્યોડાયવર્સિટી હેરિટેજ સાઈટ "-બી.એચ. એસ. તરીકે જાહેર કરવામા આવી છે.જેમાં ગુજરાત બાર્યોડાયવર્સિટી બોર્ડના મેનેજમેંટ પ્લાન થકી તેના ફ્લોરા અને ફૌનાનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવનાર છે. વધુમાં સ્થાનિકોના હક્ક અને વિશેષ અધિકારોનું સન્માન કરવામા આવશે. ઉપરાંત સ્થાનિકો,વન વિભાગના કર્મચારીઓ અને સ્થાનિક વન અને આદીવાસી પ્રજાના ક્ષમતા વર્ધન તાલીમ દ્વારા બાર્યોડાયવર્સિટીનુ સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવશે તેમ, વન અને પર્યાવરણ વિભાગના જાહેરનામામાં જણાવાયું છે.

# ગુલાબપુરાના ૫૪ વર્ષીય ખેડૂત છેલ્લા સાત વર્ષથી પ્રાકૃતિક ખેતીથી સારો આર્થિક લાભ મેળવી રહ્યા છે

## જીવનભાઇ જાદવ પ્રાકૃતિક ખેત પેદાશો વેચીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા સાથોસથ સારી વાર્ષિક આવક મેળવે છે



। (માહિતી) વડોદરા, તા.૧ ।

સાંપ્રત સમયમાં સમગ્ર રાજય અને દેશમાં લાખો ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી રહ્યા છે. ત્યારે આપણે વાત કરવાની છે વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ગુલાબપુરા(અલવા)ના ૫૪ વર્ષીય પ્રાકૃતિક કૃષિ કરતા જીવનભાઈ રાયસીંગભાઈ જાદવની.

તેઓ ૨૦૧૮થી તેમની પાંચ વીઘા જમીનમાં ગાય આધારિત કુદરતી ખેતી કરી રહ્યા છે. તેઓ ઘઉં, ચણા, વિવિધ શાકભાજી અને લસણ જેવા મસાલા ઉગાડે છે. જંતુનાશકો અને રાસાયણિક ખાતરો વિનાની ખેત પેદાશો તેઓ પોતાના ગામમાં વેચાણ કરીને સારી વાર્ષિક આવક મેળવે છે.

પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા પછી પરિવારના સ્વાસ્થ્યમાં સુધારો આવવા સાથે લાખો રૂપિયાની કમાણી થકી આર્થિક રીતે સદ્ધર પણ બન્યા છે. પોતાનું ઉદાહરણ આપીને અન્ય ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી વિશે જાગૃતિ ફેલાવે છે.

જીવનભાઈ રાયસીંગભાઈ જાદવે જણાવ્યુ હતું કે, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા સરકારના ખેતીવાડી વિભાગ અને આત્મા પ્રોજેકટના સઘન-પ્રયાસો દ્વારા આજે ખેડૂતમિત્રોને પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.હું પણ વર્ષોથી આત્મા પ્રોજેક્ટ સાથે સંકળાયેલો છું આત્મા પ્રોજેકટના અધિકારીશ્રીઓ દ્વારા પ્રાકૃતિક ખેતી અંગેની તાલીમ અને નિષ્ણાતો પાસેથી માહિતીપ્રદ સલાહ મેળવી પોતાની ખેતીમાં અમલ કરે છે, જેનાથી તેને ફાયદો થાય છે.

ગુલાબપુરા (અલવા) ના જીવનભાઈ જાદવે કહ્યું કે, ૨૦૧૮થી પોતાની પાંચ વિઘા જમીન પર જીવામૃત, બીજામૃત, આચ્છાદનનો ઉપયોગ કરી પ્રાકૃતિક ખેતી કરી રહ્યો છું. કુદરતી ખેતી ખર્ચ પણ ઘટાડે છે, જેનાથી કમાણીમાં સીધો ફાયદો થાય છે. પર્યાવરણ, માનવ સ્વાસ્થ્ય અને સ્થાનિક અર્થતંત્રો માટે તેના અસંખ્ય ફાયદાઓને કારણે તાજેતરના વર્ષોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિ લોકપ્રિય બની છે. આજે પ્રાકૃતિક ખેતી થકી તેઓ સ્વાસ્થ્યવર્ધક, પોષણક્ષમ તથા અન્ય ખેતી પદ્ધતિ કરતા પ્રાકૃતિક ખેતીમાં પાક પણ મબલખ મળી રહ્યો છે.

# પ્રાકૃતિક ખેતીમાં ખેડૂતોએ સફળતા માટે થોડો સમય ધીરજ ધરવી જરૂરી છે : ખેડૂત પ્રતાપભાઈ પગી






। (માહિતી) દાહોદ, તા.૧ ।

દાહોદ : સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા અને વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ બની છે. પ્રાકૃતિક ખેતીનો મુખ્ય આધાર સ્તંભ એવા દેશી ગાયના છાણ અને ગૌ-મુત્રમાંથી ખાતર બનાવીને પ્રાકૃતિક ખેતી કરવામાં આવે છે. ખેતી એ ભારત દેશનો મુખ્ય વ્યવસાય છે. આત્મા પ્રોજેક્ટ સહિત સરકારશ્રીના બાગાયતી તેમજ ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાથી થતા વિવિધ ફાયદાઓ અંગેની ચર્ચા - વિચારણા સહિત પ્રેક્ટિકલ દ્વારા પણ સમજ આપવામાં આવી રહી છે. સરકારશ્રીના આ વિભાગો દ્વારા તાલીમ દરમ્યાન ખેડૂતોને કુદરતી ખાતર બનાવવાની પદ્ધતિ, તેનો ઉપયોગ કરવાની રીત ઉપરાંત કુદરતી ખાતર બનાવવા માટે શેની જરૂર પડે એ વિશે વિસ્તાર પૂર્વક સમજાવવામાં આવે છે. પ્રગતિશીલ ખેડૂતો પણ પોતાના અનુભવ અન્ય ખેડૂતો સમક્ષ મૂકીને પોતાને પ્રાકૃતિક ખેતી અપનાવવાથી કઈ કઈ પ્રકારે ફાયદા થયા એ અનુભવો જણાવે છે.

અહીં વાત કરીએ છીએ, દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના રુવાબારી ગામના વતની અને વર્ષોથી પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતશ્રી પ્રતાપભાઈ પગીની. પ્રતાપભાઈ પગી અત્યારે ગલગોટાના ફૂલોની મોટેભાગે ખેતી કરી રહ્યા છે. રંગબેરંગી ગલગોટાના ફૂલોથી જાણે સુરેશભાઈનું ખેતર મહેકી ઉઠ્યું છે. ખેતરમાં પ્રવેશતાં જ સમગ્ર વાતાવરણમાં સુગંધી વડે મન પ્રસન્ન કરી મૂકે છે. એ સાથે પ્રતાપભાઈએ પોતાના ખેતરમાં સ્ટ્રોબેરીની ખેતી પણ કરી છે. જે સમગ્ર પ્રાકૃતિક ખેત પદ્ધતિના ઉપયોગથી સફળ રીતે કરી છે. જે દાહોદ જિલ્લામાં અમુક જ ખેડૂતો કરતા હોય છે. એ સાથે મેથી, રીંગણ, ઘઉં તેમજ અન્ય સીઝનલ પાક તેમજ શાકભાજી દ્વારા પોતાના પરિવાર સહિત સમાજને ચોખ્ખું તેમજ શુદ્ધ ફળો, શાકભાજી તેમજ અનાજ પૂરું પાડી રહ્યા છે.

પ્રતાપભાઈ જણાવે છે કે, પ્રાકૃતિક ખેતીને અપનાવવી ફાયદાકારક છે, તેનાથી વિપરીત રાસાયણિક ખાતર થકી ખેતીને ઘણું જ નુકસાન થાય છે. એક ખેડૂત માટે જમીન, પાક અને આવક મહત્વની હોય છે, જો જમીન ફળદ્રુપ હશે તો પાકના ઉત્પાદન સહિત ગુણવતા સારી હશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવાનો પ્રયાસ કરજો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. ઘરમાં સુધારણા લાવવાની યોજના વિશે વિચારજો. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

**સિંહ (મ,ટ) :**
આજનો દિવસ તમારા માટે આનંદથી ભરેલો રહેશે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો. આજે તમે તમારો વધુ સમય એવી ચીજો પર વિતાવી શકો છો જે તમારા માટે જરૂરી નથી.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**વૃશ્ચિક (ન,ય) :**
પરિવાર સાથે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી થોડા વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા પ્રેમની બિનજરૂરી માગણીઓ સામે ઝૂકતા નહીં.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારા મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવવાનો પ્રયાસ કરજો કેમ કે તે ગુસ્સા કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં- ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્?યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે. પ્રેમી ને આજે તમારી કંઈક વાત ખોટી લાગી શકે છે.

# નાણામંત્રી નિર્મલા સીતારમણના બજેટ ભાષણની ૧૦ મોટી વાતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ કેન્દ્રીય બજેટ રજૂ કરી દીધું છે. નાણામંત્રીએ બજેટ ભાષણમાં ખેડૂતોથી લઈને કરદાતાઓ માટે ઘણી મોટી-મોટી જાહેરાતો કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૫-૨૬માં કરદાતાઓ (ટેક્સપેયર્સ)ને મોટી રાહત આપી છે. નિર્મલા સીતારમણે જાહેરાત કરી છે કે વાર્ષિક ૧૨ લાખ સુધીની કમાણી કરનારાઓએ હવે કોઈ ટેક્સ નહીં ભરવો પડે. આ સાથે જ ખેડૂતો માટે પણ સરકારે બજેટમાં ઘણી મોટી જાહેરાતો કરી છે. ચાલો જાણીએ નાણામંત્રી નિર્મલા સીતારમણના બજેટ ભાષણની ૧૦ મોટી વાતો.



૧. નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૫-૨૬માં કરદાતાઓ (ટેક્સપેયર્સ)ને મોટી રાહત આપી છે. નિર્મલા સીતારમણે જાહેરાત કરી છે કે ૧૨ લાખ રૂપિયા સુધીની કમાણી કરનારા પર કોઈ ટેક્સ નહીં લાગે.

૨. નાણામંત્રી નિર્મલા સીતારમણે શનિવારે કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) માટે વ્યાજ સહાયતા યોજનાની મર્યાદા ૩ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરવાની જાહેરાત કરી છે. ખેડૂતો માટે મોટી જાહેરાત કરતા નાણામંત્રીએ કહ્યું કે, કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા ૩ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરવામાં આવી છે.

૩. નાણા પ્રધાન નિર્મલા સીતારમણે ખેડૂતો માટેની નવી યોજના 'પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજના'ની જાહેરાત કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે "સ ધન ધન્ય કૃષિ યોજના' અંતર્ગત ૧૦૦ જિલ્લાઓને આવરી લેવામાં આવશે, જ્યાં ઉત્પાદન ઓછું છે. સતત આઠમું બજેટ રજૂ કરતા નાણામંત્રીએ કહ્યું કે, આ યોજનાનો લાભ ૧.૭ કરોડ ખેડૂતોને મળશે.

૪. નાણામંત્રી નિર્મલા સીતારમણે શનિવારે કહ્યું કે, સરકાર આવતા અઠવાડિયે એક નવું આવકવેરા બિલ રજૂ કરશે, જેમાં "પહેલા વિશ્વાસ કરો, પછી તપાસ કરો"ના ખ્યાલને આગળ ધપાવવામાં આવશે.

૫. નાણામંત્રીએ જાહેરાત કરી કે, વીમા ક્ષેત્રમાં સીધા વિદેશી રોકાણ (FDI)ને ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવામાં આવશે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું બજેટ રજૂ કરતાં સીતારમણે કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં સરકારે કરદાતાઓની સુવિધા માટે ઘણા સુધારા લાગુ કર્યા છે, જેમાં 'ફેસલેસ' મૂલ્યાંકન પણ સામેલ છે.

૬. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ભાષણમાં જણાવ્યું છે કે, સરકાર આગામી ૩ વર્ષોમાં તમામ જિલ્લા હોસ્પિટલોમાં 'ડે કેર' કેન્સર કેન્દ્રોની સ્થાપનાની સુવિધા પ્રદાન કરશે અને આમાંથી ૨૦૦ આ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં સ્થાપિત કરવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ભાષણ દરમિયાન કહ્યું કે, ૩૬ જીવનરક્ષક દવાઓ પર ડ્યૂટી ટેક્સ સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવશે. કેન્સરની સારવાર માટેની દવાઓ સસ્તી થશે. ૬ જીવનરક્ષક દવાઓ પરની કસ્ટમ ડ્યુટી ઘટાડીને ૫ ટકા કરવામાં આવશે.

૭. આ સાથે જ નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, 'ગિગ વર્કર્સ'ને પીએમ જન આરોગ્ય યોજના (PM-JAY) હેઠળ સ્વાસ્થ્ય સુવિધાઓ પ્રદાન કરવામાં આવશે.

૮. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, દેશમાં ૧૦ હજાર મેડિકલ સીટો વધારવામાં આવશે. સરકારી શાળાઓમાં અટલ લેબ ખોલવામાં આવશે. આગામી પાંચ વર્ષમાં ૫૦ હજાર શાળાઓમાં અટલ લેબ ખોલવાની યોજના છે. નાણામંત્રીએ જાહેરાત કરી છે કે, આવતા વર્ષે મેડિકલ કોલેજો અને હોસ્પિટલોમાં ૧૦,૦૦૦ સીટો ઉમેરવામાં આવશે. તેમણે કહ્યું કે આગામી પાંચ વર્ષમાં મેડિકલની ૭૫,૦૦૦ સીટો વધુ વધારવામાં આવશે. હાલમાં દેશની મેડિકલ કોલેજોમાં કુલ ૧,૧૨,૧૧૨ MBBS સીટો છે, જેમાં પ્રવેશ (એડમિશન) માટે દર વર્ષે NEET UG પરીક્ષા લેવામાં આવે છે.

૯. સંસદમાં બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, ભારતને સમગ્ર વિશ્વમાં રમકડાનું હબ બનાવવામાં આવશે.

૧૦. બિહારના લોકોની આવક વધારવા માટે મખાના બોર્ડની રચના કરવામાં આવશે. મખાનાની માંગ ભારત અને વિદેશમાં ઝડપથી વધી રહી છે. મખાના ના ઉત્પાદન, પ્રક્રિયા, મૂલ્યવર્ધન અને માર્કેટિંગમાં સુધારો કરવા માટે બિહારમાં મખાના બોર્ડની સ્થાપના કરવામાં આવશે.

## કિસાન ક્રેડિટ કાર્ડમાં હવે પાંચ લાખ સુધીની લોન લઈ શકશો

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે દેશનું કેન્દ્રીય બજેટ રજૂ કરી રહ્યા છે. જેને લઈને સમગ્ર દેશેવાસીઓની નજર આ બજેટ પર રહેલી છે. નિર્મલા સીતારમણે બજેટની શરુઆત જ ખેડૂતો માટેની એક સ્કીમ પીએમ ધનધાન્ય યોજનાની કરી હતી. ત્યાર બાદ કિસાન ક્રેડિટ કાર્ડને લઈને મોટી જાહેરાત કરી છે. નાણામંત્રીના જણાવ્યા અનુસાર, કિસાન ક્રિડેટ કાર્ડથી લોન ૩ લાખથી વધારીને હવે ૫ લાખ કરી દીધી છે. તો વળી નાણામંત્રીએ કહ્યું કે, આસમમાં યૂરિયા સંયંત્રની સ્થાપના કરવામાં આવે. સરકારે યૂરિયાની સપ્લાઈ વધારવા માટે આસામના નામરુપ માં સંયંત્ર સ્થાપિત કરવાની જાહેરાત કરી છે. સરકારના આ નિર્ણયથી દેશભરના કરોડો ખેડૂતોને ફાયદો થશે. કિસાન ક્રેડિટ કાર્ડ સ્કીમ સરકારની એક મહત્વકાંક્ષી યોજના છે.

## બજેટમાં નરેન્દ્ર મોદી સરકારે કરદાતાઓને મોટી ભેટ આપી

### નાણામંત્રીએ જાહેરાત કરતા કહ્યું કે હવે ૧૨ લાખ રૂપિયા ની વાર્ષિક આવક પર કોઈ ટેક્સ ચૂકવવાની જરૂર નથી

**બજેટમાં મોદી સરકારે નોકરીયાત વર્ગને મોટી ભેટ આપી હતી. હવે ૧૨ લાખ રૂપિયા સુધીની કમાણી પણ કોઇ ટેક્સ લાગશે નહીં. નાણામંત્રી નિર્મલા સીતારમણે મોટી જાહેરાત કરતા કહ્યું કે હવે ૧૨ લાખ રૂપિયાની વાર્ષિક આવક પર કોઈ ટેક્સ ચૂકવવાની જરૂર નથી. આ ફેરફાર નવી ટેક્સ વ્યવસ્થા હેઠળ કરવામાં આવ્યો છે. પહેલા ૭ લાખ રૂપિયાની આવક પર કોઈ ટેક્સ ભરવો પડતો ન હતો. સ્ટાન્ડર્ડ ડિડક્શન ફક્ત ૭૫,૦૦૦ રૂપિયા રાખવામાં આવ્યું છે. હવે ૨૪ લાખ રૂપિયાની આવક પર ૩૦ ટકા ટેક્સ લાગશે. ૭૫ હજાર રૂપિયા સુધીના સ્ટાન્ડર્ડ ડિડક્શન માટે છૂટ રહેશે. ઉપરાંત, ૧૫-૨૦ લાખ રૂપિયાની આવક પર ૨૦ ટકા ટેક્સ લાગશે. ૮-૧૨ લાખ રૂપિયાની આવક પર ૧૦ ટકા આવકવેરો લાગશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં મધ્યમ વર્ગ માટે મોટી જાહેરાત કરી હતી. હવે ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં લાગે.**

**૦-૪ લાખ રૂપિયા સુધી કોઈ ટેક્સ નહીં**
**૪-૮ લાખ રૂપિયા સુધી ૫ ટકા ટેક્સ**
**૮-૧૨ લાખ રૂપિયા સુધી ૧૦ ટકા ટેક્સ**
**૧૨-૧૬ લાખ રૂપિયા સુધી ૧૫ ટકા ટેક્સ**
**૧૬-૨૦ લાખ રૂપિયા સુધી ૨૦ ટકા ટેક્સ**
**૨૦-૨૪ લાખ રૂપિયા સુધી ૨૫ ટકા ટેક્સ**
**૨૪ લાખ રૂપિયાથી વધુની રકમ પર ૩૦ ટકા ટેક્સ**
**૧૨ લાખ રૂપિયાની આવક પર શૂન્ય કર**

**નાણામંત્રી નિર્મલા સીતારમણની આ મોટી જાહેરાત બાદ મધ્યમ વર્ગને મોટી રાહત મળી છે. જો કોઈ વ્યક્તિ વાર્ષિક ૧૨ લાખ રૂપિયા સુધીની કમાણી કરે છે, તો તેને એક રૂપિયો પણ ટેક્સ ચૂકવવાની જરૂર રહેશે નહીં. પરંતુ જો તે ૧૨ લાખ રૂપિયાથી એક રૂપિયો પણ વધુ હોય, તો ટેક્સ ચૂકવવો પડશે.**

**નોંધનીય છે કે ગયા બજેટ ૨૦૨૪માં નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્ટાન્ડર્ડ ડિડક્શનની મર્યાદા વધારીને નવી કર વ્યવસ્થામાં મોટી ભેટ આપી હતી. આ મર્યાદા ૫૦ હજાર રૂપિયાથી વધારીને ૭૫ હજાર રૂપિયા કરવામાં આવી. હવે ફરી એકવાર મધ્યમ વર્ગને ભેટ આપવા માટે નવા ટેક્સ સ્લેબમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.**

## બજેટ ૨૦૨૫-૨૬: SC/ST મહિલાઓ માટે નવી સ્કીમ શરુ થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૫માં અનુસૂચિત જાતિ અને જનજાતિ વર્ગની ૫ લાખ મહિલાઓ માટે એક નવી સ્કીમની જાહેરાત કરી છે. આ સ્કીમ અંતર્ગત પહેલી વાર ઉદ્યમી બની રહેલી સમાજની મહિલાઓને ૫ વર્ષના ગાળામાં ૨ કરોડ રુપિયાનો ટર્મ લોન આપવામાં આવશે. આ સ્કીમમાં સ્ટેંડઅપ ઈંડિયા સ્કીમથી મળેલી શીખામણને પણ સામેલ કરવામાં આવશે. બિઝનેસને ઓનલાઈન કેવી રીતે આગળ વધારવો અને મેનેઝિરિયલ સ્કી્સને ડેવલપમેન્ટ કરવા માટે વર્કશોપનુ આયોજન કરવામાં આવશે. નાણામંત્રીએ કહ્યું કે, વધારે શ્રમવાળા ક્ષેત્રોમાં રોજગારના અવસર અને ઉદ્યમિતા વધારવા માટે સરકાર ખાસ પોલિસી બનાવશે. ભારતના ફુટવિયર અને લેદર સેક્ટરમાં ક્વાલિટી, પ્રોડક્ટિવિટી અને હરીફાઈને વધારવા માટે એક ફોક્સ પ્રોડક્ટ સ્કીમ લાગૂ કરવામાં આવશે.

## બજેટમાં ટીડીએસ લિમિટ વધારીને રૂ.૧ લાખ કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે તેમના બજેટ ભાષણમાં સિનિયર સિટીઝન્સ માટે મોટી રાહતની જાહેરાત કરી છે. જેમાં સિનિયર સિટીઝન્સ માટે વ્યાજની આવક પર વ્યાજ પર TDSની સીમા વધારીને ૧ લાખ કરવામાં આવી છે. સિનિયર સિટીઝન્સ માટે વ્યાજની આવક પર TDSની સીમા માટેની હાલની મર્યાદા ૫૦,૦૦૦ હતી, જે હવે બમણી કરીને ૧ લાખ કરવામાં આવી છે. આ સિવાય સરકારે જૂના નેશનલ સેવિંગ્સ સ્કીમ (NSS) ખાતાં ધરાવતા સિનિયર સિટીઝન્સ અને સુપર સિનિયર સિટીઝન્સને પણ રાહત આપી છે. જે ખાતાઓ પર હવે વ્યાજ મળતું નથી તેના પર કરવામાં આવેલો ઉપાડ ૨૯ ઓગસ્ટ, ૨૦૨૪ પછી ટેક્સ ફ્રી કરવામાં આવશે. આ ઉપરાંત નાણાંમંત્રીએ TDSના નિયમો સરળ બનાવવાની જાહેરાત કરી છે, જેથી પ્રક્રિયા સરળ બનશે. આ સાથે સરકાર આવતા અઠવાડિયે સંસદમાં નવું આવકવેરા (IT) બિલ રજૂ કરશે. આ અંગે નાણાંમંત્રીએ કહ્યું કે, 'નવું આવકવેરા બિલ હાલના કાયદા કરતાં અડધું હશે અને તેમાં સ્પષ્ટ અને સરળ ભાષાનો ઉપયોગ કરવામાં આવશે.'

## બજેટ ૨૦૨૫ : કઈ વસ્તુઓ સસ્તી બની અને શું મોંઘું થયું ?

નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા બજેટ ૨૦૨૫-૨૬ રજૂ કરવામાં આવ્યું હતું અને તેમાં જે જાહેરાતો કરવામાં આવી છે તે પ્રમાણે કેટલીક વસ્તુઓ મોંઘી બનશે જ્યારે કેટલીક વસ્તુઓ સસ્તી બનશે. સીતારમણે જે જાહેરાતો કરી છે તે પ્રમાણે જોવામાં આવે તો મોબાઈલ ફોન સસ્તા બનશે જ્યારે સોલર સેલ અને સ્માર્ટ મીટર મોંઘા બનશે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે ૨૦૨૫-૨૬ માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કર્યું અને તેમણે ઈકોનોમિક ગ્રોથને વેગ આપવા, સમાવેશી વિકાસ સુનિશ્ચિત કરવા તથા ઈન્ડસ્ટ્રીઝને ટેકો આપવા અને લોકોની લાગણીઓને ધ્યાનમાં રાખવા જેવી બાબતો પર ધ્યાન આપવામાં આવ્યું છે. આ બજેટમાં મધ્યમ વર્ગ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. તેમાં પણ મધ્યમ વર્ગના લોકોની ખરીદ શક્તિ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે જેના કારણે માંગ વધે અને ઈકોનોમીને વેગ મળે. આ બજેટમાં સીતારમણે જે જાહેરાત કરી છે તેનાથી કેટલીક વસ્તુઓ સસ્તી બનશે જ્યારે કેટલીક વસ્તીઓ મોંઘી બનશે.

કેન્દ્રીય બજેટમાં સીતારમણ દ્વારા કસ્ટમ ડ્યુટીમાં ઘટાડાની જાહેરાત કરવામાં આવતા ઈમ્પોર્ટેડ પ્રીમિયમ કાર અને મોટરસાયકલ સાથે, કેન્સર, દુર્લભ અને અન્ય ગંભીર ક્રોનિક બીમારીની સારવારમાં વપરાતી ઈમ્પોર્ટેડ જીવનરક્ષક ડ્રગ્સ અને દવાઓ સસ્તી થશે. જોકે બેઝિક કસ્ટમ ડ્યુટીમાં વધારો થવાના કારણે સંપૂર્ણ રીતે બનેલા યુનિટ તરીકે ઈમ્પોર્ટેડ ઈન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ (ટચ સ્ક્રીન) ડિસ્પ્લે અને ચોક્કસ રીતે ગૂંથેલા કાપડ જેવી કેટલીક વસ્તુઓ મોંઘી થશે.

**કઈ-કઈ વસ્તુઓ સસ્તી બનશે?**

નાણા મંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલા બજેટ પ્રમાણે મોબાઈલ ફોન, જીવનરક્ષક ડ્રગ્સ અને દવાઓ, ઈલેક્ટ્રિક વ્હિકલ્સ માટેની બેટરી, ફ્રોઝન ફિશ પેસ્ટ, વેટ બ્લૂ લેધર, કેરિયર-ગ્રેડ ઈથરનેટ સ્વિચિસ, ૧૨ ક્રિટિકલ મિનરલ્સ, LCD કે LED ટીવીના ઓપન સેલ, મરિન પ્રોડક્ટ્સ, કોબાલ્ટ પ્રોડક્ટ્સ, LED જેવી વસ્તુઓ સસ્તી બનશે. આ ઉપરાંત લિથિયમ-આયન બેરીનો સ્ક્રેપ, લીડ, ઝિંક અને વધુ ૧૨ ક્રિટિકલ મિનરલ્સ પણ સસ્તા બનશે. ૪૦,૦૦૦ ડોલરથી વધુ અથવા ૩૦૦૦ સીસીથી વધુની ક્ષમતા ધરાવતી એન્જિનવાળી ઈમ્પોર્ટેડ કાર, ઈમ્પોર્ટેડ મોટરસાયકલ, ઈલેક્ટ્રોનિક રમકડાના ભાગ, ફૂડ અને ડ્રિંક ઈન્ડસ્ટ્રીઝમાં વપરાતા સિન્થેટિક ફ્લેવરના એસેન્સ અને મિક્સચર્સ પણ સસ્તા બનશે.

**કઈ-કઈ વસ્તુઓ મોંઘી બનશે?**

કઈ-કઈ વસ્તુઓ મોંઘી બનશે તેની વાત કરીએ તો સ્માર્ટ મીટર, સોલર સેલ્સ, ઈમ્પોર્ટેડ ફૂટવેર, ઈમ્પોર્ટેડ કેન્ડલ્સ અને ટેપર્સ, ઈમ્પોર્ટેડ યાટ અને અન્ય વેસલ્સ, પીવીસી ફ્લેક્સ ફિલ્મ, પીવીસી ફ્લેક્સ શીટ, પીવીસી ફ્લેક્સ બેનર, ચોક્કસ ઈમ્પોર્ટેડ ફેબ્રિક, ઈન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ ડિસ્પ્લેસ જેવી વસ્તુઓ મોંઘી બનશે.

### વિપક્ષી નેતા રાહુલ ગાંધીની બજેટ પર પ્રતિક્રિયા

## આ બજેટ ગોળી વાગ્યા પર બેન્ડ-એઇડ લગાવવા જેવું

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું બીજું બજેટ રજૂ કર્યું છે. જેમાં મધ્યમ વર્ગને મોટી ભેટ આપતા ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર ઝીરો ઈન્કમ ટેક્સ જેવી મોટી જાહેરાત કરવામાં આવી હતી. એવામાં હવે બજેટ ૨૦૨૫ પર કોંગ્રેસ સાંસદ અને વિપક્ષી નેતા રાહુલ ગાંધીની પ્રતિક્રિયા આવી છે. બજેટ પર કટાક્ષ કરતા વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, આ ગોળીના ઘા પર બેન્ડ-એઈડ લગાવવા જેવું છે. વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે, આપણા આર્થિક સંકટને ઉકેલવા માટે મોટા ફેરફારોની જરૂર હતી. પણ આ સરકાર વિચારોની બાબતમાં નાદાર છે. કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે ઠ પર પોસ્ટ કરતા કહ્યું કે, નાણામંત્રી નિર્મલા સીતારમણે વિકાસના ચાર એન્જિન - કૃષિ, સ્જીસ્ઈ, રોકાણ અને નિકાસ વિશે વાત કરી હતી, પરંતુ બજેટ સંપૂર્ણપણે પાટા પરથી ઉતરી ગયું છે. તેમણે બીજી પોસ્ટમાં કહ્યું, "ડૉ. જ્યારે મનમોહન સિંહ વડાપ્રધાન હતા, ત્યારે આંતરરાષ્ટ્રીય કંપનીઓ પરમાણુ નુકસાની કાયદો, ૨૦૧૦ માટે સિવિલ લાયબિલિટી ઈચ્છતી હતી પરંતુ અરુણ જેટલીના નેતૃત્ત્વમાં ભાજપે આ કાયદાને નુકસાન પહોચાડ્યું હતું.

## રાષ્ટ્રપતિએ અમૃત ઉધાનનું ઉદઘાટન કર્યું





। નવી દિલ્હી, તા.૧ ।

ભારતના રાષ્ટ્રપતિ, શ્રીમતી દ્રૌપદી મુર્મુએ અમૃત ઉદ્યાન શિયાળુ વાર્ષિક આવૃત્તિ ૨૦૨૫ના ઉદઘાટનમાં હાજરી આપી હતી. અમૃત ઉદ્યાન ૨ ફેબ્રુઆરીથી ૩૦ માર્ચ, ૨૦૨૫ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. લોકો અઠવાડિયામાં છ દિવસ સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી ઉદ્યાનની મુલાકાત લઈ શકે છે, સોમવાર સિવાય, જે જાળવણીના દિવસો છે. ઉદ્યાન ૫ ફેબ્રુઆરી (દિલ્હી વિધાનસભા માટે મતદાનને કારણે), ૨૦ અને ૨૧ ફેબ્રુઆરી (રાષ્ટ્રપતિ ભવનમાં મુલાકાતીઓના સંમેલનને કારણે) અને ૧૪ માર્ચ (હોળીને કારણે) બંધ રહેશે.

અમૃત ઉદ્યાન નીચેના દિવસોમાં ખાસ શ્રેણીઓ માટે ખુલ્લું રહેશેઃ

૨૬ માર્ચ - દિવ્યાંગજન માટે, ૨૭ માર્ચ - સંરક્ષણ, અર્ધલશ્કરી અને પોલીસ દળોના કર્મચારીઓ માટે, ૨૮ માર્ચ - મહિલાઓ અને આદિવાસી મહિલા સ્વ-સહાય જૂથો માટે, ૨૯ માર્ચ - વરિષ્ઠ નાગરિકો માટે

બાગમાં બુકિંગ અને પ્રવેશ મફત છે. બુકિંગ https://visit.rashtrapatibhavan.gov.in/ પર કરી શકાય છે. વોક-ઈન એન્ટ્રી પણ ઉપલબ્ધ છે.

બધા મુલાકાતીઓ માટે પ્રવેશ અને બહાર નીકળવાનો માર્ગ રાષ્ટ્રપતિ ભવનનો ગેટ નંબર ૩૫થી રહેશે, જે ઉત્તર એવન્યુ રાષ્ટ્રપતિ ભવનને મળે છે તેની નજીક છે. મુલાકાતીઓની સુવિધા માટે, સેન્ટ્રલ સેક્રેટરીએટ મેટ્રો સ્ટેશનથી ગેટ નંબર ૩૫ સુધી શટલ બસ સેવા સવારે ૯.૩૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી દર ૩૦ મિનિટે ઉપલબ્ધ રહેશે. મુલાકાતીઓ બાળકો માટે મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ચાવીઓ, પર્સ/હેન્ડબેગ, પાણીની બોટલો અને દૂધની બોટલો લઈ જઈ શકે છે. જાહેર માર્ગ પર વિવિધ સ્થળોએ પીવાના પાણી, શૌચાલય અને પ્રાથમિક સારવાર/તબીબી સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવશે.

મુલાકાતીઓ માટેનો રૂટ બાલ વાટિકા - પ્લુમેરિયા થીમ ગાર્ડન - બોંસાઈ ગાર્ડન - સેન્ટ્રલ લૉન - લોંગ ગાર્ડન - સર્ક્યુલર ગાર્ડન હશે.

મુલાકાતીઓ ઊઈ કોડ સ્કેન કરીને કોઈપણ પ્રદર્શન વિશે વિગતવાર માહિતી મેળવી શકે છે.

આ વર્ષે ટ્યૂલિપ્સની સાથે મુલાકાતીઓ ૧૪૦ વિવિધ પ્રકારના ગુલાબ અને ૮૦ થી વધુ અન્ય ફૂલો જોઈ શકશે.

રાષ્ટ્રપતિ ભવન ૬ થી ૯ માર્ચ, ૨૦૨૫ દરમિયાન અમૃત ઉદ્યાનના ભાગ રૂપે વિવિધતા કા અમૃત મહોત્સવનું પણ આયોજન કરશે. આ વર્ષના મહોત્સવમાં દક્ષિણ ભારતનો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને અનોખી પરંપરાઓ પ્રદર્શિત થશે.

અમૃત ઉદ્યાન ઉપરાંત, લોકો અઠવાડિયામાં છ દિવસ (મંગળવારથી રવિવાર સુધી) રાષ્ટ્રપતિ ભવન અને રાષ્ટ્રપતિ ભવન મ્યુઝિયમની પણ મુલાકાત લઈ શકે છે. તેઓ ગેઝેટેડ રજાઓ સિવાય દર શનિવારે ગાર્ડ પરિવર્તન સમારોહ પણ જોઈ શકે છે. વધુ વિગતો https://visit.rashtrapatibhavan.gov.in પર ઉપલબ્ધ છે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હી વિશ્વ પુસ્તક મેળો ૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું



। નવી દિલ્હી, તા.૧ ।

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હી વિશ્વ પુસ્તક મેળો ૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે બોલતા, રાષ્ટ્રપતિએ કહ્યું કે પુસ્તકો વાંચવું એ માત્ર એક શોખ નથી; તે એક પરિવર્તનશીલ અનુભવ છે. વિવિધ ભાષાઓ અને સંસ્કૃતિઓના પુસ્તકો વાંચવાથી પ્રદેશો અને સમુદાયો વચ્ચે સેતુ બને છે. તેમને એ જાણીને આનંદ થયો કે નવી દિલ્હી વિશ્વ પુસ્તક મેળામાં ભારતની વિવિધ ભાષાઓ અને અન્ય દેશોની ભાષાઓનું પ્રતિનિધિત્વ કરતા ઘણા સ્ટોલ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પુસ્તક મેળો પુસ્તકપ્રેમીઓને એક જ જગ્યાએ વિશ્વભરના સાહિત્યનો લાભ મેળવવા સક્ષમ બનાવશે.




રાષ્ટ્રપતિએ કહ્યું કે અભ્યાસક્રમના ભાગ રૂપે નિર્ધારિત પુસ્તકો વાંચવા ઉપરાંત, શાળાના બાળકોએ વિવિધ વિષયો પર વિવિધ પ્રકારના પુસ્તકો વાંચવા જોઈએ. તેમણે કહ્યું કે તે તેમને તેમની ક્ષમતાઓ અને ક્ષમતાઓ શોધવામાં મદદ કરશે અને તેમને સારા માણસ બનવામાં મદદ કરશે. રાષ્ટ્રપતિએ દરેકને બાળકો માટે પુસ્તકોના નિર્માણ અને પ્રમોશનને વિશેષ મહત્વ આપવા વિનંતી કરી. તેમણે કહ્યું કે આપણે આપણા બાળકોમાં પુસ્તકો વાંચવાનો પ્રેમ કેળવી શકીએ છીએ તે શ્રેષ્ઠ ટેવો છે. તેમણે કહ્યું કે દરેક વડીલે તેને એક મહત્વપૂર્ણ ફરજ તરીકે સ્વીકારવી જોઈએ.

# બજેટમાં નાણાપ્રધાન નિર્મલા સિતારમણે ગુજરાતને શું આપ્યું ?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નિર્મલા સિતારમણે રજૂ કરેલા અંદાજપત્રમાં ગુજરાતના ગાંધીનગરમાં સ્થિત ગિફ્ટ સિટી માટે નવા પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યા છે. IFSC (આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર) માં નવા રોકાણોને આકર્ષવા માટે કર મુક્તિ અને અન્ય સુવિધાઓ આપવાની જાહેરાત કરાઈ છે. ગિફ્ટ સિટીમાં નવી બેંકિંગ, વીમા અને ટ્રેઝરી મેનેજમેન્ટ કંપનીઓ સ્થાપવા માટે કર લાભો વધારવામાં આવ્યા છે. ગુજરાત સહીત દેશભરના બંદરો અને લોજિસ્ટિક્સ હબને મજબૂત બનાવવા માટે "મેરીટાઈમ ડેવલપમેન્ટ ફંડ" ની જાહેરાત કરવામાં આવી છે. ૨૫,૦૦૦ કરોડનું આ ભંડોળ, લોજિસ્ટિક્સ અને બંદર માળખાગત સુવિધાને વેગ આપશે. ૧૬૦૦ કિલોમીટર લાંબા ગુજરાતના દરિયાકાંઠે આવેલા બંદરોને આંતરરાષ્ટ્રીય વેપાર અને જહાજ નિર્માણમાં વધુ સ્પર્ધાત્મક બનાવવામાં આવશે.

ગુજરાત, જે ભારતનું મુખ્ય કપાસ ઉત્પાદક રાજ્ય છે, તેને "કપાસ ઉત્પાદકતા માટે મિશન" યોજનાનો મોટો લાભ મળશે. અંદાજપત્રમાં આગામી ૫ વર્ષનું મિશન ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળા બીજ, નવીનતમ કૃષિ ટેકનોલોજી અને વધુ ઉપજ માટે સહાય પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતના કાપડ ઉદ્યોગને વધુ કાચો માલ ઉપલબ્ધ થશે, જેનાથી નિકાસ અને રોજગારમાં ભારે વધારો થશે. ગુજરાતને સૌર ઉર્જા અને ગ્રીન ઉર્જા ક્ષેત્રમાં અગ્રેસર રાખવા માટે અનેક પહેલ કરવામાં આવી છે. નવા "નવીનીકરણીય ઉર્જા ઝોન" બનાવવામાં આવશે, જેથી ગુજરાતમાં મોટા સૌર અને પવન ઉર્જા પ્લાન્ટ સ્થાપી શકાય. ભારતના "ગ્રીન હાઈડ્રોજન મિશન"નો મોટો ભાગ ગુજરાતમાં લાગુ કરવામાં આવશે, જેનાથી રાજ્યની ઉર્જા ક્ષમતા અને રોકાણમાં વધારો થશે. ગુજરાતમાં જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડેલ હેઠળ હાઈવે, રેલવે અને મેટ્રો પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવામાં આવશે. ગુજરાતના મુખ્ય શહેરોને નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP)માં સમાવવામાં આવ્યા છે. ગુજરાત સરકારને માળખાગત વિકાસ માટે વધારાની ૧.૫ લાખ કરોડની વ્યાજમુક્ત લોન મળશે.

ગુજરાતમાં સ્ટાર્ટઅપ્સ અને MSMEs ને કેન્દ્રની વિવિધ યોજનાઓ મારફતે ૧૦,૦૦૦ કરોડ સુધીની નવી નાણાકીય સહાય મળશે. ગુજરાતના સ્ટાર્ટઅપ્સને 'ડીપ ટેક ફંડ' હેઠળ AI, રોબોટિક્સ અને બ્લોકચેન ટેકનોલોજીમાં કામ કરવા માટે ભંડોળ આપવામાં આવશે.

### વીમા ક્ષેત્ર માટે બજેટમાં મોટી જાહેરાત

## FDI મર્યાદા ૭૪% થી વધારીને ૧૦૦ ટકા કરાશે

નાણામંત્રી નિર્મલા સીતારમણે વર્ષ ૨૦૨૫-૨૬ ના બજેટમાં વીમા ક્ષેત્ર માટે મોટી જાહેરાત કરી છે. સીતારમણે વીમા ક્ષેત્ર માટે FDI મર્યાદા ૭૪% થી વધારીને ૧૦૦ ટકા કરવાની વાત કરી છે. તેમણે કહ્યું કે, પેન્શન ઉત્પાદનોના નિયમનકારી સંકલન અને વિકાસ માટે એક મંચની સ્થાપના કરવામાં આવશે. KYC પ્રક્રિયાને સરળ બનાવવા માટે ૨૦૨૫ માં સુધારેલી સેન્ટ્રલ KYC રજિસ્ટ્રી શરૂ કરવામાં આવશે. નાણામંત્રીએ કહ્યું, 'આવકવેરાના મામલે એ વાત પર ભાર મૂક્યો છે કે, પહેલા વિશ્વાસ કરો, પછી તપાસ કરો. નવો આવકવેરા કાયદો આવતાં અઠવાડિયે આવી જશે. વીમા ક્ષેત્રમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ ૭૪% થી વધારીને ૧૦૦% કરવામાં આવશે.' તેના કારણે વીમા કંપનીઓ દ્વારા ગ્રાહકો પાસેથી મળતી સંપૂર્ણ પ્રીમિયમ રકમ ભારતમાં જ રોકાણ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવશે. જન વિશ્વાસ બિલ ૨.૦ હેઠળ ૧૦૦ થી વધુ જોગવાઈઓને ગુનાના દાયરામાંથી હટાવવામાં આવશે. વીમા કંપનીઓ આગામી કેન્દ્રીય બજેટમાં ખરીદદારોને કર લાભ અને પોલિસી વેચવા માટે પ્રોત્સાહનો માંગી રહી હતી. ભારતીય વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (IRDAI) પ્રમાણે દેશમાં વીમાનો વ્યાપ ૨૦૨૩-૨૪માં ૩.૭ ટકા રહેશે, જે ૨૦૨૨-૨૩માં ૪ ટકા હતો. જીવન વીમા ઉદ્યોગનો વિસ્તરણ ૨૦૨૩-૨૪ દરમિયાન પાછલા વર્ષના ૩ ટકાથી થોડો ઘટીને ૨.૮ ટકા થયો. તેમજ બિન-જીવન વીમા ઉદ્યોગના મામલે આ આંકડો ૨૦૨૩-૨૪ દરમિયાન ૨૦૨૨-૨૩ જેટલો ૧ ટકા રહ્યો હતો. અગાઉના સ્વિસ રીના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, ભારત ૨૦૨૫-૨૯ દરમિયાન સરેરાશ ૭.૩ ટકાના પ્રીમિયમ વૃદ્ધિ સાથે G-20માં અગ્રણી રહેશે અને જૂથમાં સૌથી ઝડપથી વિકસતું વીમા બજાર બનશે.

### બેંકો અને UPI લિંક્ડ ક્રેડિટ કાર્ડ્સમાંથી લોન મર્યાદા વધારીને ૩૦,૦૦૦ રૂપિયા કરવામાં આવશે

## લારી કે ફૂટપાથ પર સામાન વેચતા ૬૮ લાખ લોકોને ભેટ

નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના બજેટ ભાષણમાં જે રીતે મધ્યમ વર્ગ અને ખાસ કરીને શહેરી ગરીબોની આવક વધારવાની વાત કરી છે. આ બજેટથી લારી કે ફૂટપાથ પર સામાન વેચતા ૬૮ લાખો કામદારો માટે વરદાન સાબિત થશે. નાણામંત્રીએ તેમના બજેટ ભાષણ દરમિયાન કહ્યું હતું કે, અમારી સરકાર શહેરી કામદારોના સામાજિક-આર્થિક ઉત્થાન માટે એક યોજના લાવશે. શહેરી ગરીબોની આવકમાં વધારો થશે. સરકાર તેના પર નજર રાખી રહી છે. શહેરી કામદારો માટે એક યોજના લાવવામાં આવશે. કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, લારી કે ફૂટપાથ પર સામાન વેચતા કામદારો માટે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના ને નવું રુપ આપવામાં આવશે. જે અંતર્ગત, બેંકો અને UPI લિંક્ડ ક્રેડિટ કાર્ડ્સમાંથી લોન મર્યાદા વધારીને ૩૦,૦૦૦ રૂપિયા કરવામાં આવશે. સીતારમણે લોકસભામાં સતત આઠમું બજેટ રજૂ કરતી વખતે કહ્યું કે, આ યોજનાથી અનૌપચારિક ક્ષેત્રને ઊંચા વ્યાજ દરની લોનમાંથી રાહત આપીને ૬૮ લાખથી વધુ લારી કે ફૂટપાથ પર સામાન વેચતા લોકોને ફાયદો થયો છે. તેમણે કહ્યું, "આ સફળતાના આધારે આ યોજનામાં સુધારો કરવામાં આવશે અને બેંકો અને UPI લિંક્ડ ક્રેડિટ કાર્ડ્સમાંથી લોન મર્યાદા વધારીને ૩૦,૦૦૦ રૂપિયા કરવામાં આવશે." પીએમ સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (પીએમ-સ્વનિધિ) લારી કે ફૂટપાથ પર સામાન વેચતા લોકો માટે એક ખાસ સુવિધા છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ રજૂ કરતાં નાણામંત્રીએ કહ્યું કે, શહેરી કામદારોના સામાજિક-આર્થિક ઉત્થાન માટે એક યોજના લાગુ કરવામાં આવશે. તેમજ ઓનલાઈન પ્લેટફોર્મના મોટા કાર્યકરો નવા યુગ સેવા અર્થતંત્રને ઘણી ગતિશીલતા મળશે. તેમના યોગદાનને માન્યતા આપતાં અમારી સરકાર તેમનું ઓળખ કાર્ડ અને ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણીની વ્યવસ્થા કરશે.

### સરકારે બજેટમાં અગ્નિવીરો માટે કરી મોટી જાહેરાત

## સરકારે સંરક્ષણ બજેટમાં ૪.૭ ટકાનો વધારો કર્યો

દેશના નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કેન્દ્રીય બજેટ રજૂ કર્યું છે. આ બજેટમાં સંરક્ષણ ક્ષેત્રે મોટી જાહેરાતો કરવામાં આવી છે. સરકારે સંરક્ષણ બજેટમાં ૪.૭ ટકાનો વધારો કર્યો છે. ગયા વર્ષે સંરક્ષણ બજેટ ૪ લાખ ૫૪ હજાર ૭૭૩ કરોડ રૂપિયા હતું, જે આ વર્ષે વધીને ૪ લાખ ૯૧ હજાર ૭૩૨ કરોડ રૂપિયા થઈ ગયું છે. એટલે કે, ૩૬ હજાર ૯૫૯ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. અગ્નિવીર યોજના હેઠળ ભરતી થયેલા યુવાનો માટે પણ સરકારે મોટી જાહેરાત કરી છે. વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં સેના માટે ૯ હજાર ૪૧૪ કરોડ રૂપિયા, નેવી માટે ૭૭૨ કરોડ રૂપિયા અને એરફોર્સ માટે ૮૫૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ત્રણેય સેનાઓની અગ્નિવીર યોજનામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. એરફોર્સઃ ભારતીય વાયુસેના માટે કુલ ૫૩ હજાર ૭૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ રકમનો ઉપયોગ વાયુસેનાની જરૂરિયાતો અને આધુનિક શસ્ત્રો અને સાધનોની ખરીદી માટે કરવામાં આવશે.

નેવીઃ ભારતીય નૌકાદળને ૩૮ હજાર ૧૪૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ રકમ દરિયાઈ સુરક્ષાને મજબૂત કરવા અને નૌકાદળના વિસ્તરણ માટે હશે.

ત્રણેય સેનાઓ માટે મોટી ફાળવણી

સેનાઃ ભારતીય સેના માટે સૌથી વધુ એટલે કે ૨ લાખ ૭ હજાર ૫૨૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ રકમનો ઉપયોગ સેના માટે હથિયારો, દારૂગોળો અને અન્ય વ્યૂહાત્મક સાધનો ખરીદવા માટે કરવામાં આવશે. આ બજેટમાં સંરક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલી મોટી જાહેરાતોથી દેશની સુરક્ષા વધુ મજબૂત થશે અને ત્રણેય સેનાઓ આધુનિક શસ્ત્રો અને સાધનોથી સજ્જ થશે.

નોંધનીય છે કે, નાણામંત્રીએ સંરક્ષણ ક્ષેત્ર માટે ૬,૮૧,૨૧૦ કરોડનું બજેટ જાહેર કર્યું છે, જે ગયા વર્ષના ૬,૨૧,૯૪૦ કરોડ કરતાં ઘણું વધારે છે.

## રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ સ્ટેમ (STEM) ક્વિઝ ૩.૦ ના વિજેતાઓને સન્માનિત કર્યા



। અમદાવાદ, તા.૧ ।

રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ગુજરાત સાયન્સ સિટી ખાતે સ્ટેમ(STEM) ક્વિઝ ૩.૦ની ગ્રાન્ડ ફિનાલે યોજાઈ હતી. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધાર પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

દેશની સૌથી મોટી સ્ટેમ ક્વિઝ સ્પર્ધા એવી સ્ટેમ(STEM) ક્વિઝ ૩.૦ના વિજેતાઓને રાજ્યમંત્રી શ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને રેન્ડમ સવાલો પૂછીને ક્વિઝ પણ રમાડી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ વિષયોને સમાવતી દેશની સૌથી મોટી સ્ટેમ(STEM) ક્વિઝ સ્પર્ધામાં દેશભરમાંથી ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

ઝોનલ કક્ષાના રાઉન્ડમાં ૨૬૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્ટેમ(STEM) ક્વિઝ ૩.૦ની ગ્રાન્ડ ફિનાલેમાં ૧૦૮૦ વિદ્યાર્થીઓ સહિત કુલ ૨૦૦૦ લોકો સહભાગી થયા હતા.

સ્ટેમ(STEM) ક્વિઝ ૩.૦ના વિજેતા વિદ્યાર્થીઓને લૅપટૉપ, ટૅબલેટ, ૩ઙ-પ્રિંટર, ગુગલ છેંરૂ કિટ, ટૅલિસ્કોપ, રૉબોટિક્સ-કિટ અને ડ્રોન-કિટ સહિતના ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. સ્ટેમ(STEM) ક્વિઝ ૩.૦માં કુલ ૨ કરોડનાં ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. ગુજકોસ્ટ(GUJCOST) અને ગુજરાત સાયન્સ સિટીના સંયુક્ત ઉપક્રમે આ આયોજન કરવામાં આવ્યું હતું. ફાઈનલ રાઉન્ડમાં ટોપ ૮ ટીમો વચ્ચે સ્પર્ધા યોજાઇ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્ટેમ(STEM) ક્વિઝ ૩.૦ના ફાઈનલ સહિત અલગ અલગ રાઉન્ડના વિજેતા વિદ્યાર્થીઓને નૅશનલ ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સીટી (NFSU) ખાતે યોજાનાર STEM BootCamp સહિત ભાભા એટોમિક રીસર્ચ સૅન્ટર (BARC), ડીફેન્સ રીસર્ચ એન્ડ ડૅવલોપમેન્ટ ઑર્ગનાઈઝેશન (DRDO) તથા અમદાવાદ ખાતે આવેલ સ્પેસ એપ્લીકેશન સૅન્ટર (SAC)-ISRO જેવી દેશની વિવિધ નામાંકિત વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત લેવાની અને અત્યાધુનિક ટૅક્નોલોજીથી રૂબરૂ થવાની તક પ્રાપ્ત થશે.

### ગાંધીનગર ગિફ્ટ સિટીમાં પણ ૪૨ માળની બિલ્ડિંગ છે

## નવી બહુમાળી ઇમારતોમાં ૫ માળ પછી એક માળ 'રેફ્યુઝ એરિયા' રખાશેઃ સરકાર

**ફાયર વિભાગમાં અધિકારીઓ અને કર્મચારીઓની ભરતી અંગેનો પ્લાન રજૂ કરવા હાઇકોર્ટનો આદેશ**

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

રાજકોટ TRP ગેમ ઝોન અને ફાયર સેફ્ટીના મુદ્દે ચાલી રહેલા કેસની સુનાવણીમાં હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે ઓથોરિટીને નિર્દેશ આપ્યા છે કે આગામી સુનાવણીમાં રાજ્યના મનપા સહિતના વિસ્તારોમાં ફાયર વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ભરતીનો પ્લાન રજૂ કરવામાં આવે. ભરતી અંગેનો પ્રગતિ અહેવાલ રજૂ કરવામાં આવે. દરમિયાન કેસની સુનાવણીમાં સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે નવી હાઈરાઈઝ (બહુમાળી) ઈમારતોને હાલ ફાયર NOC આપવામાં આવી નથી. ૧૦૦ મીટર કરતાં વધુ ઊંચાઈ વાળી ઈમારતોને હજુ ફાયર NOC અપાઈ નથી. જોકે સામાન્ય રીતે આવી ઈમારતોમાં દર પાંચ માળ પછી એક માળ 'રેફ્યુઝ એરિયા' તરીકે ખાલી રાખવામાં આવે છે. જેથી કોઈ પણ પ્રકારની દુર્ઘટનાના સમયે લોકોને સરળતાથી બચાવી શકાય. ફાયર વિભાગ પાસે આટલી ઊંચી ઈમારતો સુધી પહોંચીને રેસ્ક્યૂ ઓપરેશન માટેની સીડી હોતી નથી. પરંતુ હાઈડ્રોલિક પ્લેટફોર્મ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવે છે. રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોમાં સિનિયર ફાયર ઓફિસરોની ખાલી જગ્યા અંગે પણ હાઈકોર્ટ ચિંતા વ્યક્ત કરી હતી. આ મુદ્દે વધુ સુનાવણી ૨૧મી માર્ચના રોજ યોજાશે. અગાઉની સુનાવણીમાં ફાયર વિભાગમાં ખાલી જગ્યાઓ અંગે સરકારી વકીલે જણાવ્યું હતું કે ફાયર વિભાગમાં ભરતીઓ કરાઈ રહી છે. નવા ફાયર સ્ટેશન બનાવવાની ટાઈમ લાઈન અપાઈ છે. જો કે ટાઈમ લાઈન મુજબ રાજકોટ ફાયર સ્ટેશન વર્ષ ૨૦૨૬, ભાવનગર ફાયર સ્ટેશન વર્ષ ૨૦૨૮ અને વડોદરા ફાયર સ્ટેશન વર્ષ ૨૦૨૮માં બનશે. અમદાવાદ મનપાના ફાયર વિભાગમાં ૨૦૮ તો ગાંધીનગર મનપા ફાયર વિભાગમાં ૮૧ જગ્યાઓ ખાલી છે. વધુમાં રાજ્યમાં ખાલી જગ્યાઓ પૈકી ચીફ અને એડિશનલ ફાયર ચીફ ઓફિસરની જગાઓ ખાલી છે. કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે અમદાવાદ, સુરત, બરોડા અને રાજકોટ જેવા મોટા શહેરોમાં ૧૩૦ મીટર ઊંચી બિલ્ડિંગ બાંધવા મંજૂરી અપાય છે.

## ગુજરાતના ૬૮ આઈએએસ અધિકારીઓની બદલીના આદેશ

। ગાંધીનગર, તા.૧ ।

ગુજરાતમાં વધુ એક બદલીના આદેશ અપાયા છે. રાજ્ય સરકાર દ્વારા કુલ ૬૮ IAS અધિકારીઓની બદલીઓના આદેશ આપવામાં આવ્યા છે. જેમાં વાત કરીએ તો અમદાવાદમાં નવા મ્યુનિસપલ કોર્પોરેશનના કમિશ્નર બિંછાનિધી પાની બન્યા છે. ગુજરાતના ૬૮ IASની બદલી, રાજ્યના ૪ IAS અધિકારીઓને પ્રમોશન અપાયા છે. બીજી બાજુ અમદાવાદ મનપાના કમિશ્નર બનાવાયા છે. જી હા.. અમદાવાદના નના મનપા કમિશ્નર બંછાનીધી પાનીને બનાવવામાં આવ્યા છે, જ્યારે અવંતિકા સિંઘને GACLના એમડીનો વધારાનો ચાર્જ સોંપાયો છે. એટલું જ નહીં, બીજા અનેક ધરખમ ફેરફાર કરાયા છે. રાજ્યના ૪ IAS અધિકારીઓને પણ પ્રમોશન અપાયું છે. પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે પ્રમોશન અપાયું છે. જેમાં વિનોદ રાવ, એમ થેંનારસન, અનુપમ આનંદ અને મિલિંદ તોરવણેને પ્રમોશન અપાયું છે. આઈએએસ અધિકારીઓની બદલી અને બઢતીમાં મુખ્ય સચિવની નિવૃત્તિ પછી ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે. પી સ્વરૂપ કમિશ્નર લેન્ડ રીફોર્મસમાંથી કમિશનર ઈન્ડસ્ટ્રીઝ તરીકે બદલી, મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘને ગુજરાત આલ્કલાઈનની એમડી તરીકે વધારાનો ચાર્જ સોંપાયો છે. સરસ્વતી સાધનામાં સાયકલ ભંગાર થવાના મામલે કોટેજ ઈન્ડસ્ટ્રિઝના કમિશ્નર પ્રવિણ સોલંકી સાઈડલાઈન કરાયા છે. પ્રવિણ સોલંકીને મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યુટના ડિજી તરીકે મુકાયા છે.

## ભારતીય તટરક્ષક દળના સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ મહાનિરીક્ષક ટેકુર શશી કુમારની રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત



। ગાંધીનગર, તા.૧ ।

ભારતીય તટરક્ષકના સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ ઉત્તર-પશ્ચિમ તટરક્ષક ક્ષેત્રના કમાન્ડર મહાનિરીક્ષક શ્રી ટેકુર શશીકુમારે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત લઈને તટરક્ષક દળનું સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું હતું.

તા. ૧લી ફેબ્રુઆરીએ ભારતીય તટરક્ષક દળ ૪૯ મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ પ્રસંગે તટરક્ષક દળના મહાનિરીક્ષક શ્રી ટેકુર શશીકુમારજીને શુભકામનાઓ પાઠવી હતી.

## ભારતીય ડાક વિભાગે 'પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ' ની ૧૪૧મી વર્ષગાંઠની ઉજવણી કરી, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે પોલિસી બોન્ડનું વિતરણ કર્યું

### હવે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના તમામ સ્નાતકો/ડિપ્લોમા ધારકો પણ પોસ્ટલ લાઇફ ઇન્શ્યોરન્સ મેળવી શકશે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ



। અમદાવાદ, તા.૧ ।

ભારતીય ડાક વિભાગ લાંબા સમયથી પત્રો અને પાર્સલ તેમજ જીવન વીમા ક્ષેત્રે કામ કરી રહ્યું છે. ૧ ફેબ્રુઆરી, ૧૮૮૪ ના રોજ શરૂ થયેલી, 'પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ' એ ભારતમાં સરકારી અને અર્ધ-સરકારી કર્મચારીઓ માટે સૌથી જૂની વીમા યોજના છે, જેનો લાભ હવે ખાનગી ક્ષેત્રના વ્યાવસાયિકો અને માન્ય યુનિવર્સિટી/સંસ્થાના તમામ સ્નાતકો/ડિપ્લોમા ધારકો પણ લઈ શકે છે. ઉપરોક્ત ઉદગાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ડાક જીવન વીમાના ગૌરવશાળી ૧૪૧માં વર્ષમાં પ્રવેશ કરતી વખતે, ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ અમદાવાદના હાથીજણ સ્થિત સ્વામી નારાયણ મંદિરના પરિસરમાં આયોજિત એક કાર્યક્રમમાં વ્યક્ત કર્યા. આ પ્રસંગે, તેમણે વીમાધારકોને પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસી બોન્ડ્સ આપ્યા અને તેમના સુખી ભવિષ્યની શુભેચ્છા પાઠવી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે કહ્યું કે આજના સમયમાં જીવન વીમો એ એક અનિવાર્ય જરૂરિયાત છે, સાથે જ તે બચત અને રોકાણ માટેનું એક સુરક્ષિત માધ્યમ છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં હાલ ડાક જીવન વીમા અને ગ્રામ્ય ડાક જીવન વીમાની કુલ ૩.૨૫ લાખથી વધુ પૉલિસીઓ છે. ભારતીય ડાક વિભાગ, વીમા ક્ષેત્રે પણ નવા પરિમાણો સ્થાપિત કરી રહ્યું છે. એક નવીન પહેલમાં, ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના ૬૩૭ ગામોને 'સંપૂર્ણ વીમા ગ્રામ' બનાવવામાં આવ્યા છે, જેમાં તમામ પાત્ર વ્યક્તિઓનો વીમો લેવામાં આવ્યો છે. ડાકઘરોમાં લોકોની વય અને જરૂરિયાત અનુસાર જીવન વીમાની વિવિધ યોજનાઓ ઉપલબ્ધ છે, જેમાં સુરક્ષા (સંપૂર્ણ જીવન વીમો), સંતોષ (હયાતીનો વીમો), સુવિધા, સુમંગલ, યુગલ સુરક્ષા અને ચિલ્ડ્રન પોલિસીનો સમાવેશ થાય છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે નવીનતમ ટેકનોલોજી અપનાવીને પોસ્ટલ જીવન વીમા સેવા ઓનલાઈન કરવામાં આવી છે. પૉલિસીધારકો માટે ઈ-પીએલઆઈ બૉન્ડની સુવિધા શરૂ કરવામાં આવી છે, જે ડિજીલોકર પર ઉપલબ્ધ છે. હવે ડાક વિભાગ દ્વારા પૉલિસી બૉન્ડ જારી કર્યા પછી તરત પૉલિસી બૉન્ડ ડાઉનલોડ કરી શકાય છે.



નવીનતા લાવતાં હવે જ્યાં પ્રીમિયમ ઓનલાઈન જમા કરાવવાની સુવિધા છે, ત્યારે હવે પ્રીમિયમ IPPB મોબાઈલ એપ દ્વારા પણ જમા કરાવી શકાય છે. પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ હેઠળના લાભોની ચર્ચા કરતી વખતે, શ્રી વિકાસ પાલ્વે, સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટઓફીસ, અમદાવાદ ડિવિઝનએ જણાવ્યું હતુ કે રોકાણની સલામતી પર સરકારી ગેરંટી, કલમ ૮૦ હેઠળ આવકવેરા મુક્તિ, ઓછું પ્રીમિયમ અને વધુ બોનસ, પોલિસી પર લોન સુવિધા, પ્રીમિયમ ઓનલાઈન જમા કરાવવાની સુવિધા, દેશની કોઈપણ પોસ્ટ ઓફિસમાં પ્રીમિયમ જમા કરાવવાની સુવિધા અને એડવાન્સ પ્રીમિયમ પર ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. પોલિસી પર બોનસનો દર પ્રતિ હજાર રૂપિયા ૫૨ થી રૂ. ૭૬ પ્રતિ હજાર સુધીનો છે.

સહાયક ડાક અધિક્ષક શ્રી એસ. એન. ઘોરીએ જણાવ્યું હતું કે પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ હેઠળ, દેશભરની પોસ્ટ ઓફિસોમાં ૨૦ હજારથી ૫૦ લાખ રૂપિયા સુધીનો વીમો મેળવવાની સુવિધા ઉપલબ્ધ છે.

આસિસ્ટન્ટ ડિરેક્ટર શ્રી એમ.એમ. શેખે માહિતી આપી હતી કે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં વિવિધ સ્થળોએ પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ મેળાઓનું આયોજન કરીને 'પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ ડે' ઉજવવામાં આવ્યો હતો, જેમાં લોકોને તેના વિશે જાગૃત કરવામાં આવ્યા હતા અને લોકોનો વીમો પણ લેવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સ્વામી નારાયણ વિદ્યા ધામના આચાર્ય ડૉ. આશિષ વ્યાસ, હાથીજણના કાઉન્સિલર શ્રી મૌલિક દેસાઈ, સહાયક ડાક અધિક્ષક શ્રી એસ.એન. ઘોરી, શ્રી હાર્દિક રાઠોડ, શ્રી હિતેશ પારેખ, શ્રી વિશાલ ચૌહાણ, શ્રી અલ્કેશ પરમાર, શ્રી રોનક શાહ, ઈન્સ્પેક્ટર શ્રી ભાવિન પ્રજાપતિ, બ્રાન્ચ પોસ્ટમાસ્તર શ્રી પ્રકાશભાઈ શાહ સહિત અનેક મહાનુભાવોએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી પિનલ સોલંકીએ કર્યું હતું.